પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૧-૦૨-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૫૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# લોકસભાના ૨૫૧ સાંસદો સામે ગુના નોંધાયેલા છે

## રાજકારણનાં અપરાધીકરણ મામલે એમિકસ ક્યુરીએ ૮૩ પાનાનો સુપ્રિમ કોર્ટને રિપોર્ટ સોંપ્યો : ૧૭૦ સાંસદો સામે તો ૫ વર્ષ કરતા વધુની સજા થઈ શકે તેવા ગંભીર ગુના

**નવી દિલ્હી, તા. ૧૧**

ભારતમાં લોકસભાના ૨૫૧ સાંસદો સામે ફોજદારી ગુના છે અને તે પૈકી ૧૭૦ સામે પાંચ કે તેથી વધુ વર્ષની સજા થઈ શકે તેવા ગંભીર ગુના છે. રાજકારણનાં અપરાધીકરણ મુદ્દાનો આંકડાકીય રીપોર્ટ સુપ્રિમ કોર્ટમાં પેશ કરાયો હતો અને તેમાં આ વિગતોનો ખુલાસો થયો છે.

સુપ્રિમ કોર્ટનાં જસ્ટીસ દિવાંકર દતા તથા મનમોહન સમક્ષ એમિકસ કયુરી અને સીનીયર એડવોકેટ વિજય હંસારીયાએ ૮૩ પાનાનો રીપોર્ટ રજુ કર્યો હતો.જુદી જુદી હાઈકોર્ટમાંથી ડેટા એકત્રીત કરીને આ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

કેરળના તો ૨૦ માંથી ૧૯ સાંસદો સામે ફોજદારી કેસ છે અને તેમાંથી ૧૧ સામે ગંભીર આરોપ છે. તેલંગણાનાં ૮૨ ટકા અર્થાત ૧૭ સાંસદો, ઓડીશાનાં ૨૭ માંથી ૧૬, ઝારખંડનાં ૧૪ માંથી ૧૦, તામીલનાડુના ૩૯ માંથી ૨૬ સામે ફોજદારી ગુના છે. ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહાર, કર્ણાટક તથા આંધ્રપ્રદેશનાં અર્ધોઅર્ધ લોકસભા સભ્યો સામે ફોજદારી ગુના છે.

આ સિવાય હરીયાણાનાં ૧૦ અને છતીસગઢનાં ૧૧ માંથી માત્ર ૧-૧ સાંસદ સામે ગુના છે. પંજાબનાં ૧૩ માંથી ૨, આસામનાં ૧૪ માંથી ૩, દિલ્હીના ૭ માંથી ૩, રાજસ્થાનનાં ૨૫ માંથી ૪, ગુજરાતના ૨૫ માંથી ૫, તથા મધ્યપ્રદેશનાં ૨૯ માથી ૯, સાંસદો સામે ફોજદારી ગુના નોંધાયેલા છે.

એમિકસ કયુરી વિજય હંસારીયાએ સર્વોચ્ચ અદાલતને કહ્યું કે સાંસદો-ધારાસભ્યો સહિતના રાજનેતાઓ સામેના ફોજદારી કેસો પર દેખરેખ રાખવા માટે ખાસ બેંચની રચના કરવા તમામ હાઈકોર્ટને ૨૦૨૩ માં સુપ્રિમ કોર્ટે સુચના આપી હતી. છતા અમુક રાજયોમાં તેનું પાલન થયુ નથી અને બે-બે દાયકા જેવા સમયથી રાજનેતાઓ સામેના કેસોની ટ્રાયલ પેન્ડીગ છે.

તેમણે કહ્યું કે વર્તમાન અથવા પૂર્વ ધારાસભ્યો સામે ૪૭૩૨ ક્રિમીનલ કેસોમાં ટ્રાયલ પેન્ડીગ છે તેમાંથી સૌથી વધુ ૧૧૭૧ કેસ ઉતરપ્રદેશમાં છે. ઓડીશામાં ૪૫૭, બિહારમાં ૪૪૮, મહારાષ્ટ્રમાં ૪૪૨, મધ્યપ્રદેશમાં ૩૨૬, કેરળમાં ૩૧૫, તેલંગાણામાં ૩૧૩, કર્ણાટકમાં ૨૫૫, તામીલનાડુમાં ૨૨૦, ઝારખંડમાં ૧૩૩, તથા દિલ્હીમાં ૧૨૪ કેસોમાં ટ્રાયલ પેન્ડીગ છે. ૪૭૩૨ માંથી ૮૬૩ કેસમાં વર્તમાન અથવા પૂર્વ ધારાસભ્યો સામે કલમ ૧૪૪ ભંગના છે તેમાં સૌથી વધુ ૩૦૭ હિમાચલ પ્રદેશ, ૧૭૫ બિહાર, ૧૧૨ તેલંગાણા તથા ૯૬ મહારાષ્ટ્રનાં છે.

એમિકસ કયુરી દ્વારા રાજનેતાઓ સામેના કેસોમાં સરળતાથી મુદત પડવા, આરોપીની સુનાવણીમાં ગેરહાજરી જેવી ફરીયાદ કરી હતી.જયારે સુપ્રિમ કોર્ટે એમ કહ્યું હતું કે ૨૦૨૩ નો આદેશ ત્રણ જજની બેન્ચે આપ્યો હતો. એટલે આ મુદે સમાન સંખ્યાનાં જજની બેંચની રચના કરવાનું યોગ્ય ગણાશે. ચીફ જસ્ટીસદને આ મામલો મોકલવા સુચવ્યુ હતું.

# ગ્વાટેમાલામાં મુસાફરોથી ભરેલી બસ નાળામાં ખાબકી : ૫૫નાં મોત



**ગંભીર અકસ્મતને પગલે ગ્વાટેમાલામાં રાષ્ટ્રીય શોક જાહેર**

**નવી દિલ્હી, તા. ૧૧**

મધ્ય અમેરિકામાં સ્થિત દેશ ગ્વાટેમાલાની રાજધાની ગ્વાટેમાલા સિટીમાં સોમવારે એક બસ પુલ પરથી પડી ગઈ. ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, આ અકસ્માતમાં ૫૫ લોકોનાં મોત થયા છે. મુસાફરોથી ભરેલી બસ સાન અગસ્ટિન અકાસાગુઆસ્ટલાન શહેરથી રાજધાની જઈ રહી હતી.

ફાયર બ્રિગેડના અધિકારી એડવિન વિલાગ્રાને જણાવ્યું હતું કે અકસ્માત પહેલા અનેક વાહનો એકબીજા સાથે અથડાયા હતા, ત્યારબાદ બસ લગભગ ૨૦ મીટર ઊંડા નાળામાં પડી ગઈ હતી. અકસ્માત બાદ અડધી બસ નાળામાં ડૂબી ગઈ, જેના કારણે લોકોને બહાર નીકળવાનો મોકો મળ્યો નહીં.

સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે બસમાં લગભગ ૭૦ લોકો સવાર હતા. ગ્વાટેમાલાના રાષ્ટ્રપતિ બર્નાર્ડો અરેવાલોએ દેશમાં ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો. આ સાથે, લોકોની મદદ માટે સેના અને આપત્તિ એજન્સીઓને તૈનાત કરવામાં આવી હતી.

બસ ૩૦ વર્ષ જૂની હતી ગ્વાટેમાલાના સંદેશાવ્યવહાર મંત્રી મિગુએલ એન્જલ ડિયાઝ કહે છે કે શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું છે કે બસ ૩૦ વર્ષ જૂની હતી, પરંતુ તેના કાર્યકારી લાઈસન્સ હજુ

અનુસંધાન પાના ૭ પર

# પંજાબના આપના 30 ધારાસભ્યો પાર્ટી છોડવા તૈયાર : કોંગ્રેસનો દાવો

### ચંદીગઢની બેઠકમાં આપના તમામ ૯૪ ધારાસભ્યોની હાજરી

**નવી દિલ્હી, તા. ૧૧**

CM ભગવંત માન પહોંચ્યા; બધા ધારાસભ્યોએ કહ્યું- ન તો મુખ્યમંત્રી બદલાશે, ન તો ધારાસભ્યો તુટશેદિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP)ની હાર બાદ પંજાબમાં રાજકીય ઉથલપાથલ મચી છે. પંજાબ કોંગ્રેસે દાવો કર્યો હતો કે ૩૫ ધારાસભ્યો AAP છોડવા તૈયાર છે. ૩૦ ધારાસભ્યો પણ તેમના સંપર્કમાં છે. આને ધ્યાનમાં રાખીને, AAP કન્વીનર અને પૂર્વ મુખ્યમંત્રી દિલ્હીમાં પંજાબના તમામ ૯૪ ધારાસભ્યો સાથે બંધબારણે બેઠક કરી રહ્યા છે.આ બેઠક દિલ્હીમાં પંજાબના મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાન કપૂરથલા હાઉસ ખાતે થઈ રહી છે. આ માટે ઘણા ધારાસભ્યો પહોંચી ગયા છે. સીએમ ભગવંત માન પણ ચંદીગઢથી દિલ્હી પહોંચી ગયા છે. બેઠકમાં ફક્ત તે લોકોને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે જેમના નામ ગેટ પર રહેલી યાદીમાં છે. અહી પહોંચેલા ધારાસભ્યોએ કહ્યું કે તેમને બેઠકનો એજન્ડા ખબર નથી. પરંતુ એ વાત ચોક્કસ છે કે પંજાબમાં ન તો સીએમ ભગવંત માનને બદલવામાં આવશે અને ન તો કોઈ ધારાસભ્ય તુટશે.બીજી તરફ, પંજાબ કોંગ્રેસે પણ દાવો કર્યો હતો કે કેજરીવાલ ટૂંક સમયમાં પંજાબના મુખ્યમંત્રી બની શકે છે. આ વાત પંજાબ AAPના વડા અમન અરોરાના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે કોઈપણ હિન્દુ પંજાબનો મુખ્યમંત્રી બની શકે છે. જોકે, પંજાબના AAP નેતાઓએ તેને સંગઠનની નિયમિત બેઠક ગણાવી છે.

અનુસંધાન પાના ૭ પર

# કર્ણાટક ભાજપ પ્રમુખને હટાવી દેવાની માંગ હાઈ કમાન્ડે નકારી

### ભાજપે ફરિયાદી ધારાસભ્યો અને નેતાઓનેજ નોટિસ ફટકારી

**નવી દિલ્હી, તા. ૧૧**

કર્ણાટક રાજયના કેટલાક ધારાસભ્યો અને નેતાઓએ કર્ણાટક ભાજપ અધ્યક્ષ બી.વાય. વિજયેન્દ્ર સામે અસંતોષ વ્યક્ત કર્યો છે અને તેમને પદ પરથી હટાવવાની માંગ કરી છે. જો કે, પાર્ટી હાઈકમાન્ડે તેમને હટાવવાનો ઈનકાર કરી દીધો છે અને વિજયપુરાના ધારાસભ્યને નોટિસ ફટકારી છે. વિજયેન્દ્ર પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાના પુત્ર છે.

પાર્ટી હાઈકમાન્ડે ફરિયાદ કરનારા નેતાઓને ઠપકો આપ્યો છે અને વિજયેન્દ્ર સામેની ફરિયાદો પર કાર્યવાહી કરવાનો ઈનકાર કર્યો છે. પાર્ટીએ વિજયપુરાના ધારાસભ્ય બસનાગૌડા પાટિલ યતમલને નોટિસ ફટકારીને કહ્યું કે તમે શિસ્તનું ઉલ્લંઘન કરી શકશો નહીં. નોટિસનો જવાબ ૭૨ કલાકમાં માંગવામાં આવ્યો છે.

ફરિયાદ કરનારા નેતાઓએ માંગ કરી હતી કે વિજયેન્દ્રને પાર્ટી અધ્યક્ષ પદ પરથી હટાવવામાં આવે

અનુસંધાન પાના ૭ પર



# ફ્રાન્સ-ભારત વચ્ચે એક લાખ કરોડના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કરાયા

**વડાપ્રધાન મોદીની ફ્રાન્સ યાત્રામાં મોટા સંરક્ષણ સોદાને અપાયેલી પ્રાથમિકતા**

**નવી દિલ્હી, તા. ૧૧**

દેશને ચીન-પાક સહિતના મોરચે લશ્કરી તાકાતની દ્રષ્ટિએ વધુ મજબૂત કરવા અને સૈન્યની પ્રહાર ક્ષમતા વધારવાના એક મોટા કદમમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે રૂા.૧ લાખ કરોડના સી-રાફેલ તથા સ્કોર્પીન સબમરીન સહિતના કરાર પર હસ્તાક્ષર થયા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ફ્રાન્સ યાત્રાના પ્રથમ દિવસે જ ભારત નૌકાદળ માટે ૨૬ રાફેલ મરીન ફાઈટર વિમાન ફ્રાન્સ પાસેથી ખરીદશે તથા ત્રણ સબમરીન ફ્રાન્સના સહયોગથી બોલશે. આ બન્ને કરાર પર સહી સિકકા થશે. આ બન્ને મેગાડીલથી ભારત-પાકની સંરક્ષણ ક્ષેત્રે ભાગીદારી મજબૂત થશે. ભારત ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ-મરીન ખરીદશે જે હાલના હવાઈદળના કાફલાથી વધારાનો ફાયર પાવર હશે.

આ વિમાનોમાં ૨૨ સિંગલ એન્જીન અને ૪ ડબલ એન્જીન ટ્રેઈનર રાફેલ વિમાન હશે. જેની કુલ કિંમત રૂા.૬૩૦૦૦ કરોડની હશે. આ ઉપરાંત રૂા.૩૩૫૦૦ કરોડના સોદામાં ત્રણ ડિઝલ-ઈલેકટ્રીક સ્કોર્પીન સબમરીન ફ્રાન્સના સહયોગથી મઝગાવ ડોક યાર્ડમાં નિર્માણ કરવામાં આવશે.

આ ઉપરાંત ભારત માટે અત્યંત આધુનિક ફીફથ જનરેશન ફાઈટર વિમાન પ્રોજેકટ માટે જેટ એન્જીન નિર્માણ તથા હેલીકોપ્ટર એન્જીન નિર્માણમાં પણ સહયોગની ચર્ચા આ મુલાકાત સામે થશે. ભારત માટે ૨૬ રાફેલ મરીન લડાયક વિમાન એ ખાસ દેશના વિમાનવાહક જહાજ આઈએનએફ વિક્રાંતની આવશ્યકતા મુજબ તૈયાર કરાશે.

તે આગામી ૩૭થી૬૫ માસમાં પુરા પાડવામાં આવશે. ફ્રાન્સે ભારત પાસેથી જે ૩૪ રાફેલ વિમાનો ખરીદયા છે તે તમામની ડીલીવરી થઈ ગઈ છે. ફ્રાન્સ એ રશિયા બાદ ભારતને શસ્ત્રો વિ. પુરો પાડનાર બીજો મોટો દેશ બની ગયો છે.

# તમામ અપહૃતોને મુક્ત કરવા ટ્રમ્પે હમાસને ચેતવણી આપી

### હમાસે બંધક મુકિતનું શેડયુલ પાછું ઠેલતા ટ્રમ્પની ચીમકી

**નવી દિલ્હી, તા. ૧૧**

અમેરિકામાં પ્રમુખ પદ સંભાળ્યા બાદ આક્રમક અભિગમ અપનાવનાર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ઈઝરાયેલી સહિતના અપહૃતો મુક્ત કરવા હમાસને આવરી અલ્ટીમેટમ આપતા કહ્યું હતું કે જો શનિવાર સુધીમાં તમામ બંધકો મુક્ત થશે નહી.તો તેમાં હમાસને નર્કની યાદ અપાવે તે હાલતમાં મુકી દેશે. તેઓએ એક તરફ ગાઝાપટ્ટી પર અમેરિકી કબ્જાની તૈયારી કરી છે તે વચ્ચે હવે ચેતવણી આપી છે કે જો શનિવાર બપોર સુધીમાં તમામ બંધકોને મુકત કરાશે નહી તો ઈઝરાયેલ સાથેના યુદ્ધ વિરામનો પણ અંત આવી જશે.અગાઉ હમાસના લશ્કરી પાંખના પ્રવકતા એ તા.૧૫ના જે બંધકોને મુક્ત કરવાનું શેડયુલ હતું તે અચોકકસ મુદત માટે મુલત્વી રાખવાની જાહેરાત કરી હતી. ઈઝરાયેલ હમાસ વચ્ચે નવ માસ લાંબા યુદ્ધ બાદ ગત તા.૧૯ જાન્યુઆરીએ ટ્રમ્પ સતા સંભાળે તેના કલાકો પુર્વે યુદ્ધ વિરામ થયુ હતુ જેમાં ૪૨ દિવસમાં તમામ બંધકોને મુક્ત કરવા બન્ને પક્ષોએ સંમતી દર્શાવી હતી.

# અમેરિકાની કંપની કે વિદેશી કંપની બિઝનેસ માટે લાંચ આપી શકશે

### લાંચ અંગેના કાયદાને સ્થગિત કરતા અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ

**નવી દિલ્હી, તા. ૧૧**

એક તરફ અમેરિકામાં આયાત પર ૨૫% જેવા ભારેખમ ટેરીફ લાદી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે હવે અમેરિકી કંપનીઓને વિદેશમાં વ્યાપાર કરવા કે નવો ધંધો મેળવવા માટે જે તે દેશના સરકારી સહિતના અધિકારીઓને 'લાંચ' આપવા આડકતરી મંજુરી આપી છે.

મુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી ન્યાયતંત્રના એક આદેશને હાલ સ્થગીત કર્યા છે જેમાં અમેરિકી કંપનીઓ વિદેશમાં સરકારો તથા તેના અધિકારીઓને ધંધો મેળવવા માટે લાંચ આપવા પર પ્રતિબંધ મુકતો હતો. શ્રી ટ્રમ્પે ફોરેન કરાર પ્રેકટીસ એકટ જે અડધો સદી જૂનો કાનૂન છે તેનો અમલ હાલ સ્થગીત કર્યો છે.

આ કાનૂનમાં એવી પણ જોગવાઈ હતી કે વિદેશી કંપનીઓ આ પ્રકારે અમેરિકામાં લાંચ આપશે તો તે પણ અપરાધ ગણાશે. હાલમાં જ દેશના ટોચના અદાણી ગ્રુપ પર જે રીતે અમેરિકામાં ચોકકસ કંપનીઓ તથા તેના અધિકારીઓ પર લાંચનો આરોપ છે અને ન્યુયોર્કથી અદાલતમાં તે અંગે કેસ થયો છે તેમાં અદાણીને રાહત મળી શકે છે.

શ્રી ટ્રમ્પે જણાવ્યું છે કે આ કાયદો સારો છે પણ તેનાથી દેશને નુકશાન થાય છે. વ્હાઈટ હાઉસમાં તેઓએ આ અંગે જણાવ્યું કે આ કાનૂનના કારણે ધંધો કરવો મુશ્કેલ બનાવી દીધો છે. કારણ કે તેઓ ઈચ્છતા નથી કે તેઓ કોઈને ફોનન કરે અને જેલમાં જવું પડે! આ કાનૂનો

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકમાં બે ખાનગી વિમાન સામ સામે ટકરાતા એકનું મોત

### રન-વે ઉપર પાર્ક થયેલા ખાનગી વિમાન સાથે બીજુ વિમાન અથડાયું

**નવી દિલ્હી, તા. ૧૧**

અમેરિકામાં આજે વધુ એક વિમાની દુર્ઘટના સર્જાઈ હતી. એરીઝોનાનાં સ્કોટડેલ એરપોર્ટ પર બે ખાનગી વિમાન સામસામા અથડાતા એક વ્યકિતનુ મૃત્યુ નીપજયુ હતું અને અન્ય કેટલાંક ઘાયલ થયા હતા. આ દુર્ઘટના બાદ એરપોર્ટ પર વિમાની સેવા અટકાવી દેવામાં આવી હતી.

સુત્રોના કહેવા પ્રમાણે ખાનગી જેટવિમાન રન-વે પર લેન્ડ થયુ ત્યારે પાર્ક થયેલા બીજા એક વિમાન સાથે અથડાઈ ગયુ હતું પ્રાથમીક તપાસમાં એવુ બહાર આવ્યું છે કે ઉતરાણ કરનારા વિમાનનાં લેન્ડીગ ગીયરમાં ખામી સર્જાવાના કારણે આ અકસ્માત સર્જાયો હતો.

દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત બે લોકોને તાબડતોબ ટ્રોમા સેન્ટર લઈ જવામાં આવ્યા હતા અને સમગ્ર રન-વે બંધ કરી દેવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરીકામાં છેલ્લા બે સપ્તાહમાં ત્રણ વિમાની મોટા અકસ્માતો સર્જાયા છે.૨૯ જાન્યુઆરીએ વિમાન અને હેલીકોપ્ટરની ટકકર થઈ હતી જેમાં ૬૭ લોકોનો ભોગ લેવાયો હતો.

# મહાકુંભમાં નવા ટ્રાફીક પ્લાનનો અમલ તા. ૧૩મી સુધી તમામ વાહનો પર પ્રતિબંધ

### માઘ પૂર્ણિમા સંદર્ભે વધુ ૫૨ ઉચ્ચ અધિકારીઓની પ્રયાગરાજમાં નિમણૂંક

**નવી દિલ્હી, તા. ૧૧**

મહાકુંભમાં નવો ટ્રાફિક પ્લાન-૧૩ તારીખ સુધી વાહનોને નો એન્ટ્રી:CM યોગીએ કહ્યું- કોઈ જામ ન થવો જોઈએ; ૫૨ નવા અધિકારીઓ મોકલવામાં આવ્યાઆજે મહાકુંભનો ૩૦મો દિવસ છે. ૧૩ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૪૪.૭૪ કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું છે. ૧૨ ફેબ્રુઆરીએ યોજાનાર માઘ પૂર્ણિમાના સ્નાનને ધ્યાનમાં રાખીને પ્રયાગરાજમાં નવી ટ્રાફિક વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે.

૧૦ફેબ્રુઆરીના રોજ રાત્રે ૮ વાગ્યાથી ૧૩ ફેબ્રુઆરીના રોજ સવારે ૮ વાગ્યા સુધી મેળામાં કોઈ વાહન દોડશે નહીં. ફક્ત વહીવટી અધિકારીઓના વાહનો અને આરોગ્ય વિભાગના વાહનો જ દોડશે.

સીએમ યોગી આદિત્યનાથે સોમવારે સાંજે એસટીએફ ચીફ અમિતાભ યશને ખાસ વિમાન દ્વારા પ્રયાગરાજ મોકલ્યા. ૫૨ નવા IAS, IPS અને PCS અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. દરેકને તાત્કાલિક પ્રયાગરાજ પહોંચીને ડ્યુટી જોઈન કરવા માટે કહેવામાં આવ્યું છે.

યોગીએ સોમવારે સાંજે મહાકુંભ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. યોગીએ કહ્યું- માઘ પૂર્ણિમાના દિવસે ટ્રાફિક અને ભીડ વ્યવસ્થાપનના નિયમોનો કડક અમલ થવો જોઈએ. રસ્તાઓ પર વાહનોની કતારો ન હોવી જોઈએ, કે ટ્રાફિક જામ ન હોવો જોઈએ.

તેમણે કહ્યું કે પાર્કિંગ વિસ્તારથી મેળા પરિસર સુધી શટલ બસોની સંખ્યા વધારવી જોઈએ. પાર્કિંગ જગ્યાઓનું યોગ્ય રીતે મેનેજ કરો.

અનુસંધાન પાના ૭ પર

# કાલથી ભરૂચ શુક્લ તીર્થ ખાતે બે દિવસનો ભવ્ય મહોત્સવ યોજાશે

**બે દિવસીય ઉત્સવના આયોજન અને સર્વગ્રાહી સમિક્ષા કરતા અધિક નિવાસી કલેક્ટર**

ભરૂચ, તા.૧૧

સરકારશ્રીના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ અન્વયે સુપ્રસિધ્ધ પવિત્ર યાત્રાધામ ભરૂચના શુક્લતીર્થ ખાતે આગામી ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ એમ બે દિવસીય ઉત્સવના આયોજન થનાર છે. ભરૂચ જિલ્લામાં શુકલતીર્થ ખાતે બે દિવસીય ઉત્સવનું આગોતરૂ આયોજન થનાર છે, આ હેતુસર અધિક નિવાસી કલેક્ટર શ્રી શ્રી એન આર ધાધલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, કોન્ફરન્સમાં બેઠકનું આયોજનમાં કરવામાં આવ્યું હતું. ભરૂત જિલ્લો પ્રવાસન ક્ષેત્રે બહોળી નામના ધરાવે છે. ત્યારે ભરૂચના શુકલતીર્થ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે સુચારું આયોજન અંગે મિંટીગનું આયોજન કરાયું હતું. ઉક્ત બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ ઉપસ્થિત અમલિકરણ અધિકારીઓને મેળા અંગેના આયોજન અંગે સુચારૂ વ્યવસ્થા થાય તે માટેના જરૂરી સૂચનો તથા માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.વધુમાં તેમણે લાઈઝનીંગ ડીપાર્ટમેન્ટની કામગીરી અને જરૂરી વ્યવસ્થા બાબતે સર્વગ્રાહી સમિક્ષા કરી આ ઉત્સવ ભરૂચના લોકો માટે યાદગાર બની રહે તેવા પ્રયત્નો તંત્ર કરે તેવી હાંકલ કરી હતી. આ મિંટીગમાં અમલીકરણ વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# બીલીમોરા શહેરમાં તા.૨૦મીએ વિનામૂલ્યે નેત્ર યજ્ઞનું આયોજન

**દર મહિનાના ત્રીજા ગુરુવારે યોજાય છે નેત્રયજ્ઞ**

બીલીમોરા, તા.૧૧

જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરા છેલ્લાં ૫૦ વર્ષથી માનવ કલ્યાણના કાર્યો જરૂરીયાતમંદ લાભાર્થીઓ માટે બીલીમોરા શહેર તથા આસપાસના ગણદેવી, ચીખલી, આહવા, ડાંગ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કરતું આવ્યું છે. જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરા તથા રોટરી આઈ ઈન્સ્ટીટયુટ નવસારીના ઉપક્રમે તા. ૨૦-૦૨-૨૦૨૫ને ગુરૂવારના દિવસે સવારે ૯.૦૦ કલાકથી બપોરે ૧૨.૦૦ કલાક સુધી એમ. વી. શાહ જાયન્ટ્સ હોલ, કલ્યાણ ચેમ્બર્સ, વાંકો મહોલ્લો, બીલીમોરા શહેરમાં ઉપરોકત બન્ને સેવા સંસ્થાઓના ઉપક્રમે વિનામૂલ્યે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આંખની તકલીફ ધરાવતા દર્દીઓને લીલાબેન એમ. શાહ હોસ્પિટલ નવસારીના નિષ્ણાંત ડૉક્ટરો વિનામૂલ્યે તપાસસે તથા પેરા મેડીકલ સ્ટાફ માનદ્ સેવા આપશે. મોતિયા, ઝામર તથા વેલની ખામી ધરાવતા દર્દીઓને બીલીમોરાથી નવસારી વિનામૂલ્યે વાનમાં લઈ જઈ રોટરી આઈ હોસ્પિટલમાં વિનામૂલ્યે ઓપરેશન થયા બાદ પરત બીલીમોરા મૂકી જવામાં આવશે. વિનામૂયે નેત્રયજ્ઞ પ્રોજેક્ટ કાયમી ધોરણે પ્રત્યેક મહિનાના ત્રીજા ગુરૂવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક એમ.

અનુસંધાન પાના ૭ પર

# ભરૂચમાં ૧૬મીએ રાજ્ય કક્ષાની સેફ્ટી કોન્ફરન્સનું આયોજન

**સેફ્ટી કોન્ફરન્સમાં ૧૨૦૦ જેટલા શ્રમ સુરક્ષા અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ વચ્ચે થશે સુરક્ષા સંવાદ**

સુરત, તા.૧૧

ગ્લોબલ HSE કાઉન્સિલ દ્વારા આગામી તા.૧૬મી ફેબ્રુ.ના રોજ BAPS મંદિર, ભરૂચ ખાતે રાજ્ય કક્ષાની સેફટી કોન્ફરન્સ યોજાશે. જેમાં સમગ્ર રાજયમાંથી ૧૨૦૦ જેટલા શ્રમ સુરક્ષા અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ ભાગ લેશે અને રાજયના ઉદ્યોગોમાં સુરક્ષાને વધુ અસરકારક અને અચૂક બનાવવાના ઉપાયો, પગલાઓ અંગે સંવાદ સહ વિચાર વિમર્શ કરશે.

**ગ્લોબલ એચએસઈ કાઉન્સિલ અને તેનું કાર્યક્ષેત્ર**

ગ્લોબલ HSE કાઉન્સિલ સંસ્થા ઉદ્યોગોમાં શ્રમસુરક્ષા અને પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે કાર્યરત છે. આ સંસ્થા વિવિધ તાલીમ કાર્યક્રમો, સેમિનાર અને વર્કશોપનું આયોજન કરે છે, જેનો આશય ઉદ્યોગો અને કર્મચારીઓમાં શ્રમસુરક્ષા અને પર્યાવરણીય મુદ્દાઓને પ્રાથમિકતા આપવાનો અભિગમ કેળવવાનો છે. કાઉન્સિલ ઉદ્યોગોને કાનૂની અને ટેકનિકલ માર્ગદર્શન પૂરુ પાડશે, જે શ્રમસુરક્ષા સુધારવા માટે ઉપયોગી સાબિત થશે.

ગુજરાતમાં શ્રમસુરક્ષા અને પર્યાવરણીય જોખમોને ઘટાડવા માટે ગ્લોબલ HSE કાઉન્સિલ લાંબા સમયથી મહત્વપૂર્ણ પહેલો કરી રહી છે. જે હેલ્થ, સેફ્ટી અને એન્વાયરમેન્ટ (HSE) ક્ષેત્રે કાર્યરત છે, અને જાગૃતિ તેમજ સુધારાના ઉદ્દેશ્ય સાથે વિવિધ કાર્યક્રમો અને અભિયાનોનું આયોજન કરે છે, જેની એક અગત્યની કડી આ એકદિવસીય સેફટી કોન્ફરન્સ બની રહેશે. ગ્લોબલ HSE કાઉન્સિલના નેજા હેઠળ આ પરિષદ સંસ્થાકીય ઈન્સ્ટિટ્યુશનલ પ્લેટફોર્મમાં પરિવર્તન લાવશે, જેના દ્વારા શ્રમસુરક્ષા અને પર્યાવરણીય મુદ્દાઓ પર સમજૂતી અને સહયોગ વધશે.

નોંધનીય છે કે, અગાઉ રાજયમાં સુરક્ષા પરિષદો, પરિસંવાદો અને કાર્યશાળાઓ નિયમિત યોજાતી હતી. પરંતુ કોરોના કાળના કારણે આયોજન થવાનું શક્ય બન્યું ન હતું. ૨૦૧૯ પછી પહેલીવાર રાજય કક્ષાની સુરક્ષા પરિષદ ભરૂચના આંગણે યોજાવા જઈ રહી છે, ત્યારે "TOGETHER WE LEAD THE CHANGE FOR A SAFER AND SUSTAINABLE TOMORROW - આવો સાથે મળીને સલામત અને ટકાઉ આવતીકાલ માટે જરૂરી પરિવર્તનોને આગળ ધપાવીએ" થીમ પર આયોજિત આ કોન્ફરન્સમાં સમગ્ર ગુજરાતમાંથી શ્રમસુરક્ષા અધિકારીઓ, ઉદ્યોગ

અનુસંધાન પાના ૭ પર

# ભરૂચની એસેન્ટ સ્કૂલમાં વાર્ષિક સ્પોર્ટ્સ ડે ઉજવાયો

ભરૂચ, તા.૧૧

શ્રી આદિનાથ સ્વામી એજ્યુકેશનલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત એસેન્ટ સ્કૂલ માં આજ રોજ વાર્ષિક રામોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન શ્રી કૃષ્ણસિંહ મહારાઉલજી ભરૂચ જિલ્લા સ્પોર્ટ ટ્રસ્ટ ના ટ્રેઝરર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એમના હસ્તે રમોત્સવ ને ખુલ્લો મૂકવામાં આવ્યો. શાળાના નર્સરી, જુનિયર કે.જી, સિનિયર કે.જી ના વિદ્યાર્થીઓ દ્વારા કસરત કરી શરૂ શરૂ કરવામાં આવ્યો. વિધાર્થીનીઓ દ્વારા લાઠી ની કરતબ પણ બતાવવામાં આવી. અલગ અલગ રમતો માં વિદ્યાર્થીઓ પોતાની મહેનત થકી પ્રથમ દ્રિતિય અને તૃતીય નંબર મેળવ્યા જેમને મેડલ અને સર્ટી આપી સન્માનિત કરવામાં આવ્યા. શિક્ષક અને વાલીઓ માટે પણ રમત નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી વિશાલ શાહ દ્વારા વિજેતા ને અભિનંદન અને રમત ની મહત્તા ની જાણકારી આપવામાં આવી. કાર્યક્રમ ને સફળ બનાવવામાં માં શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.



# યુપીએલ યુનિ.માં વાર્ષિક સ્પોર્ટ્સ ડેની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી

**લાંબી કૂદ, કબડ્ડી સહિતની કુલ ૨૯ રમત-ગમત સ્પર્ધા યોજાઈ**

સુરત, તા.૧૧

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી ૭મી અને ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સ્પોર્ટ્સ ડે (WINSTINCT-2025)ની ઉજવણી કરી હતી.

WINSTINCT-2025 નો ઉદ્ઘાટન સમારોહ યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડમાં ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે મુખ્ય મહેમાન સુશ્રી નેહા પૂજારા, અતિથિ વિશેષ શ્રી પ્રવિનદાન ગઢવી, યુનિવર્સિટી ના પ્રમુખ અશોક પંજવાણી તેમજ સેક્રેટરી અંગીરસ શુક્લા દ્વારા પ્રોવોસ્ટ, ડીન, વિવિધ વિભાગોના એચઓડી, શિક્ષણ/બિન-શિક્ષણ સ્ટાફ અને વિદ્યાર્થીઓની હાજરીમાં યોજાયો. કુ. નેહા પૂજારાએ ઈવેન્ટને ઓપન જાહેર કરી.

સ્પ્રિન્ટ-૧૦૦ મીટર, ૪૦૦ મીટર રિલે, શોટ પુટ બોલ, ડિસ્ક થ્રો, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, વોલીબોલ, કેરમ, બોક્સ ક્રિકેટ (છોકરીઓ માટે), ચેસ, ટગ ઓફ વોર, ફૂટબોલ, લાંબી કૂદ અને કબડ્ડીને સહિત કુલ ૨૯ રમતગમતની ઈવેન્ટનો આ WINSTINCT-2025 માં સમાવેશ કરવામાં આવ્યો હતો.

ઈજનેરી અને વિજ્ઞાન વિભાગની વિવિધ શાખાઓના સેંકડો વિદ્યાર્થીઓએ આ ઉપરોક્ત ઈવેન્ટમાં પોતાનું નામ નોંધાવ્યું છે. દર વર્ષે યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી દરેક યુવાન મનની શારીરિક તંદુરસ્તી, ટીમ વર્ક,

અનુસંધાન પાના ૭ પર

# આઈટી રીટર્ન સંદર્ભે પેન્શનરોજોગ સૂચના

સુરત, તા.૧૧

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે આવકવેરા કાયદા હેઠળ New Regime અને Old Regime એમ બે વિકલ્પ આપવામાં આવેલા છે. જે પેન્શનરો Old Regime નો વિકલ્પ સ્વીકારવા માંગતા હોય તેઓએ પેન્શન ચુકવણા કચેરી-સુરતને લેખિતમાં તા.૦૫-૦૩-૨૦૨૫ સુધીમાં વિકલ્પ આપવાનો રહેશે. જે મુજબ જે પેન્શનરો Old Regime નો વિકલ્પ પસંદ કર્યો હોય તે સિવાયના બાકીના તમામ પેન્શનરો New Regime નો વિકલ્પ સ્વીકારવા માંગે છે તેમ માનીને આવકવેરા કાયદા હેઠળ કરપાત્ર આવક પર આવકવેરાની કપાત કરવામાં આવશે તેમ શ્રેયાન તિજોરી અધિકારી-સુરતની યાદીમાં જણાવાયુ છે.

# પાટી ગામે શ્રી રામેશ્વર મહાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

**૧૧૦ વર્ષ જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો**

ખેરગામ, તા.૧૧

ખેરગામ તાલુકાના પાટી ગામે બાવીસા ફળિયામાં આવેલ શ્રી રામેશ્વર મહાદેવ મંદિર ના જીર્ણોધ્ધાર અર્થે તા-૮/૨/૨૦૨૫ થી ૧૦/૨/૨૦૨૫ સુધી ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.અત્રે ઉલ્લેખનીય છે કે લગભગ ૧૧૦ વર્ષ જૂનું આ મહાદેવ નું મંદિર જેનો જીર્ણોધ્ધાર મુખ્ય યજમાન પરિવાર અને સમસ્ત ગામ દ્વારા કરવામાં આવ્યો.

પ્રતિષ્ઠા આચાર્ય તરીકે ખેરગામ ના પ્રસિદ્ધ કર્મકાંડ આચાર્ય શૈલેષભાઈ એલ રાજ્યગુર ઉપાચાર્ય તરીકે જ્યોતિષાચાર્ય માક્ષિતભાઈ રાજયગુરુ અને કર્માચાર્ય તરીકે હિતેષભાઈ પુરોહિત દ્વારા સેવા અપાઈ હતી.પૂજન-અર્ચન કરાવતા માક્ષિતભાઈ રાજ્યગુરુ એ કહ્યું હતું કે આ ભારત દેશ જ એક એવો દેશ છે જ્યાં યંત્ર-મંત્ર અને તંત્ર આ ત્રણેય વિદ્યા નું મહત્વ છે.આપણા દેશમાં યંત્ર ની પણ પૂજા થાય છે , બ્રાહ્મણો દ્વારા મંત્ર થી ભગવાન નું આવાહન કરી મૂર્તિ માં પ્રાણ પુરવામાં આવે છે અને તંત્ર સાધના નું પણ ખુબ જ મહત્વ છે. ભગુભાઈ બાબરભાઈ પટેલ પરિવાર તથા પરભુભાઈ બાબરભાઈ પટેલ , સનમુખભાઈ ધીરુભાઈ પટેલ પરિવાર દ્વારા આ ત્રિ-દિવસીય મહોત્સવ ના મુખ્ય યજમાન પદે રહી યજ્ઞ કાર્ય સંપન્ન થયું હતું.સાથે અન્ય ભક્તો એ પણ યજ્ઞ માં લાભ લીધો હતો.આ કાર્યક્રમ ને સફળ બનાવવા ગામના યુવાન ભાઈ બહેનોએ ખુબ જ સેવા કરી હતી.મુખ્ય યજમાન પરિવાર દ્વારા સૌનો આભર વ્યક્ત કરવામાં આવ્યક હતો. અંતે મોટી સંખ્યામાં ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો.

# રાજ્ય યોગ બોર્ડ દ્વારા પાંડેસરા ખાતે યોગાસન સ્પર્ધા યોજાઈ

સુરત, તા.૧૧

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગુજરાતમાં યોગનો વ્યાપ વધારવા તેમજ યોગ દ્વારા તંદુરસ્ત જીવનશૈલીને પ્રચલિત કરવા માટે દર વર્ષે યોગાસન સ્પર્ધા યોજવામાં આવે છે, જેના ભાગરૂપે પાંડેસરામાં સવારે ૭.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા દરમિયાન યોગાસન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સુરત શહેર તેમજ તાલુકાકક્ષાએથી આવેલા યોગાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. અલગ અલગ કેટેગરીની યોગસ્પર્ધામાં કુલ ૨૫૦ યોગપ્રેમીઓ તેમજ ૩૦ યોગ ટ્રેનર્સ અને કોચએ પણ ભાગ લઈ યોગને દૈનિક જીવન શૈલીનો ભાગ બનાવવા લોકોને પ્રેરિત કર્યા હતા.

## ચોકબજારથી મંજુબહેન અમલીયાર ગુમ થયા

સુરત, તા.૧૧

ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજ ચોકબજાર વિસ્તારનાં રહે- વોટરલીલી રેસિડેન્સીની બાજુમાં ફૂલવાડી ભરીમાતા રોડ સુરત (મૂળવતન-બાસિંદ્રા તા.સેલાણા થાના રાવતી જી રતલામ મહારાષ્ટ્ર) ખાતે રહેતા ૧૭ વર્ષીય મંજુબહેન અમલીયાર ગુમ-અપહરણ થયેલ છે.જેઓ શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણ છે.જેમની ઉંચાઈ ૦૫.૦૦ફૂટ છે,જેમને શરીરે સફેદ લીલા કલરનું ફૂલની ડીઝાઈન વાળું સલવાર સુટ પહેરેલ છે.જેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ડિંડોલીથી બેબાબહેન પાટીલ ગુમ થયા છે

સુરત, તા.૧૧

ડિંડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજ ડિંડોલી વિસ્તારનાં રહે- ઘર નં ૧ જયેશ નગર,નવાગામ ડિંડોલી સુરત(મૂળગામ-દિગાવે તા-સાકરી જી-ધુલિયા મહારાષ્ટ્ર ખાતે રહેતા સાહેબરાવ કડુ પાનપાટીલ ના ૫૫વર્ષીય બેબાબહેન પાનપાટીલ ગુમ-અપહરણ થયેલ છે.જે શરીરે મધ્યમ બાંધાના રંગે શ્યામવર્ણના છે.જેની ઉચાઇ ૦૪.૦૫ફૂટ છે.જેને શરીરે લાલ કલરની સાડી તથા લાલ કલરનું બ્લાઉસ પહેરેલ છે.જેઓ ગુજરાતી અને હિન્દી ,મરાઠી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ડિંડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ગુમ થયેલ બંટી રાયની ભાળ મળે તો જાણ કરશો

સુરત, તા.૧૧

પાલ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૨/૦૧/૨૦૨૫ના રોજ પાલ વિસ્તારનાં રહે- ઘર નં ૧૫ બિલ્ડીગ નં૩૬૨ એસએમસી કોસાડ આવાસ અમરોલી સુરત(મૂળરહે-રેગારવા પોસ્ટ-ઈશરોલી થાના લાર જી-દેવારીયા ઉતરપ્રદેશ) ખાતે રહેતા ૨૫ વર્ષીય બંટીરાય કાશીરાય ગુમ-અપહણ થયેલ છે. જે શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણ છે.જેની ઉચાઇ ૦૫.૦૦ફૂટ છે. જેમણે શરીરે લીલા અને કાળા કલરનું ચેક્સ તથા કાળા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે.જેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પાલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઉત્રાણથી ૧૮ વર્ષીય ખુશીબહેન રાઠોડ લાપતા

સુરત, તા.૧૧

ઉત્રાણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ ઉત્રાણ વિસ્તારનાં રહે-ઘર નં ૧૫ ઉપલી કોલોની મોટા વરાછા સુરત ખાતે રહેતા વિજયભાઈ શંકરભાઈ રાઠોડ ની ૧૮ વર્ષીય પુત્રી ખુશીબહેન રાઠોડ ગુમ-અપહરણ થયેલ છે.જેઓ શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણ છે. જેમની ઉંચાઈ ૦૫.૦૫ફૂટ છે.જેણે શરીરે લીલા કલરનું જેકેટતથા કાળા કલરનું લેગીસ પહેરેલ છે.જેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઉત્રાણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# વેસ્ટર્ન રેલવેના જીએમ સમક્ષ વિવિધ પ્રશ્નની રજુઆત કરતા સનિલ પટેલ

**ઝેડઆરયુસીસી મેમ્બર સનિલ પટેલે અશોકકુમાર મિશ્રાને આવેદન પાઠવ્યું**

સુરત, તા.૧૧

વેસ્ટન રેલવેના ઝેડ. આર. યુ. સી. સી મેમ્બર શ્રી સનીલ પટેલ દ્વારા વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર સમક્ષ વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે માંગણી કરવામાં આવી. વેસ્ટન રેલવેના જનરલ મેનેજર શ્રી અશોકકુમાર મિશ્રા સાથે સુરત રેલ્વે સ્ટેશન ખાતે ઝેડ.આર.યુ.સી.સી મેમ્બર શ્રી સનીલ પટેલ એ મુલાકાત કરી જેમાં રેલવેના વિવિધ પ્રશ્નો ઉપર ચર્ચા કરી તે અંગે વિવિધ માંગણી અંગે આવેદનપત્ર આપ્યું.

૧ - સુરતના ઉધના રેલ્વે સ્ટેશન પર, રેલ્વે મુસાફરો માટે ઉભા રહેવાની જગ્યાનો ઉપયોગ બિનજરૂરી ટુ વ્હીલર પાર્ક કરવા માટે થાય છે. આના કારણે રેલ્વે મુસાફરોને પ્લેટફોર્મ અને તેની આસપાસના વિસ્તારોમાં આરામ કરવો પડે છે. હું તમને નમ્ર વિનંતી કરું છું કે રેલ્વે મુસાફરો માટે એક અલગ જગ્યા આપવામાં આવે.

૨ -સુરતના ઉધના રેલ્વે સ્ટેશન પર મોટી સંખ્યામાં રેલ મુસાફરો મુસાફરી કરી રહ્યા હોવાથી, ઉધના રેલ્વે સ્ટેશન પર તબીબી કટોકટી જેવી મૂળભૂત સુવિધાઓ માટે ડૉક્ટર સહિતની ટીમ પૂરી પાડવી જોઈએ.



૩ - સુરતના ઉધના રેલ્વે સ્ટેશન પર, રેલ્વે મુસાફરોને ઉધના રેલ્વે સ્ટેશનના મુખ્ય દરવાજાથી પ્લેટફોર્મ નંબર ૬ સુધી ભારે સામાન સાથે જવા માટે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આને ધ્યાનમાં રાખીને, હું તમને વિનંતી કરું છું કે રેલ્વે મુસાફરોના હિતમાં ઉધના રેલ્વે સ્ટેશન પર લિફ્ટ અને એસ્કેલેટર જેવી મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં આવે.

અનુસંધાન પાના ૭ પર



# ગુગલ મેપ અંગે નમ્રતાગ્રીન ફાઉન્ડેશન દ્વારા રજૂઆત

રાજકોટ, તા.૧૧

નમ્રતાગ્રીન ફાઉન્ડેશનએ ગુગલ મેપ ના કારણે થતા મોત ને અટકવવા મેયર દ્વારા કેન્દ્ર સરકારના મંત્રીશ્રી અશ્વિની વૈષ્નવ સાહેબ તથા પ્રધાન મંત્રીશ્રી ને રજુવાત કરવામાં આવી ગૂગલ મેપ રોજ ને રોજ અનેક લોકો ના મોત નું કારણ બની રહી છે અને અનેક લોકો ના મોત થઈ રહ્યા છે જેને ધ્યાનમાં લઈને નમ્રતાગ્રીન ફાઉન્ડેશનએ રાજકોટ ના મેયર દ્વારા ભારત સરકાર ના મંત્રીશ્રી અશ્વિની વૈષ્નવ સાહેબ તથા ભારત પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ને મેયર દ્વારા આવેદન પત્ર સંસ્થા ના પ્રમુખ કમલેશભાઈ પાટડીયા એ પાઠવ્યું હતું

# જંગલ મોડલ આધારિત પ્રાકૃતિક ખેતીમાં વધુ પાક અને આવક ડબલ

સુરત, તા.૧૧

રાસાયણિક દવા અને યુરિયા ખાતરની ખર્ચાળ ખેતીને તિલાંજલિ આપીને ખેડૂતો હવે મોટી સંખ્યામાં પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યાં છે, ત્યારે સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના ઘોડબાર ગામના આદિવાસી ખેડૂત હર્ષદભાઈ ભુલજીભાઈ ચૌધરીએ પ્રાકૃતિક ખેતીમાં પણ એક કદમ આગળ વધીને જંગલ મોડલ આધારિત પ્રાકૃતિક ખેતી શરૂ કરીને સફળતા મેળવી છે. રાસાયણિક દવા, ખેડ અને ખાતર વગરની પ્રાકૃતિક ખેતી કરનાર હર્ષદભાઈએ સૌપ્રથમ એક એકર જમીનમાં પ્રયોગ કરી ધાર્યું પરિણામ મેળવ્યું છે, ત્યારબાદ સતત સાત વર્ષથી જંગલ મોડેલ આધારિત ખેતી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. આ પદ્ધતિથી તેઓ નજીવા ખર્ચમાં ત્રણ વીઘા જમીનમાં ૧૫થી વધુ પ્રકારના પાકોનું ઉત્પાદન લઈને વાર્ષિક રૂ.૨.૫૦ લાખનો ચોખ્ખો નફો મેળવી રહ્યા છે.

પ્રાકૃતિક ખેતીથી સારો પાક, વધુ ઉત્પાદન અને વધુ આવક મળતા હર્ષ સાથે ખેડૂત હર્ષદભાઈ ચૌધરીએ જણાવ્યું કે, નાનપણથી જ ખેતી પ્રત્યે લગાવ રહ્યો છે, જેમાં શાકભાજીની ખેતીમાં વધુ રસ હતો અને શાકભાજીની માવજત જાતે જ કરતો. ધો.૯ સુધી અભ્યાસ કરી પિતા સાથે ખેતીકામમાં જોડાઈ ગયો. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં ખેતીને લગતી વિવિધ શિબિરોમાંથી પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન મેળવ્યું. આત્મા પ્રોજેક્ટની શિબિરથી પ્રાકૃતિક ખેતીની પ્રેરણા મળી અને ૨૦૧૯માં ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી.



હર્ષદભાઈ વધુમાં જણાવે છે કે,પહેલા રાસાયણિક ખેતી ખર્ચાળ અને સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાથી જંગલ મોડેલ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો. જેમાં કોઈ ખેડ કર્યા વગર ખેતી કરવાની શરૂઆત કરી. આ ખેતીમાં બધા પાક એક સાથે વાવવાના હોય છે. જેથી મેં અનાજ, કઠોળ, શાકભાજી, ફ્રૂટ સહિતના એકસામટા ૧૫ થી ૨૦ પાક વાવ્યા છે. ફ્રૂટની ખેતીમાં દાડમ, ચીકુ, જામફળ, સીતાફળની સાથે શાકભાજીનું વાવેતર કર્યું છે. જુવાર, બાજરી, મકાઈ જેવા અનાજનું પણ વાવેતર પ્રગતિમાં છે. સાથે ચોળી, મગ, અડદ જેવા કઠોળ પાક પણ છે. સામૂહિક પાકના કારણે ઉત્પાદન ખર્ચ ઓછો અને પ્રાકૃતિક ખેતપદ્ધતિના કારણે ઉત્પાદન પણ વધુ મળી રહ્યું છે.

તેઓ કહે છે કે, પ્રાકૃતિક કૃષિમાં થોડી વધુ મહેનત રહે છે, તેની સામે ખેતી ખર્ચ નહિવત હોય છે. આ ખેતીના કારણે મહત્તમ અને બમણું ઉત્પાદન મળે છે, પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યને રક્ષણ

અનુસંધાન પાના ૭ પર

**ઘોડબાર ગામના પ્રગતિશીલ ખેડૂતે ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતીમાં મેળવી સફળતા**

# બાળકોમાં પણ હૃદયની સમસ્યા હોઈ શકે

આજના સમયમાં હૃદયરોગ વિશ્વભરમાં મૃત્યુના મુખ્ય કારણોમાંથી એક છે તે આપણે સહુ જાણીએ છીએ. હંમેશાં એવું મનાતું આવ્યું છે કે હૃદયરોગ તો વયસ્કોને જ થાય- યુવાનને કે બાળકને ન થાય. જોકે, છેલ્લાં કેટલાંક વર્ષોથી એવું જોવા-સાંભળવા પણ મળ્યું છે કે નાની ઉંમરે પણ હૃદયરોગથી મૃત્યુ થાય છે.

આ એક ચિંતાનો વિષય છે. આપણે યુવાનો અને બાળકોમાં થતાં હૃદયરોગ વિશે માહિતગાર થવું જોઈએ. હૃદય સંબંધિત અનેકવિધ રોગ હવે બાળકોને પણ પજવી રહ્યા છે. જો કોઈના પરિવારમાં માતા-પિતા કે અન્ય સભ્યને હૃદયરોગ હોય તો સંતાનને પણ હૃદયરોગ થવાની શક્યતા રહે છે. કેટલાક બાળકને તો જન્મથી જ હૃદય સંબંધિત બીમારી હોય છે. એ ‘કોન્જેનિટલ હાર્ટ ડિસીઝ’ (જન્મજાત હૃદય રોગ) તરીકે ઓળખાય છે. આવાં બાળક માતાના ગર્ભમાંથી હૃદયની ખામી સાથે જન્મે છે. જે બાળકને જન્મથી જ હૃદયરોગ હોય તે સ્થિતિ સુધારી શકાય છે. નિષ્ણાતો કહે છે કે, આવી સ્થિતિમાં યોગ્ય સમયે સારવાર શરૂ કરવાથી આ રોગને ઘણી હદ સુધી ઘટાડીશકાય છે.બાળક કેટલા પ્રકારના હૃદયરોગથી પીડાય છે?

જન્મજાત હૃદયરોગ (કોન્જેનિટલ હાર્ટ ડિસીઝ) : બાળકને જન્મથી જ હૃદયની ખામી હોય ત્યારે તેને જન્મજાત હૃદયરોગ કહેવાય છે. આ વિકૃતિને કારણે, બાળકના હૃદયના વાલ્વ અને નસ પ્રભાવિત થાય છે. આ રોગમાં બાળકના શરીરમાં લોહીનો પ્રવાહ ખોરવાઈ જાય છે, પરંતુ આ સમસ્યાનો ઈલાજ છે.

એથરોસ્ક્લેરોસિસ : એથરોસ્ક્લેરોસિસને કારણે બાળકોના હૃદયની નસો સંકોચાવા લાગે છે. આ સાથે એ સખત થવા લાગે છે. આ બીમારીને અવગણવી ખતરનાક બની શકે છે. હૃદય સંબંધિત આ સમસ્યા બાળકના મગજને પણ નુકસાન પહોંચાડે છે.



અનિયમિત ધબકારા (એરિથમિયા) : આ સ્થિતિમાં બાળકોનું હૃદય સામાન્ય કરતાં અનિયમિત રીતે ધબકવા લાગે છે. આવી સ્થિતિમાં લોહીનો પ્રવાહ પ્રભાવિત થાય છે અને હૃદયમાં લોહીનો પ્રવાહ બાધિત થવા લાગે છે. આ સમસ્યામાં બાળકને થાક, નબળાઈ અને ચક્કર આવે છે. આ રોગમાં બાળકના હૃદયના ધબકારા ક્યારેક ઝડપી તો ક્યારેક ધીમા થઈ જાય છે.કાવાસાકી રોગ : કાવાસાકી રોગ દુર્લભ રોગોની યાદીમાં સામેલ છે. કાવાસાકી રોગ (કેડી), જેને કાવાસાકી સિન્ડ્રોમ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે હૃદય અને રક્ત વાહિનીઓને નુકસાન પહોંચાડી શકે છે. મોટે ભાગે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકમાં જોવા મળે છે.

છોકરીઓ કરતાં છોકરાઓને વધુ અસર કરે છે. કેડીનું કારણ જાણી શકાયું નથી. આ રોગમાં બાળકને હાથ, પગ, હોઠ, મોં અને ગળાની નસોમાં સોજો આવી શકે છે. આવી સ્થિતિમાં બાળકોને તાવ આવવાની શક્યતા વધી જાય છે. રક્તવાહિનીમાં સોજાને કારણે હૃદયની પમ્પિંગ (દબાણ સાથે લોહીનો પ્રવાહ વહેતો રાખવાની) ક્રિયામાં અવરોધ ઊભો થાય છે. તેને કારણે હૃદય ફાટી શકે છે, જેને કોરોનરી ધમનીનું વિસ્તરણ અને ‘એન્યુરિઝ્મ્સ’ કહે છે.

હૃદયનો ગણગણાટ (હાર્ટ મર્મર્સ) : આ સમસ્યામાં બાળકનું હૃદય પમ્પિંગ કરતી વખતે સામાન્ય કરતાં વધુ અવાજ કરે છે. જોકે તેનાથી કોઈ સમસ્યા થતી નથી, પરંતુ તેનાથી હૃદય સંબંધિત અન્ય ઘણી બીમારીની શક્યતા વધી જાય છે. બાળકોમાં ચિંતાજનક ગણગણાટ સામાન્ય રીતે જન્મ સમયે હૃદયની રચનાની સમસ્યાને કારણે હોય છે. તેના કારણોમાં હૃદયમાં કાણું હોવું અને ‘કાર્ડિયાક શન્ટ્સ’ (હૃદયની ચેમ્બર અથવા રક્તવાહિનીઓ વચ્ચે અનિયમિત રક્ત પ્રવાહ) સામેલ છે. નિર્દોષ હૃદયનો ગણગણાટ સમય જતાં દૂર થઈ શકે છે. કેટલીક વાર ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સર્જ્યા વિના હૃદયનો ગણગણાટ જીવનભર ચાલુ રહે છે.

સંધિવા હૃદય રોગ (રહ્યુમેટીક હાર્ટ ડિસીઝ) : સંધિવા હૃદયરોગ એવી સ્થિતિ છે, જેમાં સંધિવા તાવથી હૃદયના વાલ્વને કાયમી નુકસાન થયું હોય. સ્ટ્રેપ્ટોકોકસ બેક્ટેરિયાના કારણે ગળામાં દુખાવો અને સ્કારલેટ તાવ જેવી સ્થિતિ આ પ્રકારના હૃદય રોગ તરફ દોરી જાય છે. આ રોગ બાળકના હૃદયના વાલ્વ અને હૃદયના સ્નાયુઓને કાયમ માટે નુકસાન પહોંચાડી શકે છે. સંધિવા તાવ પાંચથી ૧૫ વર્ષની વયના બાળકમાં વધુ જોવા મળે છે. ખાસ કરીને જે બાળકને વારંવાર ગળામાં બેક્ટેરિયલ ઈન્ફેક્શન થતાં હોય તેમને જોખમ વધી જાય છે.આમ બાળકોમાં બહારથી સામાન્ય લાગતા બિનજોખમી લક્ષણો પ્રત્યે બેદરકાર ન રહેતાં, તેની યોગ્ય તપાસ કરાવીને બાળકોને આપણે ઘાતક બીમારીથી બચાવી શકીએ છીએ. ખાસ કરીને બાળકો પોતાને થતી તકલીફને યોગ્ય રીતે વર્ણવી શકતા ન હોવાથી આપણે એમની વિશેષ કાળજી લેવી જરૂરી છે.





# માનવ માટે અમૃત સમા ગણાય છે બરી

તંદુરસ્ત માનવ જીવન ઈશ્ર્વરનું વરદાન ગણાય છે. શરીરની નિયમિત કાળજી કરવી પ્રત્યેક વ્યક્તિના વિચારો ઉપર નિર્ભર કરે છે. હાલમાં અનેક વ્યક્તિ સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ જોવા મળે છે. તેઓ આરોગ્ય સદાબહાર જળવાઈ રહે તે માટે ભારતીય પ્રાચીન ભોજન વ્યવસ્થાને અપનાવવા લાગ્યા છે. ભારતની વિસરાઈ ગયેલી કે ફક્ત ગામડાંમાં ખવાતી મીઠાઈને શહેરીજનો ઉત્સાહપૂર્વક અપનાવવા લાગ્યા છે. જેમાં ‘બરી’નો સમાવેશ થાય છે. એક સમય હતો કે જ્યારે બરી ખાવાની ઈચ્છા થાય ત્યારે દાદી-નાની ઘરે દૂધ પહોંચાડતા દૂધવાળા ભૈયાજીને અગાઉથી કહેતાં. ‘બરી’, ‘ખરવસ’ કે ખીસ’ તરીકે જાણીતી આ મીઠી વાનગીથી શહેરી યુવાવર્ગ કદાચ અપરિચિત હોઈ શકે. ચાલો, તો આજે જાણી લઈએ નાના-મોટા બધા જ માટે

**વરદાન સમાન ગણાતી બરીના સ્વાસ્થ્યવર્ધક ગુણો વિશે :**

જેમ બાળકના જન્મ બાદ માતાનું પ્રથમ દૂધ બાળકના સંપૂર્ણ વિકાસ માટે અત્યંત ગુણકારી ગણાય છે . ગાય-ભેંસના વિયાવ્યા બાદ વાંછરડાનો જન્મ થાય છે. ત્યારબાદ જે પ્રથમ દૂધ ગાય-ભેંસના આંચળમાં બને છે, તે અત્યંત ફાયદાકારક હોય છે. તેનું મુખ્ય કારણ છે પ્રથમ દૂધમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા ઍન્ટિ બૉડીનું પ્રમાણ વધુ હોય છે. જે બૅક્ટેરિયા તથા વાયરલ સંક્રમણથી બચાવે છે. પાચનતંત્રને મજબૂત બનાવવા માટે ગુણકારી ગણાય છે. આ દૂધને અંગ્રેજીમાં ‘કૉલોસ્ટ્રોમ મિલ્ક’ કહેવામાં આવે છે.

આપણે બધા જ જાણીએ છીએ કે ગાયનું દૂધ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. બરી કે ખીસ તરીકે ગાયની પ્રસૂતિ બાદ જે પ્રથમ દૂધ બને છે, તે વિશેષ ગુણકારી ગણાય છે. તેનું મુખ્ય કારણ આ દૂધમાં પ્રોટીન, મૈગ્નેશિયમ, વિટામિન તથા ખનીજ સમાયેલું છે. વળી તેમાં લેક્ટોફેરિન હોય છે, જે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં અત્યંત ઉપયોગી બને છે. બરીનો આહારમાં ઉપયોગ નાના બાળકો માટે અત્યંત લાભદાયક ગણાય છે.

**બરીના સ્વાસ્થ્યવર્ધક લાભ :**

અતિસારની તકલીફમાં લાભદાયક : બરીને પાચનતંત્ર માટે અત્યંત લાભકારી ગણવામાં આવે છે. પેટને લગતી સમસ્યાથી બચાવે છે. વારંવાર અતિસારની તકલીફ રહ્યા કરતી હોય તેમને માટે બરીનો આહારમાં સમાવેશ અત્યંત ફાયદાકારક બને છે. કેમ કે આ દૂધમાં ઍન્ટિબોડી તથા પ્રોટીન પ્રચુર માત્રામાં સમાયેલું હોય છે. જે ઝાડાની સમસ્યાને કાયમ માટે દૂર કરવામાં મદદ કરે છે.

**શરીરના અંગોનો યોગ્ય વિકાસ જોવા મળે છે :**

બરીનું સેવન કરવાથી શરીરમાં યોગ્ય પ્રમાણમાં પ્રોટીન, તેમજ આવશ્યક પોષક તત્ત્વો મળી રહે છે. બાળકોને બરીનું સેવન કરાવવાથી તેમનો શારીરિક તથા માનસિક વિકાસ વધુ સારી રીતે થાય છે. ‘બરી’નો સૌથી વધુ ઉપયોગ મહારાષ્ટ્રમાં થાય છે. શુદ્ધ બરી ખાવી હોય તો દૂધની ડેરીનો સંપર્ક કરવો હિતાવહ છે. મુંબઈ જેવા શહેરમાં તો રેકડીમાં સરળતાથી મળી રહે છે. ઑનલાઈન માર્કેટમાં બરી માટેનું ખાસ દૂધ મળવા લાગ્યું છે. ઘરે બનાવીને ખાઈ શકાય તે માટે બરીનો ખાસ પાઉડર મળવા લાગ્યો છે. તેનો ભાવ ૯૦૦ રૂપિયાથી ૧ હજાર રૂપિયે પ્રતિ કિલોનો હોય છે. તાજી મળતી બરીની સાથે ખાસ લખાણ લખેલું હોય છે કે ‘વાછંરડાને પૂરતું દૂધ આપ્યા બાદ વધેલાં દૂધનો બરી બનાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.’ મહારાષ્ટ્રીયન વાનગી પીરસતી વિવિધ રેસ્ટોરાંમાં જઈને શુદ્ધ ‘ખરવસ’નું સેવન કરી શકાય છે. સરળ રીતે બનતી બરી

સામગ્રી : ૧ લિટર દૂધ, ૧ વાટકી ખાંડ, ૪ નંગ બદામ, ૫-૬ તાંતણા કેસર, ૧ નાની ચમચી એલચી પાઉડર

બનાવવાની રીત : સૌ પ્રથમ દૂધને ગરમ કરવા મૂકવું. તેમાં એક નાની વાટકી ખાંડ ઉમેરવી. કેસરના તાંતણાને સાદા દૂધમાં પલાળીને ભેળવવા. દૂધમાં ખાંડ ઓગળી જાય ત્યારબાદ તેને ઉતારી લેવું એક મોટી કડાઈમાં પાણી ગરમ કરવું. તેમાં ઢોકળા બનાવતાં હોઈએ તે રીતે એક થાળીમાં ઘી લગાવીને દૂધ રેડવું. હવે તે થાળીને વરાળથી બાફવા મૂકવી. ૧૦ મિનિટમાં બરી બનીને તૈયાર થઈ જશે. તેની ઉપર એલચી પાઉડર તથા બદામની કતરણથી સજાવીને તેનો સ્વાદ માણવો.

# પ્રાણાયામ પ્રાણમય શરીરના સ્વાસ્થ્યની જ વિદ્યા છે

(૨) પૂરક રેચક દરમિયાન શ્ર્વાસનળીના મુખને બંધ કરવાનું નથી. તેથી નાદ ઉત્પદન્ન થશે નહી.

(૩) પૂરક અને રેચકનું પ્રમાણ ઉજ્જાયીની જેમ ૧:૨ રાખવું. પ્રારંભમાં પૂરક ૩ સેક્ધડનો અને રેચક ૬ સેક્ધડનો કરવો. અભ્યાસ વધતાં આ સમયમર્યાદા ધીમેધીમે વધારવી.

(૪) પૂરક દરમિયાન પેટ બહાર આવશે અને રેચક દરમિયાન પેટ અંદર જશે.

(૫) પ્રારંભમાં અનુલોમ પ્રાણાયામનાં ૩ આવર્તનો કરવાં. અભ્યાસ વધતાં આવર્તનો ધીમેધીમે વધારી શકાય છભે.અપસ્મારના દરદી માટે પ્રાણાયામના અભ્યાસ વિશે કેટલીક વિશેષ સૂચનાઓ:

(૧) ઉપરોક્ત બંને પ્રાણાયામનો અભ્યાસ એકસાથે શરૂ ન કરવો. અભ્યાસનો પ્રારંભ ઉજ્જાયી પ્રાણાયામથી કરવો. તેનો અભ્યાસ બરાબર સ્થિર થાય અને અનુકૂળ લાગે પછી અનુલોમવિલોમનો પ્રારંભ કરવો.

(૨) આ બંને પ્રાણાયામમાં પૂરક-રેચકનું પ્રમાણ પ્રારંભમાં ૩ સેક્ધડ અને ૬ સેક્ધડ રાખવાનું છે. આટલા પ્રમાણમાં સ્થિર થયા પછી અનુકૂળ લાગે તો ખૂબ ધીમેથી અને સાવધાનીપૂર્વક આ સમયમર્યાદામાં વધારો કરવો.

(૩) પ્રારંભમાં સવારે ઉજ્જાયી અને સાંજે અનુલોમવિલોમ પ્રાણાયામનો અભ્યાસ કરવો. અભ્યાસથી સ્થિર થયા પછી બંને પ્રાણાયામ સવાર-સાંજ બંને વખત કરી શકાય છે.

(૪) અપસ્મારના દરદીને પ્રાણાયામનો અભ્યાસ કરાવવામાં આવે ત્યારે તેનાં શરીર, મન, વ્યવહાર તથા તેના દરદના સ્વરૂપ પર આ અભ્યાસથી શું અસર પડે છે. તેનું જાગૃત નિરીક્ષણ કરતા રહેવું જોઇએ. જો કોઇ પણ સંયોગોમાં પ્રાણાયામના અભ્યાસની વિપરીત અસર જોવા મળે તો આ અભ્યાસ તરત બંધ કરી દેવો જોઇએ અને જાણકારની સલાહ લેવી જોઇએ.

(૫) અપસ્મારના દરદીને કુંભકનો અભ્યાસ કરાવવો નહી.

(૬) પ્રાણાયામનો અભ્યાસ ખાલી પેટે જ કરવો જોઇએ. આ નિયમ માત્ર અપસ્મારના દરદી માટે જ નથી, સૌને માટે છે.

પ્રાણાયામ તો મહાસમર્થ સાધન છે. આપણાં જીવન અને વ્યક્તિત્વનાં અનેક પાસાંઓ પર પ્રાણાયામના અભ્યાસની અપરંપાર અસર થઇ શકે છે. તે સર્વનો વિચાર આપણે અહી નહી કરીએ. અહી તો આપણે માત્ર એટલો જ વિચાર કરીશું કે પ્રાણાયામના અભ્યાસ દ્વારા અપસ્મારની બીમારીમાં કઇ રીતે રાહત મળે છે.

(૧) પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ પુષ્ટ અર્થાત્ બળવાન બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ સંયમિત બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણ સુસંવાદી બને છે. અર્થાત્ પ્રાણના પ્રવાહો સમરૂપ બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણમય શરીર વિશુદ્ધ બને છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણની વિકૃતિઓ, વિસંવાદિતાઓ ધીમેધીમે પરંતુ નિશ્ર્ચયાત્મક રીતે દૂર થવા માંડે છે.

આપણે જોઇ ગયા છીએ કે પ્રાણમય શરીરની વિસંવાદિતા, અશુદ્ધિઓ અને નબળાઇ જ અપસ્મારનું પાયાનું કારણ છે. પ્રાણાયામનો શાસ્ત્રીય પદ્ધતિથી,



ધૈર્યપૂર્વક અને દીર્ઘકાલપર્યંત અભ્યાસ કરવામાં આવે તો તેના અભ્યાસથી પ્રાણમય શરીરનું આમૂલાગ્ર રૂપાંતર થાય છે. પ્રાણની નબળાઇ, વિસંવાદિતા, ઉચ્છૃંખલતા અને અશુદ્ધિઓ દૂર થાત છે.

આનો અર્થ એમ છે કે પ્રાણાયામના અભ્યાસથી અપસ્મારનું મૂળભૂત કારણ જ દૂર થાય છે.

(૨)

મગજ અને જ્ઞાનતંતુની નબળાઇ પણ અપસ્મારની બીમારીનું એક કારણ છે તે આપણે જોયું છે. મગજ અને જ્ઞાનતંતુના સ્વાસ્થ્ય માટે પ્રાણાયામ ઘણો મૂલ્યવાન અભ્યાસ છે. પ્રાણાયામના દીર્ઘ અભ્યાસથી મગજ અને જ્ઞાનતંતુઓ સ્વસ્થ અને કાર્યક્ષમ બને છે. આ રીતે પણ પ્રાણાયામના અભ્યાસથી અપસ્મારની બીમારીમાં રાહત મળે છે.

(૩) આપણે જોઇ ગયા છીએ કે વાયુનો પ્રકોપ અપસ્મારનું એક કારણ છે. અપસ્માર વાઇનું જ દરદ છે.

પ્રામાયામનો સૌમ્ય અભ્યાસ વાયુના પ્રકોપને શાંત કરવામાં સહાયભૂત બને છે. આમ પ્રાણાયામ અનેક રીતે અપસ્મારની બીમારીમાંથી મુક્ત થવા માટે ઉપકારક બની શકે તેમ છે. હવે પ્રશ્ર્ન એ છે કે અપસ્મારનો દરદી પ્રાણાયામ કરી શકે તેવી સ્થિતિમાં જ ન હોય તો શું કરવું? તેની અપસ્મારની બીમારી એટલે હવે વધી ગઇ હોય કે દરદી પ્રાણાયામ કરી શકે તેમ જ ન હોય તો શું કરવું? આવા સંયોગોમાં બસ્તિ, ઔષધિપ્રયોગ આદિ ઉપાયો દ્વારા અપસ્મારની ચિકિત્સા કરવી. આ ઉપાયો દ્વારા આ દરદનું સ્વરૂપ હળવું બને અને દરદી પ્રાણાયામનો અભ્યાસ કરી શકે તેવી અવસ્થામાં આવે પછી પ્રાણાયામના અભ્યાસનો પ્રારંભ કરાવવો.

૩. ઔષધિ-પ્રયોગ:

આયુર્વેદ અને એલોપથી — બંનેમાં અપસ્મારની સારવાર માટેના ઔષધિ-પ્રયોગો છે. આયુર્વેદમાં વાયુનું શમન થાય તેવી દવાઓ આપવામાં આવે છે. એલોપથીમાં પણ અનેક ઔષધિ-પ્રયોગો છે.

યૌગિક ચિકિત્સાની સાથે સૌમ્ય ઔષધિ-પ્રયોગો કરવામાં કાંઇ વાંધો નથી. આ માટે કુશળ ચિકિત્સકના માર્ગદર્શન પ્રમાણે ઔષધિ લેવી જોઇએ.

૪. યૌગિક પરામર્શ:

યૌગિક પરામર્શ વિશે અલગ પ્રકરણમાં વિગતવાર વિચારણા થઇ છે. અહીં સંક્ષિપ્ય ઉલ્લેખ પર્યાપ્ય ગણાશે. અપસ્મારના દરદીના મનમાં કોઇક પ્રકારનો સંઘર્ષ હોવાનો સંભવ છે. માનસિક ગૂંચ, સંઘર્ષ, દ્વિધાભરેલી સ્થિતિ, ભય અને અસલામતીની લાગણી, પાપગ્રંથિ આદિ માનસિક તત્ત્વો અપસ્મારના દરદના કારણરૂપે હોઇ શકે છે.

દરદી પરામર્શકની સહાયથી પોતાના જીવનની સમસ્યાઓ અને મનની ગતિવિધિને પારખી શકે તો તેને આ સંઘર્ષમાંથી મુક્ત થવામાં સહાય મળે છે. દરદીની સમજની અવસ્થા હોય અને દરદીનું વલણ સહકારયુક્ત હોય તો પરામર્શકની સહાયથી દરદી પોતાની જાતને, પોતાની સમસ્યાને સમજી શકે છે. સમજના પ્રકાશમાં સમસ્યાઓનું જોર હળવું બને છે. આમ બની શકે તો અપસ્મારના દરદમાંથી મુક્ત થવામાં આ ઉપાય પણ એક મૂલ્યવાન સહાયરૂપ બની શકે તેમ છે.

સમાપન:

અપસ્માર એક મનોરોગ છે, છતાં તેનું સ્વરૂપ વ્યક્તિએ — વ્યક્તિએ ઘણું ભિન્ન હોય છે. આ બીમારીમાં વ્યક્તિગત ભિન્નતા ઘણી હોય છે.

અપસ્મારના દરદીની માનસિક અને શારીરિક અવસ્થા, તેની સમજનું ધોરણ, તેના વ્યક્તિત્વનો ઢાંચો- આવી અનેક બાબતોમાં દરદીની વ્યક્તિગત ભિન્નતાઓ પણ ઘણી હોય છે. શાણા ચિકિત્સક આ વ્યક્તિગત ભિન્નતાને બરાબર સમજીને તદનુરૂપ ઉપાયો યોજે છે. ક્યા દરદી માટે ક્યો ઉપાય ક્યારે અને ક્યા સ્વરૂપે પ્રયોજવો તેનો વિવેક આવશ્યક જ નહીં, પરંતુ અનિવાર્ય છે.

૧૪. હિસ્ટીરિયાની યૌગિક ચિકિત્સા

હિસ્ટીરિયાનો રોગ અતિપ્રાચીનકાળથી પ્રચલિત છે. તેમ સૂચવતા ઐતિહાસિક ઉલ્લેખો જોવા મળે છે. પ્રાચીનકાળથી એમ માનવામાં આવતું હતું કે આ રોગ માત્ર સ્ત્રીઓને જ થાય છે, પરંતુ પ્રથમ વિશ્ર્વયુદ્ધમાં સૈનિકોમાં પણ હિસ્ટીરિયાનાં લક્ષણો જોવા મળ્યાં, ત્યારથી આ ધારણા ખોટી સિદ્ધ થઇ છે. આધુનિક યુગમાં શારકો, બર્નહીમ, બેબીન્સકી, જાનેટ અને ફ્રોઇડ આદિ મનોવૈજ્ઞાનિકોએ હિસ્ટીરિયાના સ્વરૂપને સમજાવવાનો વિશેષ પ્રયત્ન કર્યો છે.

ફ્રોઇડ દમિત કામને હિસ્ટીરિયાનું કારણ ગણાવે છે. પાછળથી ફ્રોઇડના આ સિદ્ધાંતનો બહુ વિરોધ થયો છે. તીવ્ર માનસિક સંઘર્ષને કારણે વ્યક્તિત્વના સંગઠનની માત્રા ખૂબ ઘટી જાય છે. વ્યક્તિત્વનું સંગઠન છિન્નભિન્ન થઇ જાય છે. આ વિકૃતિને હિસ્ટીરિયા કહેવામાં આવે છે. હિસ્ટીરિયાનાં અનેક સ્વરૂપે છે. હિસ્ટીરિયાને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે.

૧. રૂપાંતરિત પ્રતિક્રિયાઓ:

આ વિકૃતિમાં વ્યક્તિનો તીવ્ર આંતરિક સંઘર્ષ બાહ્ય શારીરિક લક્ષણોરૂપે પ્ર્ગટ થાય છે. આ લક્ષણો શારીરિક બીમારીરૂપે પણ પ્રગટ થાય છે. આ રોગમાં વસ્તુતઃ દર્દીને કોઇ બીમારી હોતી નથી, પરંતુ વ્યક્તિ જ્યારે આંતરિક સંઘર્ષના વેગને સહન ન કરી ત્યારે તે શારીરિક લક્ષણોરૂપે અભિવ્યક્ત થાય છે, એટલે કે રૂપાંતરિત પ્રતિક્રિયાઓ આવેગાત્મક સંઘર્ષનું રૂપાંતર છે. રૂપાંતરિત પ્રતિક્રિયાઓનાં લક્ષણોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે.

(૧) સંવેદનાત્મક લક્ષણો:

દર્દી આંખ, કાન કે નાકની શક્તિ ગુમાવી બેસે છે. દર્દી આંધળો, બહેરો કે ઘ્રાણહીન બની જાય છે. અહીં નોંધનીય બાબત એ છે કે દર્દીની આ જ્ઞાનેન્દ્રિયોગાં કોઇ ખામી નથી હોતી. પરંતુ આંતરિક સંઘર્ષને કારણે તે સંવેદનાની શક્તિ ગુમાવી બેસે છે.


**પ્રાણાયામ તો મહાસમર્થ સાધન છે. આપણાં જીવન અને વ્યક્તિત્વનાં અનેક પાસાંઓ પર પ્રાણાયામના અભ્યાસની અપરંપાર અસર થઇ શકે છે. તે સર્વનો વિચાર આપણે અહીં નહીં કરીએ. અહીં તો આપણે માત્ર એટલો જ વિચાર કરીશું કે પ્રાણાયામના અભ્યાસ દ્વારા અપસ્મારની બીમારીમાં કઇ રીતે રાહત મળે છે.**

# એક જ જગ્યાએ બેઠા રહેવું એ નોતરે છે કેન્સર-ડાયાબિટીસને

બ્રિટનની ગ્લાસગો કૅલેડિયન યુનિવર્સિટીએ તાજેતરમાં કરેલા અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે દિવસમાં સૌથી વધુ સમય બેઠા રહેતા લોકોમાં ડાયાબિટીસ, સ્થૂળતા અને કેન્સર જેવી બીમારીઓ થવાનું જોખમ વધુ હોય છે. તેથી વિવિધ બીમારીઓથી છુટકારો મેળવવા નિયમિત વ્યાયામ કરવાની જરૂર હોય છે. વ્યાયામ કરવાથી ફક્ત બીમારીઓથી બચી જવાતું નથી, પરંતુ અચાનક થતા મોતનું જોખમ પણ ૩૦ ટકા ઘટી જાય છે. જે લોકો દિવસમાં ચારથી છ કલાક બેઠા રહે છે તેઓને ૧૨થી ૧૮ મિનિટ, છથી આઠ કલાક બેઠા રહેતા લોકોને ૧૮થી ૨૪ મિનિટ અને આઠથી ૧૦ કલાક બેઠા રહેતા લોકોને દિવસમાં ૨૪થી ૩૦ મિનિટ વ્યાયામ

કરવાની જરૂર હોય છે.

ઘણા લોકોને પોતાની નોકરી-વ્યવસાય માટે એક જ જગ્યાએ કલાકો સુધી બેઠા રહેવું પડતું હોય છે. કામ કરતી વખતે જરાય હલનચલન થતું નથી. કલાકો સુધી એક જ જગ્યાએ બેસવું આવી વ્યક્તિઓ સ્વીકાર કરી લેતા હોય છે. આ ગંભીર બાબતને આપણે સરળતાથી નજરઅંદાજ પણ કરી દેતાં હોઈએ છે. ઘણા દેશોમાં સંશોધકો માટે આ ચિંતાનો વિષય બન્યો છે. યેલ મેડિસિન ફિઝિયાટ્રિસ્ટ એરિક કે. હોલ્ડર (એમડી) જણાવે છે કે લાંબા સમય સુધી એક જ જગ્યાએ બેઠા રહેવાથી થતી બીમારીઓના દર્દીઓ મારી ક્લિનિકમાં રોજ આવે છે. આવા દર્દીઓને વિવિધ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો પાસેથી સારવાર કરાવવાની ફરજ પડે છે. કામને કારણે કૉમ્પ્યુટર સામે બેઠાં રહેવું, ટીવી જોતાં રહેવું, ટ્રેનો-વિમાનમાં લાંબી મુસાફરી કરવી વગેરેને કારણે સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ માંદગીઓ થતી હોય છે. આવા લોકોમાં પગનો દુખાવો, સંધિવાની સમસ્યા થવા લાગે છે. ત્યાં લોહીનો પ્રવાહ અટકી પડ્યો હોવાનું આપણને પોતાને ખબર પડવા લાગે છે. ત્યાં સોજા ચઢી જાય છે, દરદ વધવા લાગે છે. લોહીનો પ્રવાહ અટકી પડતાં ફેંફસાં સુધી લોહી પહોંચતું નથી અને તેને કારણે વિવિધ બીમારીઓ શરૂ થઈ જતી હોય છે. તેથી ૩૦ મિનિટ અથવા એક કલાકના અંતરે ઊભા થઈને



હલનચલન કરવું જરૂરી છે.

ડૉક્ટરના જણાવ્યાનુસાર લાંબા સમય સુધી એક જ જગ્યાએ બેસી રહેવાથી કરોડરજ્જુ અને ખભાઓ પર પણ ભાર પડે છે. કમ્પ્યુટર પર કામ કરતી વખતે આપણે થોડા આગળ વળીને બેઠા રહીએ છીએ, ટટ્ટાર બેસતા નથી તેથી માંસપેશીઓ પર આડઅસર થાય છે. પીઠની નીચેના ભાગ પર દબાણ પડવાથી કરોડરજ્જુને વળવામાં મુશ્કેલી નડે છે. ૧૮થી ૬૪ વર્ષના લોકોએ રોજ ૧૫૦ મિનિટ એરોબિક એક્સરસાઇઝ કરવી જરૂરી છે. થોડા થોડા સમયે ઊભા થઈને અથવા હલનચલન કરીને કંઈ પણ પ્રવૃત્તિ કરવી જોઈએ, પોતાનું વર્ક સ્પેસ એવું બનાવો જ્યાં સ્ટેન્ડિંગ પ્લેસ હોય. એવું નથી તો પોતાના લેપટોપ અથવા ડેસ્કટોપને થોડી ઊંચાઈ પર રાખો અથવા થોડી થોડી વારે ઊભા થતા રહો. પોતાની પાસેની પાણીની બોટલ નાની રાખવી જેથી પાણી ભરવાના બહાને પણ ઊભા થવું પડે. ટીવી જોતા હો તો જાહેરખબરો દરમિયાન થોડી અવરજવર કરી લેવી જોઈએ.

શારીરિક ગતિવિધિઓ ધીમી પડવાને કારણે હૃદય સંબંધિત સમસ્યાઓ પણ વધી જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે થોડી થોડી વારે અવરજવર કરવું એ સૌથી ઉત્તમ ઉપાય છે. કલાકો સુધી એક જ જગ્યાએ બેઠા રહેવાથી ડાયાબિટીસ, હૃદયરોગનો હુમલો સહિતની વિવિધ બીમારીઓ થતી હોય છે. તેથી શક્ય હોય ત્યાં સુધી પોતાનું કામ ઊભાં-ઊભાં કરવું જોઈએ. આવી આદત કેન્સરની બીમારી પણ આમંત્રિત કરી શકે છે. આપણે આપણી જીવનશૈલી જ એવી બનાવી દીધી છે કે કામ કરતી વખતે બેઠાં રહેવું. કલાકો સુધી આપણને ખબર પણ પડતી નથી કે આપણે પોતાના રૂમની બહાર ગયા જ નથી. વ્યાયામ કરવાનો સમય મળતો નથી, પરંતુ હલનચલન કરવા પણ લોકો એક જગ્યા પરથી ઊઠતાં નથી. તેમની તમામ જરૂરિયાતો તેમને તે જ જગ્યાએ પૂરી પાડવામાં આવે છે તેથી હલનચલન કરવાનો કોઈ મોકો જ મળતો નથી. આવી જીવનશૈલીથી વિવિધ બીમારીઓ થવાનું જોખમ વધી જાય છે.

તેમાં ધૂમ્રપાન, શરાબનું સેવન, ખાણી-પીણીની ખોટી આદતો આગમાં ઘી હોમવાનું કામ કરે છે. પહેલાંના જમાનામાં લોકોની કાર્યશૈલી બહુ અલગ હતી. તેઓને કામ-ધંધા માટે હરવું ફરવું પડતું હતું. તેમની શારીરિક ગતિવિધિઓ વધુ હતી. તેથી તેઓમાં બીમાર પડવાનું પ્રમાણ પણ ઓછું હતું. હવે મોબાઈલ, લેપટોપ, કમ્પ્યુટર જેવી ટેક્નોલૉજીને કારણે માણસો એક જ જગ્યાએ બંધાઈ જવા મજબૂર થયા છે. આ બધી સમસ્યાથી છુટકારો મેળવવા દિવસમાં હલનચલન કરતાં રહેવું જરૂરી છે. જો તે શક્ય ન હોય તો રાત્રે સૂતાં પહેલાં અડધો કલાક લટાર મારવા નીકળી જવું, પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ સિવાય આહારમાં પૌષ્ટિક ખોરાક જ લેવો.

તંત્રી લેખ...

મંગળવાર, તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫

# સ્થૂળતા વિરુદ્ધ અભિયાન

નિષ્ક્રિય અને પ્રોસેસ્ડ ખાદ્ય ચીજોના સેવનવાળી પશ્ચિમી ભોજનશૈલીનું આંધળું અનુકરણ સ્થૂળતાનું મુખ્ય કારણ છે. મુશ્કેલી એ છે કે આપણે સ્થૂળતાને ગંભીરતાથી નથી લેતા, જ્યારે તે અનેક ગંભીર બિનસંક્રામક રોગોનું કારણ બને છે. અસલમાં સ્થૂળતાને કારણે ડાયાબિટીસ અને હાઈ બીપીની સાથે જ હાઈ કોલેસ્ટ્રોલની સ્થિતિ પેદા થાય છે, જે સમયાંતરે હૃદય રોગનું કારણ બને છે. પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય મેડિકલ પત્રિકા લાન્સેટ અનુસાર ૨૦૨૨માં ભારતમાં લગભગ સાત કરોડ લોકો સ્થૂળતાથી પીડિત હતા. જેમાં ૪.૪ કરોડ સંખ્યા મહિલાઓની હતી. સૌથી વધારે ગંભીર વાત એ છે કે સવા કરોડ બાળકો પણ સ્થૂળતાથી પીડિત હતાં. જ્યારે આઈસીએમઆરનો રિપોર્ટ તો એનાથી પણ મોટાખતરા તરફ ઈશારો કરે છે. જે અનુસાર દેશમાં લગભગ બાર કરોડ લોકો સ્થૂળતાથી થનારી બીમારીઓ જેમ કે ડાયાબિટીસ, હાઈ બીપી, હાઈ બીપી વગેરેથી પીડિત છે. નિશ્ચિતપણે આ સ્થિતિ સ્વસ્થ ભારતના મિશનના લ-ય પર પાણી ફેરવનારી છે. ત્યારે જ ગત દિવસોમાં રાષ્ટ્રીય રમતોના ઉદ્ઘાટન સમારોહમાં વડાપ્રધાન મોદીએ સ્થૂળતાની ગંભીર થતી સમસ્યા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે દેશમાં સ્થૂળતા વિરુદ્ધ જન અભિયાન શરૂ કરવાનું આહ્વાન કર્યું હતું. વડાપ્રધાનની આ અપીલને દેશની પ્રસિદ્ધ હસ્તીઓનું ભરપૂર સમર્થન મળ્યું છે. એટલું જ નહી, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની દક્ષિણ પૂર્વ એશિયન એકમે વડાપ્રધાનની સાર્થક પહેલનું સ્વાગત કરતાં નિયમિત શારીરિક સક્રિયતા, પૌષ્ટિક અને સંતુલિત ભોજનની પ્રાથમિકતા સાથે સ્થૂળતા વિરુદ્ધ અભિયાનની વાત કરી.

ઉલ્લેખનીય છે કે સ્થૂળતા વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી અભિયાનની જવાબદારી દેશની સાતસો મેડિકલ કોલેજોને સોંપવામાં આવી છે. મેડિકલ કોલેજના સ્વાસ્થ્ય વિશેષજ્ઞો અને કાર્યકર્તાઓની ટીમે ઘરે ઘરે જઈને સંદેશ આપશે કે સ્થૂળતા માત્ર સમસ્યા નથી પણ ગંભીર બીમારીઓની કારક છે. આ અભિયાનમાં સામેલ થતાં દિલ્હી એમ્સના ચૌદ ડોક્ટરોએ સ્થૂળતાના આપણા સ્વાસ્થ્ય પર પડનારા ઘાતક પ્રભાવો પર વિમર્શ કરતાં નાગરિકોને સક્રિય અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનું આહ્વાન કર્યું. મહત્ત્વની વાત એ છે કે જલ્દી દેશની તમામ સરકારી હોસ્પિટલોમાં સ્થૂળતા વિરુદ્ધ અભિયાનના ક્રમમાં વિશેષ ઓપીડી સંચાલિત થશે. અહીં અન્ય સ્વાસ્થ્ય વિશેષજ્ઞો ઉપરાંત આહાર વિશેષજ્ઞ પણ પૌષ્ટિક અને સંતુલિત ભોજન સાથે યોગ અને વ્યાયામની જાણકારી આપશે.

ચિકિત્સકોનું માનવું છે કે સ્થૂળતાને કારણે ફેફસાં પર પણ દબાણ વધે છે. તેનાથી અસ્થમા અને ઊંઘની અનિયમિતતા સાથે જોડાયેલી બીમારીઓ પેદા થઈ શકે છે. જ્યારે

સાંધા પર વધુદબાણ પડવાથી ગઠિયો વા અને આર્થરાઈટીસ જેવી બીમારીઓ પણ પેદા થઈ શકે છે. આ જ કારણ છે કે ડબ્લ્યુએચઓ સ્થૂળતાને એક વૈશ્વિક મહામારી તરીકે જોઈ રહ્યું છે. જે છેલ્લા પાંચ દાયકામાં ત્રણ ગણી વધી ગઈ છે. સૌથી મોટો પડકાર ગૃહિણીઓના સ્વાસ્થ્યને લઈને છે. અસલમાં મહિલાઓમાં ૨૦૨૨માં સ્થૂળતાનો દર ૯.૮ ટકા થઈ ગયો છે. નિશ્ચિતપણે દેશમાં સ્થૂળતા વિરુદ્ધ લડાઈ કેટલાય મોરચે લડવી પડશે. યોગ અને અન્ય શારીરિક વ્યાયામ તેમાં ખાસ મદદગાર બની શકે છે.

# અતાર્કિક વિલંબ

એ નિરાશાજનક બાબત છે કે પૂર્વ અને વર્તમાન ધારાસભ્યો અને સાંસદોના અપરાધિક કેસોની સુનાવણી માટે રચવામાં આવેલી અદાલતો તેમના કેસોનો સમયસર નિકાલ કરવામાં નિષ્ફળ સાબિત થઈ રહી છે. આ સંદર્ભે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલા સોગંદનામા અનુસાર નેતાઓના અપરાધિક કેસોની સુનાવણી કરી રહેલી એમપી-એમએલએ અદાલતોમાં કોઈ ઉલ્લેખનીય પ્રગતિ નથી જોવા મળતી. એવા જન પ્રતિનિધિઓનના લગભગ પાંચ હજાર કેસો પડતર ચાલી રહ્યા છે. અપેક્ષા એ રાખવામાં આવતી હતી કે આ કેસોની સુનાવણી ત્વરિત ગતિથી થશે, પરંતુ થાય છે તેનાથી વિપરીત. એમપી-એમએલએ અદાલતો જનપ્રતિનિધિઓના કેસોની સુનાવણી કરવાને બદલે અન્ય કેસોનો નિકાલ કરવામાં પડી છે. એક સમસ્યા એ પણ છે કે આ અદાલતોમાં જન પ્રતિનિધિઓના અપરાધિક કેસોનની સુનાવણી રહી રહીને સ્થગિત થતી રહે છે. એવું એટલા માટે પણ થાય છે કે જનપ્રતિનિધિ અદાલતો સમક્ષ રજૂ થવાનો ઈનકાર કરતા રહે છે. આ સ્થિતિ તો એમપી-એમએલએ અદાલતોના ઔચિત્યને જ નિરર્થક સાબિત કરે છે. આ નિરર્થકતા એટલા માટે ચિંતિત કરનારી છે, કારણ કે કેટલાંક વર્ષો પહેલાં સપ્રીમ કોર્ટે પણ તમામ હાઈકોર્ટોને એ નિર્દેશ આપ્યા હતા કે તેઓ એ જુએ કે તેમના અધિકાર ક્ષેત્રની એમપી-એમએલએ અદાલતો પૂર્વ કે વર્તમાન ધારાસભ્યો-સાંસદોના અપરાધિક કેસોના નિકાલ સમયસર કરે. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટોને એમ પણ કહ્યું હતું કે તેઓ આ અદાલતો પાસે સમયે સમયે પ્રગતિ રિપોર્ટ પણ લેતા રહે.

લાગે છે કે હાઈકોર્ટ પોતાની આ જવાબદારીનું વહન યોગ્ય રીતે નથી કરી શકી. સમયે સમયે એવા સમાચાર તો આવતા રહે છે કે હાઈકોર્ટોએ એમપી-એમએલએ અદાલતોને જનપ્રતિનિધિઓના કેસોના નિકાલમાં ઝડપ લાવવા કહ્યું છે, પરંત તેના કોઈ સકારાત્મક પરિણામ નથી જોવા મળ્યા. સમજવું મુશ્કેલ છે કે જે અદાલતોની રચના જ કેટલાક વિશેષ કેસોના નિકાલ માટે થઈ હોય, તે તેની સુનાવણી પણ પ્રાથમિકતાના ધોરણે નથી કરી શકતી! યોગ્ય એ રહેશે કે સુપ્રીમ કોર્ટ આ અદાલતોને એ સ્પષ્ટ નિર્દેશ આપે કે તેઓ જનપ્રતિનિધિના કેસોની સુનાવણી એક નિશ્ચિત સમયસીમામાં કરે અને એવું થાય તેના માટે હાઈકોર્ટોને નિર્દેશિત કરે. જો એવું ન કરવામાં આવ્યું તો રાજકારણના અપરાધીકરણને રોકવું બહુ મુશ્કેલ થશે. તેની અવગણના ન કરી શકાય કે વિધાનમંડળોમાં અપરાધિક છબિ અને ભૂતકાળ ધરાવતા જનપ્રતિનિધિઓની સંખ્યા ઝડપથી વધતી જાય છે. આ સમયે સંસદમાં દાગી કહેવાતા સાંસદોની સંખ્યા અઢીસોથી વધારે છે અને તેમાંથી ૧૭૦ એવા છે જેના વિરુદ્ધ ગંભીર અપરાધિક કેસો છે. આ સ્થિતિ લોકતંત્રનો ઉપહાસ ઉડાવનારી છે. કારણ કે હવે તો ગંભીર અપરાધિક કેસોમાં જેલમાં કેદ લોકોને ચૂંટણી પ્રચાર કરવા માટે જામીન આપવાનો શિરસ્તો પણ ચાલુ થઈ ગયો છે.

**લાગે છે કે હાઇકોર્ટ પોતાની આ જવાબદારીનું વહન યોગ્ય રીતે નથી કરી શકી. સમયે સમયે એવા સમાચાર તો આવતા રહે છે કે હાઇકોર્ટોએ એમપી-એમએલએ અદાલતોને જનપ્રતિનિધિઓના કેસોના નિકાલમાં ઝડપ લાવવા કહ્યું છે,**

### ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન સાથે ઉભરેલી આમ આદમી પાર્ટીએ અલગ પ્રકારની રાજનીતિનો વાયદો કર્યો હતો.

# કેજરીવાલ : એક યોદ્ધાથી સત્તાલોભી રાજકારણી

મરાઠીમાં એક કહેવત છે - 'ગઢ આલા પણ સિંહ ગેલા' એટલે કે ગઢ તો જીતી ગયા પરંતુ એ જંગમાં સેનાપતિનું બલિદાન થઈ ગયું, એટલે એ જીતને બહુ મોટી નથી માનવામાં આવતી. આ જ કહેવતને કેજરીવાલના સંદર્ભમાં જોઈએ તો દિલ્હી તેમનો ગઢ હતો, એ તો તેમણે ગુમાવ્યો જ, પરંતુ પોતે પણ હારી ગયા એટલે કે સેનાપતિ પણ ન રહ્યા. અલગ પ્રકારની વૈકલ્પિક રાજનીતિ અને તેના દ્વારા આમ લોકોને ખુશહાલ અને નવા પ્રકારના ભવિષ્યનાં સપનાં દેખાડીને રાજકારણમાં આવેલા અરવિંદ કેજરીવાલ માટે દિલ્હી વિધાનસભામાં બહુમત એક રીતે ગઢ એટલે કે કિલ્લો હતા. કેજરીવાલ એ કિલ્લો હવે ગુમાવી ચૂક્યા છે અને તેમના માટે ચિંતાની વાત છે કે ખુદ તેમની સાથે તેમના સેનાપતિ આ જંગમાં હારી ગયા છે. તો શું માની લેવું કે આંદોલનથી ઉપજેલી રાજનીતિનો દોર ખતમ થઈ ગયો છે? હાલમાં તો એમ માની લેવું કે આમ આદમી પાર્ટી ખતમ થઈ જશે, તે થોડું ઉતાવળું ગણાશે. પરંતુ ભૂતકાળનાં ઉદાહરણો જોઈએ તો સ્પષ્ટ લાગે છે કે કેજરીવાલ માટે રસ્તો હવે આસાન નહીં રહે.

અન્ના હજારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન સાથે ઉભરેલી આમ આદમી પાર્ટીએ અલગ પ્રકારની રાજનીતિનો વાયદો કર્યો હતો. અન્નાના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને લઈને લોકોને કેટલી આશાઓ હતી કે અન્નાનું અનશન તો દિલ્હીમાં થઈ રહ્યું હતું, પરંતુ તેમને સમર્થન તો રાજસ્થાન, ઝારખંડ, છત્તીસગઢ, ગુજરાત, અરુણાચલ પ્રદેશ સુધીનાં દૂર-દૂરના ગામડાંમાં પણ મળી રહ્યં હતું. આમ આદમી પાર્ટીની રચના થઈ ત્યારે લોકોને આશા હતી કે તેમના દ્વારા દેશ અને તેમની જિંદગીમાં એવો પ્રકાશ ફેલાશે જેમાં તેમનું અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ હશે. આ જ આશાથી ૨૦૧૫ અને ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીઓમાં દિલ્હીની જનતાએ ભરપૂર સાથ આપ્યો. પહેલાં ૬૭ અને પછી ૬૨ સીટો આપવી એક રીતે બહેતર અને ચમકીલા ભવિષ્યને લઈને જનઆકાંક્ષાઓનો ઉભાર હતો. ક્યારેય રાજકારણમાં નહીં આવવાના, ક્યારેય બંગલા-ગાડી નહીં લેવાના, વીઆઈપી કલ્ચર નહિ અપનાવવાના જૂઠ્ઠા વાયદા સાથે રાજકારણમાં આવેલા કેજરીવાલ ધીમે ધીમે આ બધું ભૂલી ગયા. બીજા કાર્યકાળમાં તો તેઓ ખુદને તાનાશાહની જેમ જ સ્થાપિત કરતા ગયા. જૂઠ્ઠાણા અને છેતરપિંડીની રાજનીતિને તેમણે પોતાની રાજકીય આદત બનાવી દીધી. પંજાબમાં આમ આદમી પાર્ટીની ભારે જીત બાદ તેઓ હવામાં આવી ગયા. પાર્ટીમાં માત્ર તેમનું જ ચાલતું હતું. લોકતંત્ર તો એ પાર્ટીમાં રહ્યું જ ન હતું. પાર્ટીને પહેલી આર્થિક મદદ આપનાર પ્રશાંત ભૂષણ, વૈચારિક આધાર તૈયાર કરનાર યોગેન્દ્ર યાદવ અને પ્રોફેસર આનંદ કુમારની સાથે તેમના સાથી કુમાર વિશ્વાસને પાર્ટીમાંથી પહેલાં જ હાંકી કાઢ્યા હતા. તેમની સાથે રહ્યા તેમના આંદોલનના દિવસોના સાથી મનીષ સિસોદિયા અને સ્વાતિ માલીવાલ. જોકે શાસનના આખરી દિવસોમાં જે રીતે મુખ્યમંત્રીના ઘરમાં જ પીટાઈ થઈ, તેણે કેજરીવાલના સ્વભાવની પોલ જ ખોલી નાખી.કેજરીવાલે પોતાના પહેલા કાર્યકાળમાં બેશક સારાં કાર્ય કર્યાં. મહોલ્લા ક્લીનિકનો વિચાર આપ્યો અને તેને લાગુ કરવાના પ્રયાસ કર્યા. શિક્ષણ અને સ્વાસ્થ્યનું બજેટ વધાર્યું, બસો યુનિટી સુધી વીજળી અને એક હદ સુધી પાણી મફતની રેવડીઓ પણ વહેંચી. મહિલાઓને મફત બસ યાત્રા કરી દીધી. પરંતુ તેની સાથે જ દિલ્હીમાં ભ્રષ્ટાચાર વધતો ગયો. બે વર્ષ પહેલાંની ચૂંટણીમાં નગર નિગમ પર પણ તેમનો કબ્જો થઈ ગયો. એના પહેલાં દિલ્હીની સફાઈ વ્યવસ્થા માટે નગર નિગમ પર પોતાનું નિયંત્રણ ન હોવાનું બહાનું બનાવતા હતા, પરંતુ હવે તો એ બહાનું પણ ન રહ્યું. દિલ્હી તો ગંદુ જ રહ્યું. દિલ્હીની લાઈફ લાઈન ગણાતી ડીટીસીની બસો ઘટતી ગઈ.કેજરીવાલે હવાહવાઈ દાવા ખૂબ કર્યા. તેને કારણે તેમનાથી ફાયદો લેનારા લોકો પણ ખુશ ન હતા. ડીટીસી કર્મચારીઓ, બસોમાં તૈનાત માર્શલો વગેરેને સ્થાયી નોકરીઓનું ગાજર પકડાવ્યા બાદ કેજરીવાલ તેમને સ્થાયી નોકરી ન આપી શક્યા. શરૂઆતમાં તો તેમની બહાનાંબાજી ચાલી, પરંતુ બાદમાં લોકો સમજતા થયા કે આ તો ફેંકાફેંક જ કરે છે. ૨૦૨૨માં પંજાબમાં થયેલ વિધાનસભા ચૂંટણીમાં તેમણે મહિલાઓને હજાર રૂપિયા આપવાનો વાયદો કર્યો હતો, પરંતુ અત્યાર સુધી તેઓ આપી નથી શક્યા. પંજાબ રોડવેઝની બસોમાં મહિલાઓને મફત સગવડ આપવાને કારણે પંજાબ રોડવેઝ નુકસાનમાં જાય છે. એટલે જ તેના કર્મચારીઓને મહિનાઓ સુધી પગાર નથી મળતો. દિલ્હીની જનતાની નજર આ બધા પર પણ હતી. તેની અસર એ થઈ કે કેજરીવાલ પરથી લોકોનો ભરોસો જ ખતમ થઈ ગયો.છેલ્લી બે ચૂંટણીઓ સુધી કેજરીવાલ નેરેટિવ તૈયાર કરતા હતા અને વિપક્ષી તેનો જવાબ આપતા હતા. આ વખતે પણ મહિલાઓને ૨૧૦૦ રૂપિયા મહિને આપવા અને તેના માટે ફોર્મ ભરાવીને નેરેટિવ સ્થાપિત કરી દીધો હતો. પરંતુ બાદમાં ભાજપે તેનો તોડ કાઢ્યો. તેણે પોતાનો પંદર સૂત્રી કાર્યક્રમ રજૂ કર્યો. મહિલાઓને ૨૫૦૦ રૂપિયા મહિનાની સન્માન નિધિ આપવા અને ૨૦૦ને બદલે ૩૦૦ યુનિટ વીજળી ફ્રી આપવા જેવા એલાન કર્યા. તેની અસર વોટરો પર થઈ. આ દરમ્યાન ભાજપે ચૂંટણી પ્રબંધન માટે પોતાના તમામ મુખ્યમંત્રી અને ઉપ મુખ્યમંત્રીઓ ઉતારી દીધા. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર્તા પણ સક્રિય થયા. બધાએ મળીને જમીની સ્તર પર કામ કર્યું. તેની અસર ચૂંટણીઓ પર દેખાઈ. કેજરીવાલની પાર્ટી જ નહી, ખુદ કેજરીવાલ, તેમના નંબર-ટુ મનીષ સિસોદિયા, તિહાડવાળા સત્યેન્દ્ર જૈન અને 'ધ કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મની ચર્ચા વખતે વિધાનસભામાં અટ્ટહાસ્ય કરનાર રાખી બિરલા પણ હારી ગઈ.ભાજપની જીતમાં કેટલીક હિસ્સેદારી કોંગ્રેસની પણ છે. જોકે તેને ગઈ ચૂંટણીની તુલનામાં માત્ર બે ટકા વધારે વોટ મળ્યા છે. પરંત કોંગ્રેસે કેજરીવાલના ભ્રષ્ટાચાર અને જૂઠ્ઠાણા વિરુદ્ધ માહોલ બનાવવામાં યોગદાન ચોક્કસ આપ્યું. દિલ્હીની સ્થિતિ બદલનાર શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિતે ખુલ્લેઆમ મોરચો ખોલી નાખ્યો હતો. તેમણે કહ્યું હતું કે પોતાની માતાના અપમાનનો બદલો તેઓ ચોક્કસ લેશે. સંદીપ ખુદ કેજરીવાલ વિરુદ્ધ નવી દિલ્હી સીટ પરથી મેદાનમાં ઉતર્યા અને કેજરીવાલની હારની પટકથા લખવામાં મદદ કરી. કોંગ્રેસે પણ માની લીધું કે તેની અસલ દુશ્મન ભાજપને બદલે આપ છે, તેથી તેણે પોતનું તમામ ધ્યાન આપના ભ્રષ્ટાચાર અને તેના વિરુદ્ધ રાખ્યું. કેજરીવાલના શીશ મહેલનો સવાલ ભલે ભાજપે ઉઠાવ્યો, પરંતુ જે આબકારી નીતિ કૌભાંડમાં કેજરીવાલ જેલમાં ગયા હતા, તેનો ભંડાફોડ કોંગ્રેસના નેતા અજય માકને જ કર્યો હતો. સાદગીનો દેખાડો કરનારા કેજરીવાલનો શીશમહેલ જનતા પચાવી ન શકી.હવે દિલ્હીમાં રાજકીય માહોલ બદલાઈ ચૂક્યો છે. હવે ભાજપ સામે જવાબદારીઓનું લાંબુ લીસ્ટ છે. તેની જવાબદારી છે કે તે રાજધાનીને ખુશહાલ જ નહીં, પર્યાવરણને અનુકૂળ અને સાફ પણ રાખે. કેજરીવાલ માટે આ ભારે ચિંતનનો સમય છે. તેમનો ગઢ પણ છીનવાઈ ગયો અને સેનાપતિ પણ ન રહ્યા, એવામાં સેનાનું ફરથી ઊભું થવું બહુ મુશ્કેલ છે.

### આ શાંતિ જળવાય એ માટે ભાજપે કોઈ સક્ષમ નેતાને મુખ્ય પ્રધાન બનાવવો જોઈએ

# બિરેનસિંહે રાજીનામું આપવામાં બહુ મોડું કર્યું

### રવિવારે અચાનક જ બિરેનસિંહને ભાજપ હાઈકમાન્ડનું તેડું આવ્યું અને દિલ્હી બોલાવાયા.

મણિપુરના મુખ્ય પ્રધાનપદેથી અંતે એન. બિરેનસિંહે રાજીનામું આપી દીધું અને સારી વાત એ છે કે, બિરેનસિંહનું રાજીનામું સ્વીકારી પણ લેવાયું છે. મણિપુરમાં છેલ્લાં દોઢ વર્ષથી ચાલી રહેલી હિંસાને કારણે ભાજપની આબરૂનો ધજાગરો થઈ ગયેલો. વિપક્ષો સતત કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને રાજ્યની ભાજપ સરકારના માથે માછલાં ધોઈ રહ્યા હતા પણ ભાજપની નેતાગીરીના પેટનું પાણી નહોતું હાલતું.

રવિવારે અચાનક જ બિરેનસિંહને ભાજપ હાઈકમાન્ડનું તેડું આવ્યું અને દિલ્હી બોલાવાયા. બિરેનસિંહે રવિવારે સવારે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા અને પછી બપોરે ભાજપ તથા સાથી પક્ષોના ધારાસભ્યો સાથે જઈને રાજીનામું ધરી દીધું. મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ બિરેનસિંહનું રાજીનામું સ્વીકારી લેતાં બિરેનસિંહની મુખ્ય પ્રધાન તરીકેની ઈનિંગનો અંત આવી ગયો છે. મણિપુરમાં ૨૦૨૨ના ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી એ જોતાં બિરેનસિંહની સરકારની મુદત પૂરી થવામાં આખાં બે વર્ષ બાકી છે તેથી ભાજપે નવા મુખ્ય પ્રધાન શોધવા પડશે.

બિરેનસિંહના રાજીનામા પછી રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ તેમને કાર્યકારી મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળવા કહ્યું છે તેના પરથી લાગે છે કે, ભાજપને મણિપુરમાં નવા મુખ્ય પ્રધાનની પસંદગી કરવાની કોઈ ઉતાવળ નથી. રાજ્યપાલે સોમવારથી શરૂ થનારું મણિપુર વિધાનસભાનું સત્ર પણ રદ કરી દીધું છે એ જોતાં હમણાં મણિપુરમાં કોઈ પણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ નહીં ચાલે એ પણ સ્પષ્ટ છે. વિધાનસભાની બેઠક મળે ને માછલાં ધોવાય તેનો કરતાં બેઠક જ ના મળે તો કકળાટ નહીં એમ સમજીને આ નિર્ણય લેવાયો છે. ભાજપ દિલ્હીમાં મુખ્ય પ્રધાનની પસંદગી કર્યા પછી નિરાંતે મણિપુરમાં પણ મુખ્ય પ્રધાનની પસંદગી કરશે એવું લાગે છે.

ભાજપે બિરેનસિંહનું રાજીનામું લેવાનો નિર્ણય લીધો એ સારું કર્યું પણ બહુ મોડું કરી દીધું છે તેમાં બેમત નથી. મણિપુરમાં ૩ મે, ૨૦૨૩થી કુકી-મૈતઈ સમુદાય વચ્ચે ચાલી રહેલી હિંસામાં ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને આ હિંસાને ૬૫૦થી વધુ દિવસો વીતી ગયા છે એ જોતાં ભાજપ અત્યાર લગી ઘોરતો હતો તેમાં શંકા નથી. બિરેન સિંહ પણ નૈતિકતાને નેવે મૂકીને સાવ નફ્ફટ બનીને સત્તાને વળગી રહ્યા હતા. આઘાતની વાત એ હતી કે, દોઢ વર્ષથી ચાલી હિંસા ચાલી રહી હોવા છતા કશું બોલતા જ નહોતા, ૨૦૨૪ના વરસના છેલ્લા દિવસે તેમણે મોં ખોલીને મણિપુરમાં થયેલી હિંસા અને તેમાં થયેલી જાનહાનિ માટે માફી માગી હતી. ૩૧ ડીસેમ્બરે મીડિયાને સંબોધતાં બિરેનસિંહે કહેલું કે, મણિપુર માટે આખું વર્ષ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ રહ્યું છે અને હું તેના કારણે ખૂબ જ દુ:ખી છું. ૩ મે, ૨૦૨૩થી આજ સુધી જે કંઈ પણ થઈ રહ્યું છે તેના માટે હું જનતાની માફી માગુ છું. આ હિંસામાં ઘણાં લોકોએ પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે, ઘણાં લોકો તેમના ઘર છોડી ગયાં એ બદલ હું ખરેખર દિલગીર છું અને હું માફી માગવા આવ્યો છું.

બિરેનસિંહ માફી માગવાના બદલે રાજીનામું આપી દેવાની જરૂર હતી કેમ કે મણિપુરમાં ભાજપની સરકાર હોય અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હોવા છતાં કુકી-મૈતઈ સમુદાય વચ્ચે ચાલતી હિંસા પોણા બે વર્ષથી રોકી ના શક્યા એ બહુ મોટી નિષ્ફળતા જ કહેવાય. મણિપુરમાં થઈ એવી હિંસા ભારતના બીજા કોઈ રાજ્યમાં થઈ નખી. આ હિંસા દરમિયાન સત્તાવાર રીતે જ ૬૦ હજાર લોકો બેઘર થયાં છે, સેંકડો મહિલાઓ પર બળાત્કાર થયા છે અને મહિલાઓને જાહેરમાં નગ્ન કરીને ગેંગ રેપ કરવા સહિતની અતિ ઘૃણાસ્પદ ઘટનાઓ નોંધાઈ હોવા છતાં ભાજપે એન. બિરેનસિંહને ચાલુ રાખ્યા એ તેમની મોટી નિષ્ફળતા હતી.

બિરેનસિંહે પોતે લોકોની માફી માગી ત્યારે આપેલા આંકડા પ્રમાણે, હિંસામાં લગભગ ૨૦૦ લોકો માર્યા ગયા છે અને કુલ ૧૨,૨૪૭ એફઆઈઆર નોંધવામાં આવી છે. ૬૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. લગભગ ૫,૬૦૦ હથિયારો અને લગભગ ૩૫,૦૦૦ દારૂગોળો મળી આવ્યો છે. બિરેનસિંહે કેન્દ્ર સરકારનાં મોંફાટ વખાણ કરતાં કહેલું કે, મણિપુરમાં હિંસા માટે કારણભૂત મુદ્દાઓને ઉકેલવામાં સફળતા મળી છે. કેન્દ્ર સરકારે વિસ્થાપિત પરિવારોને મદદ કરવા માટે પૂરતા સુરક્ષા કર્મચારીઓ અને ભંડોળ પૂરું પાડ્યું છે અને વિસ્થાપિતો માટે નવા મકાનો બનાવવા માટે પણ નાણાં આપ્યાં છે. આ બધા પ્રયત્નોના કારણે છેલ્લા મહિનાથી રાજ્યમાં શાંતિ છે અને હિંસાની કોઈ ઘટના બની નથી. છૂટાછવાયા વિરોધ પ્રદર્શન માટે પણ લોકો રસ્તા પર ઉતરતાં નથી. સરકારી ઓફિસો દરરોજ ખુલી રહી છે અને શાળાઓમાં બાળકોની સંખ્યા વધી રહી છે.

બિરેનસિંહે બીજી પણ ઘણી વાતો કરેલી ને બધી વાતો માંડવાનો અર્થ નથી પણ મુખ્ય મુદ્દો એ જ છે કે, બિરેનસિંહ મણિપુરના મુખ્ય પ્રધાન હોય કે ના હોય કોઈ ફરક જ નહોતો પડતો. મણિપુર લશ્કરના હવાલે હતું અને મણિપુરમાં શાંતિ સ્થપાઈ તેનું કારણ ભારતીય લશ્કર હતું. મણિપુરમાં સ્થિતી કાબૂ બહાર ગઈ પછી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે જખ મારીને ઈમ્ફાલ ખીણનાં ૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર એક્ટ (અ્રૠજડઅ) લાગુ કરીને લશ્કરને કમાન સોંપવી પડી હતી. આર્મીએ કડક બનીને ઘરે ઘરે ફરીને કોમ્બિંગ કરતાં લોકો જાતે જ તેમના હથિયારો જમા કરાવવા માંડ્યાં તેમાં હિંસાબંધ થઈ હતી.

મણિપુરમાં અત્યારે શાંતિ છે અને આ શાંતિ જળવાય એ માટે ભાજપે કોઈ સક્ષમ નેતાને મુખ્ય પ્રધાન બનાવવો જોઈએ. મણિપુરમાં હિંસાનું કારણ મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચેનો ઝગડો છે. બિરેનસિંહ આ ઝગડાને શાંત ના પાડી શક્યા કેમ કે એ પોતે પૂર્વગ્રહ સાથે વર્તતા હતા. બિરેનસિંહે ચોક્કસ સમુદાયને છાવર્યો તેના કારણે હિંસા ભડકી. એ માટે મતબેંકનું રાજકારણ જવાબદાર હતું. તેના કારણે એ સ્થિતિ સર્જાઈ છે કે, મણિપુર અત્યારે બે છાવણીમાં વહેંચાઈ ગયેલું છે. મૈતેઈ સમુદાયના વિસ્તારોમાં કુકી સહિતના આદિવાસી નથી જઈ શકતા ને કુકી સમુદાય સહિતના આદિવાસીઓના વિસ્તારોમાં મૈતેઈ સમુદાયનાં લોકો નથી જઈ શકતાં. એક રાજ્યમાં આ સ્થિતિ સર્જાય એ કમનસીબી કહેવાય પણ બિરેનસિંહની આ દેન છે.ભાજપના નવા મુખ્ય પ્રધાન આ નફરતને ઓગાળે એ જરૂરી છે કેમ કે આ નફરત લાંબા ગાળે આતંકવાદમાં પરિણમી શકે છે. આર્મીએ આતંકવાદના બફર એરીયાઝ મનાતા વિસ્તારોમાં કોમ્બિમંગ કરીને હથિયારો જપ્ત કરી લીધાં તેના કારણે સ્થિતિ સુધરેલી છે. છેલ્લા દોઢ વર્ષમાં જે વિસ્તારોમાં જવાની કોઈની હિંમત નહોતું કરતું એ વિસ્તારોમાં ઘૂસીને આર્મી હથિયારો જપ્ત કરી રહી છે તેથી હિંસા થતી નથી પણ આર્મીને કાયમી ધોરણે ના રાખી શકાય એ જોતાં નવા મુખ્ય પ્રધાને પોતે શાંતિ સ્થાપવી પડશે.

### એવું નથી કે બાંગ્લાદેશમાં ભારત-વિરોધી માનસિકતા અત્યારે જ દેખાઈ રહી છે.

# પોતાનો જ ઇતિહાસ ભૂંસવા મથતું બાંગ્લાદેશ

## નુક્સાન બાંગ્લાદેશને ખૂબ થઈ રહ્યું છે. એક સમયે ત્યાંની ફેક્ટરીઓ બાંગ્લાદેશના વિકાસ દરની વાહક હતી

બાંગ્લાદેશની હાલત બદથી બદતર થતી જાય છે. અહીં ભીડતંત્ર હાવી થઈ ગયું છે. સતત તોડફોડ થઈ રહી છે. હિંદુઓ પર વીણી વીણીને હુમલા કરાય છે. ગત અઠવાડિયે બંગબંધુ શેખ મુજીબુર્રહમાનનું ઘર હજારોની ભીડે તોડી નાખ્યું, કારણ કે ત્યાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાનું વર્ચ્યુઅલ સંબોધન થવાનું હતું. આ બધું ઈતિહાસ મિટાવવાના દાવા સાથે થઈ રહ્યું છે. અરાજકતા હવે એટલી વધી ગઈ છે કે પોલીસ અને ફોજ મળીને પણ સ્થિતિ સંભાળી નથી શકતા. તેનું

નુક્સાન બાંગ્લાદેશને ખૂબ થઈ રહ્યું છે. એક સમયે ત્યાંની ફેક્ટરીઓ બાંગ્લાદેશના વિકાસ દરની વાહક હતી, પરંતુ જ્યારથી શેખ હસીનાનો તખ્તાપલટ થયો છે, ત્યારથી ૧૦૦થી પણ વધારે ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે, જેનાથી તેમાં કામ કરનારી લગભગ ૧૦ લાખ છોકરીઓ બેરોજગાર થઈ ગઈ છે. ભૂખ અને બેકારી એટલી વધી ગઈ છે કે માનવ તસ્કરીમાં પણ વધારો થઈ ગયો છે. હાલમાં ઘૂસણખોરીનો ખતરો પણ વધી ગયો છે. સારી વાત છે કે બાંગ્લાદેશ સાથે જોડાયેલી સીમા પર આપણી તૈનાતી ચાકચોબંદ છે. હાલમાં ડ્રગ્સ, પશુઓ, ખાવા-પીવાનો સામાન વગેરેની તસ્કરીના પ્રયાસો પણ ખૂબ થઈ રહ્યા છે.


બાંગ્લાદેશની વચગાળાની કઠપૂતળી સરકાર સંપૂર્ણ નિષ્ફળ દેખાઈ રહી છે, કારણ કે તેમાં મોટાભાગે એવા લોકો છે, જેમને રાજકારણનો કશો અનુભવ નથી. ખુદ મોહંમદ યુનુસ, જે આ સરકારનો વડો છે, તે રાજકારણમાં ડચકાં ખાઈ રહ્યો છે, કારણ કે તેને તરતાં નથી આવડતું. જોકે તેણે ૨૦૦૭માં રાજકારણમાં હાથ અજમાવવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેને નિષ્ફળતા મળી હતી. અસલમાં શાંતિનો નોબેલ પુરસ્કાર જીતનાર યુનુસ ભલે એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ કહેવાતો હોય, પરંતુ તે છે અમેરિકાની કઠપૂતળી. આ જ કારણ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પણ ઢાકાની હાલત પર નજર રાખીને બેઠો છે.

જોકે એક વર્ગ એવું પણ માને છે કે મોહંમદ યુનુસના દિવસો હવે પતી જવાના છે, કારણ કે વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પનું આગમન થઈ ગયું છે. યુનિસના બિલ ક્લિન્ટન, બરાક ઓબામા જેવા ડેમોક્રેટ રાષ્ટ્રપતિઓ સાથે સારા સંબંધો હતા, પરંતુ રિપબ્લિકન સાથે નહીં. વિકિલીક્સના કેટલાય ખુલાસા તેની સાહેદી આપે છે. એવામાં નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે તેનો સંબંધ કેટલો આગળ વધી શકશે કહેવું મુશ્કેલ છે.

વચગાળાની સરકાર એટલા માટે પણ હાલત નથી સંભાળી શકતી, કારણ કે તે ભાનુમતિના પટારા જેવી છે. અલગ-અલગ ક્ષેત્રોના લોકોને તેમાં ભરી દીધા છે. તેમાં છાત્ર સંગઠનો અને જમાત-એ-ઈસ્લામી જેવા કટ્ટરવાદી પક્ષોનું ખૂબ ચલણ છે. એટલું જ નહીં, હિઝ્મ ઉત-તહરીર, હિફાઝતે ઈસ્લમામ બાંગ્લાદેશ જેવાં કટ્ટરપંથી સંગઠનો પણ તેમાં સામેલ છે. વલી આ સરકારને અત્યાર સુધી બંધારણીય માન્યતા પણ નથી મળી શકી. અવામી લીગથી જમાત અને છાત્ર સંગઠનોની નારાજગી અત્યાર સુધી એટલે બની રહી છે, કારણ કે શેખ હસીના ભારતમાં નિર્વાસિત જીવન જીવી રહ્યાં છે. વડાપ્રધાન પદ પર રહેતાં શેખ હસીનાએ મુક્તિ સંગ્રામ (બાંગ્લાદેશ સ્વાધીનતા આંદોલન)માં જમાતે ઈસ્લામી જેવા પક્ષોની તપાસ કરવાનું એલાન કર્યું હતું અને તેના દોષી નેતાઓને ફાંસી આપી દીધી હતી. જોકે પાકિસ્તાન અને અમેરિકા જેવા દેશ હસીનાને પસંદ નહોતા કરતા, તેથી તેમણે છાત્રોના આંદોલનને હવા આપી, જે સ્વાધીનતા સેનાનીઓને અનામત આપવા વિરુદ્ધ ચાલી રહ્યું હતું.

એવું નથી કે બાંગ્લાદેશમાં ભારત-વિરોધી માનસિકતા અત્યારે જ દેખાઈ રહી છે. આ માનસિકતા પહેલેથી જ છે, ૧૯૪૭થી. ૧૯૭૧ના યદ્ધમાં પણ જેમાં બાંગ્લાદેશને પાકિસ્તાનથી મુક્તિ મળી હતી,પૂર્વ પાકિસ્તાનમાં લગભગ ૩૦ ટકા એવા લોકો હતા, જે પાકિસ્તાનના ટુકડા નહોતા ઈચ્છતા. એવા લોકોનું પ્રતિનિધિત્વ જ જમાતે ઈસ્લામી જેવા રાજકીય પક્ષો કરતા હતા. એ જ કારણ છે કે કટ્ટરપંથીઓના પ્રભાવવાળી આજની બાંગ્લાદેશી હકૂમત કશું સમજ્યા-વિચાર્યા વિના જ નિર્ણયો લઈ રહી છે. તેમાં કોઈ દેશનો નક્શો બદલવાની વાત કરે છે તો કોઈ ઈતિહાસ બદલવાની. એ તો ખબર નથી કે દેશને ક્યાં લઈ જવો છે.

એવામાં સવાલ ઊઠે છે કે ભારતે શું કરવું જોઈએ? હાલમાં તો આપણે ધીરજથી બધું જોઈ રહ્યા છીએ. આ તો કાર્યવાહક સરકાર છે, તેથી તેની સાથે દીર્ઘકાલીન સંબંધો બનાવી પણ ન શકાય. હા, વેપાર વગેરે એની રીતે ચાલી રહ્યા છે. ત્યાં ચોખાની અછત સર્જાઈ તો આપણે માનવીય આધાર પર તેને ચોખા ઉપલબ્ધકરાવ્યા. હાલમાં ત્યાં ભલે કટ્ટરપંથી વધારે સક્રિય દેખાતા હોય, પરંતુ આજે નહીં તો કાલે બાંગ્લાદેશમાં ચૂંટણીઓ થશે અને બાંગ્લાદેશ ખુદને સંભાળશે ત્યારે આપણા સંબંધો પૂર્વવત શરૂ થશે.હાલમાં તો બાંગ્લાદેશ મઝધારમાં ફસાયેલું છે, તેમાંથી કદાચ જ તે વહેલં નીકળી શકે. અહીં જેને જે મોકો મળી રહ્યો છે, સમાન વિચારના લોકોને પદ પર બેસાડી દે છે, તેથી ઉથલપાથલ વધારે છે. જોકે મોહંમદ તૌહીદ હુસેન જેવા ગંભીર લોકો પણ છે, જેઓ પોતાના દેશને ઉગારવા માગે છે. વચગાળાની સરકાનરા વિદેશ સલાકરા મોહંમદ હુસેનનું માનવું છેકે ભારત સાથે સારા સંબંધો હોવા જ જોઈએ. પરસ્પર સન્માનના આધાર પર સારા દ્વિપક્ષીય સંબંધોના હિમાયતી હુસેન એ આશા રાખે છે કે ભારમતાં તેમના સમકક્ષ આ દિશામાં તત્પરતા દેખાડશે. બેશક ભારત પોતાના પડોશીનો ક્યારેય સાથ નહીં છોડે, પરંતુ જ્યાં સુધી સંબંધોમાં નરમીની વાત છે તો પહેલ તો બાંગ્લાદેશે જ કરવી પડશે. તેણે સૌથી પહેલાં ચૂંટણી કરાવીને પોતાની જનતાનો વિશ્વાસ જીતવો પડશે.



# ‘ઇક્કીસ’માં જયદીપ આહલાવત અને ધર્મેન્દ્ર સાથે સિકંદર ખેર પણ જોડાયો

શ્રીરામ રાઘવનની ફિલ્મ અણધાર્યા વળાંકો અને ધારી ન શકાય એવી વાર્તાઓ માટે જાણીતી હોય છે. તેઓ હવે એક નવા વિષય સાથે આવી રહ્યા છે, તે વૉર ફિલ્મ ‘ઈક્કિસ’ બનાવી રહ્યા છે. જેમાં જયદીપ આહલાવત, ધર્મેન્દ્ર તેમજ અગત્સ્ય નંદા જેવા ટેલેન્ટેડ કલાકારો કામ કરી રહ્યા છે. હવે તેમની સાથે આ ફિલ્મમાં હવે સિકંદર ખેર પણ જોડાયો છે.

સ્વાભાવિક છે કે, સિકંદર પણ કોઈ આર્મી ઓફિસરના રોલમાં જ જોવા મળશે, ભારતીય સેના જે પ્રકારની કોઈ પણ પડકારો સામે લડી લેવાની ક્ષમતા, શિસ્ત અને વીરતા માટે જાણીતી છે તે પણ આ ફિલ્મમાં જોવા મળશે જ. આ રોલ માટેની તૈયારી સિકંદરે શરૂ કરી દીધી છે.આ ફિલ્મ અંગે પોતાની ઉત્સુકતા વ્યક્ત કરતા સિકંદરે કહ્યું, “મને હંમેશા શ્રીરામ રાઘવનની ફિલ્મમાં કામ કરવાની ઈચ્છા હતી. તેમની ફિલ્મ મેકિંગના ભાષા ઘણી અલગ હોય છે. આ વાર્તાનો દૃષ્ટિકોણ ઘણો અલગ હશે, તે જે રીતે ખુલે છે અને પકડ જમાવે છે, ખાસ મારા માટે એક કલાકાર તરીકે મને હંમેશા તેમની ફિલ્મનો ભાગ બનવાની ઈચ્છા હતી.”

આગળ સિકંદરે જણાવ્યું, “અમારી સાથે દિનેશ વિજાન જેવા લિજેન્ડરી પ્રોડ્યુસર છે. તેમણે જે પ્રકારની ફિલ્મો બનાવી છે અને આજે તેઓ જે પ્રકારની ફિલ્મનો ટેકો કરી રહ્યા છે અને વિષયમાં જે રીતે ભરોસો મુકે છે તે જોરદાર હોય છે. તેમની સાથે મેડોકના પૂનમ વિજાન મળીને એક જોરદાર ટીમ બને છે. એક્ટર હોવાની એક સૌથી મજાની વાત એ છે કે તમને એવા કામ કરવા મળે છે, જે તમે સામાન્ય રીતે કરી શકતા નથી. તમને એવી અને એટલી બધી વસ્તુઓ શીખવા અને જોવા મળે છે જે જે તમને એ સિવાય અનુભવ કરવા ન મળે.”

સિકંદર ખેરે અંતે જણાવ્યું, “આવું જ કંઈક ઈક્કિસમાં પણ થઈ રહ્યું છે. સૈનિકોના જીવન પર આધારીત ફિલ્મ, જેમાં યુદ્ધ અને અમે જે વીર સૈનિકોનો રોલ કરીએ છીએ તે માત્ર ગૌરવ જ નહીં પણ ભાગ્યશાળી અનુભવાય છે. હું નસીબદાર છું કે આ ફિલ્મનો ભાગ બનવા મળ્યું, મને આશા છે કે આ ફિલ્મ સારી ચાલશે.”

સિકંદર પહેલી વખત એક સૈનિકનો રોલ કરતો જોવા મળશે. આ ફિલ્મમાં જે પ્રકારની કાસ્ટ છે, તેની પહેલાંથી જ ચર્ચા છે, સાથે જ અમિતાભ બચ્ચનના દોહિત્ર અગત્સ્ય નંદાની પણ આ પહેલાં થિએટ્રીકલ રિલીઝ હશે.



# સલમાન માટે બે કલાકની ઊંઘ પૂરતી, મહિને એક વાર ૭-૮ કલાક ઊંઘે છે

હું થાકી ગયો છું, તેમ કહેવાના બદલે ખૂબ કામ કરવું જોઈએ, જેથી આપોઆપ ઊંઘ આવી જાય .ઉંમરના છ દસકા નજીક પહોંચેલા સલમાન ખાનની ફિટનેસ અને એનર્જી યુવાનોને ટક્કર આપે તેવી છે. જિમ અને ચુસ્ત ડાયેટના આગ્રહી સલમાન ખાનને સતત કામમાં વ્યસ્ત રહેવાનું ગમે છે. સલમાન ખાને પોતાના પ્રથમ પોડકાસ્ટમાં દાવો કર્યો હતો કે, તેઓ રોજ માત્ર બે કલાક જ ઉંઘે છે. કોઈ કામ બાકી ન રહ્યું ત્યારે જ ઊંઘ આવે છે. ભત્રીજા અરહાન ખાનના પોડકાસ્ટ ‘ડમ્બ બિરિયાની’માં સલમાને અરહાન અને તેના મિત્રોને સતત ઉત્સાહમાં રહેવા અને સખત મહેનત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

દિવસ ભર કામ માટેનો ઉત્સાહ જાળવી રાખવા પોતે શું કરે છ તે અંગે સલમાન કહ્યું હતું કે, કોઈ કામ કરવાનું ન હોય ત્યારે જ ઊંઘવાનું પસંદ કરે છે. મહિને એકાદ વખત ૭-૮ કલાકની ઊંઘ મળે છે. શૂટ દરમિયાન થોડો બ્રેક મળ્યો હોત તો કેટલીક મિનિટો ઊંઘ ખેંચી લે છે. પોતે જેલમાં હતો ત્યારે ખૂબ સારી ઊંઘ આવી હોવાનું સલમાન કહે છે. એરક્રાફ્ટમાં તકલીફ સર્જાઈ ત્યારે પણ ઊંઘી ગયો હતો, કારણ કે આ સમયે સલમાન પાસે કોઈ કામ કરવાનું ન હતું.

અરહાન અને તેના મિત્રોને સતત કામમાં વ્યસ્ત રહેવાની સલાહ આપતાં કહ્યું હતું કે, સ્પોર્ટ્સમાં શરીરને થકવી નાખો. થાક લાગે એટલે પેઈન્ટિંગ શરૂ કરો અને ચહેરા પર થાક નહીં લાગે. આ રીતે સતત કામમાં વ્યસ્ત રહી શકાય છે. અત્યારે ઉત્સાહ ઘટી રહ્યો છે હોવાથી જ આળસ આવે છે. ઉત્સાહ જતો રહે તો માણસની ઉંમર વધવા લાગે છે અને આવું ક્યારેય થવા દેવું જોઈએ નહી. હું થાકી ગયો છું કે મને ઊંઘ નથી આવતી કહેવાના બદલે શરીરને ખૂબ થકવી નાખવું જોઈએ, જેથી તરત ઊંઘ આવી જાય.

# કરીનાની ચમકતી ત્વચાનું રહસ્ય, ડીટોક્સ એનર્જી ડ્રિંક લીબુ-પાણી

## કરીનાએ કેસર અને આદુ-સંચળના ચમત્કારિક ઉપયોગ અંગે વાત કરી



વેલેન્ટાઈન્સ વીકનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. આ દિવસોમાં સુંદર, સ્વસ્થ અને આકર્ષક દેખાવાની લાગણી દરેક હૈયામાં જોવા મળે છે. પોતાની હાજરી અંગે દરેક વ્યક્તિ નોંધ લે તેવું દરેક ઈચ્છે છે. કરીના કપૂર ખાન ફિટ, હેલ્ધી અને ગ્લેમરસ રહેવા માટેના ઘરગથ્થુ નુસખાઓ અંગે વાત કરતી રહે છે. ચમકતી ત્વચા માટે કરીના કપૂર ખાનને પોતાના ફેવરિટ ડીટોક્સ એનર્જી ડ્રિન્ક પર ભરોસો છે અને તેનું આ ડીટોક્સ ડ્રિંક છે પ્રખ્યાત લીંબુ-પાણી.

સ્કિન કેરની મોંઘી પ્રોડક્ટ્સની મદદ લીધા વગર પણ ઘરગથ્થુ નુસાખાથી પોતાની સુંદરતા જાળવી શકાય છે. કરીના કપૂર ખાન એક્સરસાઈઝ અને ડાયેટ અંગે જાહેરમાં વાત કરતી રહી છે. કરીના કપૂરને સ્વાદિષ્ટ વ્યંજનો આરોગવાનો શોખ છે, પરંતુ તે પોતાના આ શોખની અસર ફિટનેસ પર પડવા દેતી નથી. કરીનાએ લીંબુ પાણી (લેમનેડ)ને ફેવરિટ ડ્રિંક ગણાવવા ઉપરાંત અન્ય ઘરગથ્થુ નુસખા અંગે ઘણી વખત વાત કરેલી છે. કરીનાના પાવરફુલ ડ્રિંગમાં લીબુપાણીની સાથે સંચળ, ખાંડ આદુ અને કેસર હોય છે. આ ડ્રિંગના કારણે ત્વચા કાયમ ચમકતી રહે છે અને શરીરમાં ડીહાઈડ્રેશનની અસર આવતી નથી. શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં પણ આ ડીટોક્સ ડ્રિંક ખૂબ અસરકારક છે કરીના કપૂર ખાનને ઝીરો ફિગર માટે જાણીતી બનાવવાનું કામ રુજુતા દિવેકરે કર્યું હતું. રુજુતાએ લીંબુ પાણી અંગે વાત કરતા કહ્યું હતું કે, તેના કારણે બપોરના સમયમાં સુસ્તી આવતી નથી. વાળ અને ત્વચા પર કેસરની જાદુઈ અસર થાય છે. આદુ અને સંચળથી શરીર હળવું લાગે છે અને થાક વરતાતો નથી. એક્સરસાઈઝના ૬૦-૯૦ મિનિટ પહેલા ફાઈબર ફૂડ લેવાની જરૂરિયાત પણ રુજુતાએ ભાર મૂક્યો હતો.

# ફિલ્મોમાં એઆઈ: ઓસ્કાર એવોર્ડમાં સબમિશન પ્રક્રિયા બદલાશે

## આ વર્ષે બેસ્ટ પિક્ચર કેટેગરીમાં ફેવરિટ મનાતા ‘ધ બ્રુટાલિસ્ટ’માં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ થયો હોવાનું બહાર આવતાં વિવાદ સર્જાયો હતો

આર્ટફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ડીપ ફેક વીડિયોથી માંડીને ઘણાં જટિલ મનાતા કામો પાર પાડવામાં આવે છે. અન્ય ક્ષેત્રોની જેમ ફિલ્મોમાં પણ AIનો ઉપયોગ વધી રહ્યો છે. ઓસ્કાર દ્વારા આ વર્ષના એવોર્ડ માટે નોમિનેટ થયેલી કેટલીક ફિલ્મોમાં પણ છૈંનો ઉપયોગ થયો છે. ગત વર્ષે રિલીઝ થયેલી ‘ધ બ્રુટાલિસ્ટ’ને બેસ્ટ પિક્ચરની કેટેગરીમાં ફેવરિટ માનવામાં આવે છે ત્યારે ફિલ્મોમાં છૈંના ઉપયોગ મામલે વિવાદ સર્જાયો છે. આ મામલે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મત-મતાંતરો ચાલી રહ્યા છે ત્યારે આગામી વર્ષથી ઓસ્કાર એવોર્ડમાં સબમિશન પ્રક્રિયામાં ફેરફારથઈ શકે છે.

આગામી વર્ષથી ઓસ્કારમાં નોમિનેશન માટે પસંદ થયેલી ફિલ્મ અને તેની સાથે સંકળાયેલા લોકોએ છૈંના ઉપયોગ અંગે માહિતી આપવી પડશે.



ઓસ્કારમાં હાલ AIના ઉપયોગ અંગેનું ડિસ્ક્લોઝર વૈકલ્પિક છે. ૨૦૨૬ના વર્ષથી છૈંના ઉપયોગનું ડિસ્ક્લોઝર ફરજિયાત કરવાના ઈરાદે ફિલ્મની દરેક કેટેગરીમાં છૈંના ઉપયોગ અંગે ઓસ્કારના ગવર્નર્સ અને એક્ઝિક્યુટિવ કમિટીએ તપાસ હાથ ધરી છે. તપાસના આધારે ઓસ્કાર ૨૦૨૬ના સબમિશનમાં AIના ઉપયોગનું ડિસ્ક્લોઝર ફરજિયાત કરવામાં આવશે.

ધ બ્રુટાલિસ્ટ ઉપરાંત ‘ડ્યુનઃ પાર્ટ ૨’, ‘એમિલિયા પેરેઝ’ અને ‘અ કમ્પ્લિટ અનનોન’ જેવી ફિલ્મોમાં પણ AIનો ઉપયોગ થયેલો છે. ‘અ કમ્પ્લિટ અનનોન’માં ત્રણ વાઈડ શોટમાં AIની મદદ લેવાઈ હતી, જેમાં એક્ટર જેવા લાગતા બોડી ડબલ પાસે કામ કરાવાયું હતું. આ પ્રકારની પદ્ધતિ વર્ષોથી ફિલ્મોમાં ચાલી રહી છે અને વીએફએક્સની મદદથી બોડી ડબલ પાસે કામ કરાવાય છે અને બાદમાં ચહેરાને રીપ્લેસ કરી દેવાય છે. ‘ધ બ્રુટાલિસ્ટ’ના ડાયરેક્ટર બ્રેડી કોરબેટે જણાવ્યું હતું કે હંગેરિયન ભાષાના એક ડાયલોગમાં છૈંથી એડિટિંગ કરાયું હતું, જેથી કેટલાક ઉચ્ચારો વધારે અસરકારક થઈ શકે. ફિલ્મમાં એક્ટર્સના પરફોર્મન્સ સુધારવા છૈંનો ઉપયોગ થયો નથી. ફિલ્મમાં એક્ટર એડ્રિયન અને ફેલિસિટીના પરફોર્મન્સ તેમના પોતાના છે. ‘એમિલિયા પેરેઝ’ના અંત આવતી ક્રેડિટમાં છૈં કંપનીનો ઉલ્લેખ આવે છે. છૈંની મદદથી ફિલ્મમાં ઓપેરા સિંગર મરાયા કલાસના ૧૯૬૦ના દસકાના રેકોર્ડિંગમાં મિક્સિંગ કરાયું છે.

આમ તો ફિલ્મોમાં વિઝ્યુઅલ ઈફેક્ટ લાવવા માટે ટેકનોલોજી અને છૈંની મદદ વર્ષોથી લેવામાં આવે છે. જો કે AIના વધી રહેલા ઉપયોગના કારણે માણસની મહેનત અને ટેકનોલોજીના કમામલ વચ્ચે ભેદ પારખવાનું અઘરું બન્યું છે. થોડા મહિના પહેલા વિઝ્યુઅલ ઈફેક્ટ્સ સોસાયટી એવોર્ડ્સનું આયોજન થયું હતું. તેમાં ઓસ્ટ્રેલિયાની કંપની રાઈઝિંગ સન પિક્ચર્સે નોમિનેશન મેળવ્યુ હતું. આ કંપનીએ વિકસાવેલી ટેકનોલોજીમાં ફેસ રીપ્લેસમેન્ટ, ફેશિયલ પરફોર્મન્સ મોડિફિકેશન, બોડી રીપ્લેસમેન્ટ જેવા અનેક ફીચર છે. આમ, ટેકનોલોજીએ એક્ટર્સ-આર્ટિસ્ટ્સના પરફોર્મન્સને સીધી ચેલેન્જ આપી છે. આવનારા સમયમાં માણસ અને ટેકનોલોજી વચ્ચે સીધી સ્પર્ધાની સંભાવના છૈંના કારણે ઊભી થઈ છે ત્યારે સંભવિત સ્થિતિનો ચિતાર ઓસ્કાર એવોર્ડ પૂર્વે જોવા મળ્યો છે.

# એશા ગુપ્તા, દેવરકોન્ડા અને રાજકુમાર રાવે કુંભમાં સ્નાન કર્યું

## રાજકુમાર રાવ અને પત્રલેખાએ પોતાને ગંગા મૈયાના ભક્ત ગણાવ્યાં

પ્રયાગરાજ ખાતે યોજાઈ રહેલા મહાકુંભ મેળામાં પવિત્ર સ્નાન કરનારા કરોડો શ્રદ્ધાળુઓમાં ફિલ્મ સ્ટાર્સ પણ જોડાઈ રહ્યા છે. જાણીતી એક્ટ્રેસ એશા ગુપ્તા, વિજય દેવરકોન્ડા અને રાજકુમાર રાવે ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી હતી. એશા સાથે તેનાં માતા રેખા ગુપ્તા પણ હતા. એશાએ સ્વામી બાલકનંદ ગિરીના આશીર્વાદ લીધા હતા અને ઉત્તર પ્રદેશ ટુરિઝમના મંત્રી સાથે પણ મુલાકાત કરી હતી.

એશાએ પોતાના આ અનુભવને સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. એશાએ ‘દિવ્ય કુંભ, ભવ્ય કુંભ’ લખીને પોતાના ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા.



ફિલ્મોમાં દમદાર રોલ માટે જાણીતા અને તાજેતરમાં પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કરનારા રાજકુમાર રાવે પત્ની પત્રલેખા સાથે કુંભ મેળામાં ભાગ લીધો હતો. રાજકુમાર રાવે સંગમ ઘાટ પર સ્નાનના મહિમા અંગે વાત કરી હતી. રાજકુમાર રાવે જણાવ્યું હતું કે, તેઓ અગાઉના કુંભમાં પણ આવ્યા હતા. રાજકુમાર રાવ અને પત્રલેખા ગંગામૈયામાં અપાર શ્રદ્ધા ધરાવે છે. તેઓ પરમાર્થ નિકેતન આશ્રમમાં રોકાયા હતા. પત્ની સાથે મહાકુંભમાં સ્નાન કરવાનો લ્હાવો મળતા રાજકુમાર રાવે પોતાની જાતને ભાગ્યશાળી ગણાવી હતી. આ સાથે તક આપવા બદલ ભગવાનનો આભાર માન્યો હતો.



## ઉદયપુરમાં ઉજવાયો એક સ્વપ્નશીલ શાહી લગ્ન પ્રસંગ

# પેલેસ ઓફ ડ્રીમ્સ ખાતે સલોની મહેતા અને અભિનેતા દેવર્ષિ શાહનાં ભવ્ય લગ્ન યોજાયાં

અગ્રણી લક્ઝરી વેડિંગ પ્લાનર અને ટ્રુ ઈવેન્ટ્સના સ્થાપક જયદીપ મહેતાની પુત્રી સલોની મહેતાના લગ્ન સમારોહ અમિત શાહના પુત્ર, અભિનેતા દેવર્ષિ શાહ સાથે ભવ્યતા અને પરંપરાનો એક ભવ્ય પ્રસંગ હતો. પુસ્તકોમાં વાંચવા મળતી પ્રેમકથાના નવા પ્રકરણની સંપૂર્ણ પૃષ્ઠભૂમિ રૂપેઆયોજિત કરવામાં આવ્યો હતો. ઉદયપુરના રાજવી શહેરમાં આયોજિત આ લગ્ન સમારોહ ઘણો દબદબાપૂર્ણ રહ્યો. શ્રી મહારાજ લક્ષ્યરાજ સિંહ મેવાડ અને રાજકુમારી નિવૃત્તિ કુમારી મેવાડે ખાસ પધારીને દંપતીને આશીર્વાદ આપ્યા હતા.

નાટ્ય ક્ષેત્રે અભિનયનીવિશેષ પ્રતિભા માટે જાણીતી સલોની અને રૂપેરી પડદે દર્શકોને મોહિત કરનારી કરિશ્માઈ અભિનેતા દેવર્ષિનાં આ ભવ્ય લગ્ન એક સ્વપ્નશીલ, સ્ટાઇલિશ અને સિનેમેટિક પ્રસંગ રૂપે આયોજિત થયાં.

આ લગ્ન સંપૂર્ણતાથી ઉતરતું ન હોય એની પૂરી તકેદારીઈવેન્ટ ઉદ્યોગના એક સ્વપ્નદ્રષ્ટા અને ખૂબ જ ભવ્ય ઉજવણીઓના આયોજન માટે ખાસ જાણીતા એવા દુલ્હનના પિતા જે.ડી. મહેતાએ રાખી હતી. ઉદયપુરના સિટી પેલેસ ખાતે ૩ડ્ઢ પ્રોજેક્શન મેપિંગથી લઈને જગમંદિર આઈલેન્ડ પેલેસ ખાતે એક આકર્ષક લગ્ન સુધી, દરેક ક્ષણ ભવ્યતા અને ભવ્યતા દર્શાવવા માટે કાળજીપૂર્વક ડિઝાઈન કરાઈ હતી. લગ્ન સમારોહની તમામ ઈવેન્ટ માટે અનોખો માહોલ તૈયાર કરવામાં આવ્યો હતો; ભૂમિ ત્રિવેદી પોતાના ભાવપૂર્ણ અવાજથી મહેંદી સમારોહમાં સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. જ્યારે સિટી પેલેસના માણેક ચોક ખાતે યોજાયેલી સંગીત રાત્રિ એક ભાવનાત્મક માસ્ટરપીસ સમાન બની રહી હતી, જેમાં દંપતીની પ્રેમકથાને ઈમર્સિવ ૩ડ્ઢ પ્રોજેક્શન અને વોઈસઓવર દ્વારા વર્ણવવામાં આવી હતી. રાજકુમારી નિવૃત્તિ કુમારી મેવાડ અને તેમના બાળકોની વિશેષ હાજરી અને તેમના આશીર્વાદે સાંજને એક શાહી આકર્ષણથી ભરી દીધી, જે શાદાબ ફરીદી અને ફરીદી બ્રધર્સના મનમોહક પ્રદર્શનથી વધુ વાઈબ્રન્ટ બની ગઈ.

જગમંદિર આઈલેન્ડ પેલેસ ખાતે યોજાયેલા લગ્નમાં આ યુગલે એક હોડીમાં શાહી પ્રવેશ કર્યો હતો, જેમાં પ્રેમની થીમને તેની બધી ભવ્યતામાં પ્રદર્શિત થઇ હતી. જેમાં મુખ્ય થીમ લાલ રંગ આધારિત હતી. હજારો ગુલાબ અને મીણબત્તીઓની આર્ટિસ્ટિક ગોઠવણી કરવામાં આવી હતી. અમદાવાદમાં યોજાયેલા સલોની અને દેવર્ષિના રિસેપ્શનમાં ૧,૦૦૦થી વધુ મહેમાનો હાજર રહ્યા હતા.

### ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમની જાહેરાત કરવાનો આજે છેલ્લો દિવસ

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ભારતીય ટીમમાં ફેરફારઃ બુમરાહ બહાર થઈ શકે



આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે આઈસીસીને અંતિમ ટીમને સોંપવાની અંતિમ તારીખ સમાપ્ત થઈ રહી છે. ટૂર્નામેન્ટમાં સામેલ તમામ આઠ ટીમોએ તેમની અંતિમ 15 સભ્યની ટીમની સૂચિ આઈસીસીને સોંપવી પડશે. આ ટૂર્નામેન્ટ 19 ફેબ્રુઆરીથી શરૂ થાય છે. ભારતીય ટીમના ઝડપી બોલર જસપ્રીત બુમરાહની ઉપલબ્ધતા વિશે મૂંઝવણ વધી છે.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે ગયાં મહિને જાહેર કરાયેલી ભારતની 15 -સભ્ય પ્રારંભિક ટીમમાં બુમરાહનું નામ સામેલ હતું, પરંતુ તે 19 ફેબ્રુઆરીથી ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થતાં પહેલાં ઈંગ્લેન્ડ સામેની વનડે સિરીઝમાં રમી શક્યો નહીં. સિડનીમાં ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી પાંચમી ટેસ્ટ દરમિયાન બુમરાહને ઈજા થઈ હતી અને ત્યારથી તે કોઈ મેચ રમી શક્યો નથી. ભારતીય ટીમના સભ્યને પણ બુમરાહ વિશે કોઈ માહિતી નથી.

બુમરાહની ઉપલબ્ધતા ન હોવાથી, ભારતે બે બોલરો વરૂણ અને રાણાને ઈંગ્લેન્ડ સામે વનડે સિરીઝમાં ડેબ્યૂ કરવાની તક આપી હતી. બુમરાહની ગેરહાજરીમાં, ઝડપી બોલર હર્ષિત રાણા, જે ટીમમાં સ્થાન મેળવવાનો દાવેદાર માનવામાં આવે છે, તેણે નાગપુરમાં પ્રથમ વનડે મેચ રમી હતી અને અત્યાર સુધીની શ્રેણીની બંને મેચો રમી છે અને મધ્ય ઓવરમાં પણ સારું પ્રદર્શન કર્યું છે .

**ચેમ્પિયન્સ ટ્રોફી માટે ગયાં મહિને જાહેર કરાયેલી ટીમમાં બુમરાહનું નામ સામેલ પરંતુ હવે તેની જગ્યાએ વરૂણ ચક્રવર્તીને લઈ શકે**

બીજી તરફ, સ્પિનર વરૂણ ચક્રવર્તી પણ ડેબ્યૂ કરવાની તક પણ આપવામાં આવી હતી, જે ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચ ટી-20 શ્રેણીમાં પ્રભાવિત કરવામાં સફળ રહ્યો હતો. બુમરાહની ગેરહાજરીમાં, રાણાને ટીમમાં સ્થાન મળી શકે છે કારણ કે તેણે ફાસ્ટ બોલિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. જો બુમરાહ ઉપલબ્ધ નથી, તો વરુન પણ તેની જગ્યાએ ટીમમાં જોડાવાનો દાવેદાર છે.




ભારતીય ટીમના ઝડપી બોલિંગ વિભાગમાં મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ અને હાર્દિક પંડ્યાનો સમાવેશ થાય છે. ભારતનાં ક્રિકેટ બોર્ડ ઓફ કંટ્રોલ બુમરાહની ફિટનેસ માટે તત્પર છે અને નેશનલ ક્રિકેટ એકેડેમીમાં ત્રણ -મેમ્બરની ટીમ બુમરાહની તપાસ કરી રહી છે. એવું માનવામાં આવે છે કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં બુમરાહની ઉપલબ્ધતા અંગે આજ સુધીમાં નિર્ણય લેવામાં આવશે.

જો બુમરાહ ટૂર્નામેન્ટની વચ્ચે અથવા છેલ્લાં તબક્કા સુધી રમવા માટે ફિટ હશે તો તે 15-સભ્ય ટીમનો ભાગ રહેશે. આઈસીસી નિયમ અનુસાર, 11 ફેબ્રુઆરી પછી, ખેલાડીની ફેરબદલ માટે ટૂર્નામેન્ટની તકનીકી સમિતિની જરૂર પડશે.

ભારતને ચેમ્પિયન્સ ટ્રોફીના ગ્રુપ એ માં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડની સાથે સ્થાન આપવામાં આવ્યું છે. આ માટે પાકિસ્તાન જવાનો ઈનકાર કર્યા બાદ ભારત તેની તમામ મેચ દુબઈમાં હાઈબ્રિડ મોડેલમાં રમશે

ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતની 15 સભ્યની પ્રારંભિક ટીમ

રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ (વિ.કી.), હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, યશસ્વી જયસ્વાલ, રિષભ પંત,અને રવિન્દ્ર જાડેજા.

## રાહુલને અક્ષર પટેલ પછી મેદાન પર ઉતારવા મુદ્દે અનેક સવાલ

ટીમ ઈન્ડિયાએ ભારત અને ઈંગ્લેંડ વચ્ચેની બીજી વનડે મેચમાં અદભૂત વિજય પ્રાપ્ત કરી હતી, પરંતુ તે પછી કેએલ રાહુલ અને અક્ષર પટેલના બેટિંગ ઓર્ડર પર પ્રશ્નો ઉભા થયાં છે.




મેચના અંતે, બ્રોડકાસ્ટરના કેમેરાએ કેટલાક સમય માટે ડગ-આઉટમાં બેઠેલાં ઋષભ પંતને બતાવ્યો હતો. જ્યારે લોકેશ રાહુલ મેદાનમાં છ નંબર પર બેટિંગ કરી રહ્યો હતો. હવે તે જોવું પડશે કે બેટિંગના ઉપરના ક્રમમાં અક્ષર પટેલને મોકલવાથી ઋષભ પંતનો માર્ગ મુશ્કેલ થઈ શકે છે ?

રાહુલને આ મેચમાં પંતની જગ્યાએ પસંદગી મળી હતી, તેથી તેને બેટિંગમાં ખૂબ નીચે આવવું એ આશ્ચર્યચકિત હતું. આ જ કારણ છે કે રવિ શાસ્ત્રીએ બોલર અક્ષરની જગ્યાએ રાહુલ જેવાં ટોચનાં બેટ્સમેનને 6 ક્રમે મૂકવા પર નારાજગી વ્યક્ત કરી હતી. જો પરિણામો પર નજર કરીએ, તો પછી મુખ્ય કોચ ગૌતમ ગંભીર યોગ્ય સાબિત થયો છે કારણ કે અક્ષર પ્રથમ બે મેચમાં 52 અને 41 રન બનાવ્યાં હતાં.

ભૂતપૂર્વ ભારતીય ખેલાડી, જેમણે ગંભિરની વ્યૂહરચના નજીકથી જોઇ છે તેણે જણાવ્યું હતું કે, ગૌતમ હંમેશાં ટીમની જરૂરિયાતોને જુએ છે અને તે મુજબ રાહુલ નંબર છ પર યોગ્ય લાગે છે કારણ કે તે તેમને ડાબી જમણા બેટ્સમેનનું સંયોજન જાળવવામાં મદદ કરે છે.

અક્ષર પાંચમા ક્રમે છે અને પંત મુશ્કેલ પરિસ્થિતિમાં આવી ગયો છે. જો તેઓ આ બેટિંગ સંયોજન પર વિચારણા કરી રહ્યાં છે, તો પંતને શામેલ કરવો મુશ્કેલ બનશે. ઘણાં નિષ્ણાતોને આશ્ચર્ય થયું છે કે, કેવી રીતે રાહુલ, જે શ્રેષ્ઠ બેટ્સમેન છે, તે બોલિંગ ઓલ રાઉન્ડરની નીચે બેટિંગ કરી શકે.

## રવિન્દ્ર જાડેજાના ‘જાદુ’ પાછળનું કારણ શું? ડોમેસ્ટીક ક્રિકેટ વધુ રમવાથી જળવાતું ફોર્મ

ભારતનાં ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ રવિવારે પોતાનું વર્તમાન ફોર્મ અને તેની લય વિશે કહ્યું હતું કે સૌરાષ્ટ્ર માટે ઘરેલું ક્રિકેટ રમવાથી તેમને ઈંગ્લેન્ડ સામેની વનડે સિરીઝ દરમિયાન લય જાળવવામાં મદદ મળી છે.

રોહિતની સદીનાં આધારે, ભારતે રવિવારે કટકના બારાબતી સ્ટેડિયમ ખાતેની શ્રેણીની બીજી વનડેમાં ઈંગ્લેન્ડને સામે ચાર વિકેટથી જીત મેળવી હતી. આ અદભૂત જીત સાથે, મેન ઇન બ્લુએ ઈંગ્લેન્ડ સામે વનડે સિરીઝ 2-0 થી જીત મેળવી હતી.

2024-25 રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર તરફથી રમ્યાં પછી, જાડેજા ઈંગ્લેન્ડ સામે વનડે સિરીઝમાં જોડાયો હતો. દિલ્હી સામેની રણજી ટ્રોફીમાં,



36 વર્ષીય જાડેજાએ નોંધપાત્ર 12 વિકેટો લીધી હતી, જેમાં સૌરાષ્ટ્રને 10 વિકેટથી જીતવામાં મદદ મળી હતી. 2024-25 રણજી ટ્રોફીમાં તેની છેલ્લી મેચ આસામ સામે હતી, જ્યાં ટોચનાં ભારતીય ઓલરાઉન્ડરએ બોલિંગ ન કરી અને પ્રથમ ઈનિંગ્સમાં બેટિંગ કરી હતી.

મેચ પછી પ્રેસ કોન્ફરન્સમાં બોલતાં, જાડેજાએ કહ્યું કે તે બીજી વનડેમાં ઈંગ્લેન્ડ સામેના તેનાં પ્રદર્શનથી તે ખુશ છે. ઓલરાઉન્ડરે કહ્યું કે 2023 ના વર્લ્ડ કપથી તે વનડે ફોર્મેટમાં રમ્યો નથી, તેમ છતાં, ઘરેલું ક્રિકેટ રમવાને કારણે તેની લય જળવાઈ રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે રણજી ટ્રોફીમાં રમવાથી તેને લય જાળવવામાં મદદ મળી છે. જાડેજાએ કટકમાં કહ્યું કે મને ખૂબ સારું લાગે છે. કોઈને પણ આ ફોર્મેટમાં ઝડપથી સેટ થવાની જરૂર નથી. તેમણે કહ્યું કે મને લાગે છે કે ઘરેલું ક્રિકેટ રમવાથી મને મદદ મળી કારણ કે મેં તે મેચમાં લગભગ 30 ઓવર ફેંકી હતી.તેનાં કારણે, લય જળવાઈ રહી છે.

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પરાજય બાદ, ઇન્ડિયન ક્રિકેટ બોર્ડએ એક આદેશ જારી કર્યો હતો કે ઈજાઓ અથવા વર્કલોડ-મેનેજમેન્ટના મુદ્દાઓને બાદ કરતાં, ટોચનાં ખેલાડીઓએ જ્યારે પણ રાષ્ટ્રીય ક્રિકેટ ન રમતાં હોય ત્યારે તેમની રણજી ટ્રોફી ફરજિયાત રમવી પડશે.

## રોહિત શર્માનું લક્ષ્ય સચિન તેંડુલકરનો વર્લ્ડ રેકોર્ડ છે, અમદાવાદમાં નવો ઇતિહાસ લખાશે

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI શ્રેણીની ત્રીજી મેચ 12 ફેબ્રુઆરીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. હાલમાં, રોહિત બ્રિગેડે શ્રેણી 2-0 થી જીતી લીધી છે.

છેલ્લી મેચ જીતીને, ટીમ ઈન્ડિયા શ્રેણીમાં ઈંગ્લેન્ડને વ્હાઈટવોશ કરવા પર નજર રાખશે. બીજી વનડેમાં, કેપ્ટન રોહિત શર્માએ શાનદાર સદી ફટકારીને પોતાના ફોર્મમાં પાછો ફર્યો અને ભારતને 4 વિકેટથી મેચ જીતવામાં મદદ કરી.

હવે ત્રીજા વનડે મેચમાં બધાની નજર હિટમેન પર રહેશે, કારણ કે તેની પાસે માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરનો વર્લ્ડ રેકોર્ડ તોડવાની સુવર્ણ તક છે.




વાસ્તવમાં, રોહિત શર્મા ( રોહિત શર્મા ૧૧૦૦૦ ODI રનની નજીક ) એ અત્યાર સુધીમાં કુલ ૨૬૭ ODI મેચ રમી છે અને આ દરમિયાન તેણે ૧૦૯૮૭ રન બનાવ્યા છે. તે ૧૧૦૦૦ રન પૂરા કરવાથી માત્ર ૧૩ રન દૂર છે. ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડે મેચમાં હિટમેન પાસે વનડેમાં ૧૧ હજાર રન પૂરા કરવાની સુવર્ણ તક છે.

આ દરમિયાન તે માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરનો 23 વર્ષ જૂનો રેકોર્ડ તોડી શકે છે. વનડેમાં સૌથી ઝડપી ૧૧ હજાર રન બનાવવાના મામલે વિરાટ કોહલી ટોચ પર છે, જેમણે વર્ષ ૨૦૧૯માં પાકિસ્તાન સામેની ૨૩૦મી મેચમાં આ સિદ્ધિ મેળવી હતી.

બીજા નંબરે સચિન તેંડુલકર છે, જેમણે 2002માં ઈંગ્લેન્ડ સામે પોતાની 284મી મેચ રમીને 11000 ODI રન પૂરા કર્યા હતા. હવે રોહિત પાસે તેની 268મી ODI મેચ રમીને 11000 ODI રન પૂરા કરવાની તક છે.

આ પહેલા, ઈંગ્લેન્ડ સામેની બીજી વનડેમાં, રોહિત શર્મા વનડેમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર બીજો બેટ્સમેન બન્યો હતો. રોહિતે તેની 258મી ઈનિંગમાં 338 છગ્ગા ફટકાર્યા છે. પહેલા નંબરે પાકિસ્તાનનો શાહિદ આફ્રિદી છે, જેણે ૩૬૯ ઈનિંગ્સમાં ૩૫૧ છગ્ગા ફટકાર્યા છે.

## વિવેચકોનું મોં બંધ કરવાની શ્રેષ્ઠ રીત અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શનઃ રોહિતની પ્રશંસા કરતાં બીગ બી

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમેલી બીજી વનડેમાં ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ 90 બોલમાંથી 119 રનની શાનદાર ઇનિંગ્સ રમી હતી. તેને જોઈને, દરેક વ્યક્તિને થોડું આશ્ચર્ય થયું અને તેનાં ચાહકોને ખૂબ જ આનંદ થયો હતો. જેણે પણ રોહિતની આ ઇનિંગ્સ જોઈ હતી તેમણે એમ જ કહ્યું હશે કે આ સુપર"હિટ" છે.



ઈંગ્લેન્ડ સામેની બીજી વનડેમાં રોહિત શર્માની ઇનિંગ્સ જોઈને બોલિવૂડનાં મહાનાયક અમિતાભ બચ્ચન પણ તેમની પ્રશંસા કરતાં ખુદને અટકાવી શક્યાં નહીં. રોહિત શર્માની 119 રનની સદીની પ્રશંસા કરતાં, અમિતાભ બચ્ચને તેમનાં બ્લોગમાં લખ્યું છે કે, "થોડો ઘટાડો થયો હોવા છતાં, ઈંગ્લેન્ડ સામેની મેચમાં રોહિત શર્માએ કરેલ શાનદાર પ્રદર્શન અતુલ્ય હતું."

બીગ બીએ આગળ લખ્યું કે, વિવેચકોને મૌન કરવાની શ્રેષ્ઠ રીત એ છે કે અપેક્ષાઓ કરતાં વધુ સારું પ્રદર્શન કરો અને રોહિત તે જ કર્યું છે.

**કટકમાં રોહિતની તોફાની ઈનિંગ જોયાં પછી અમિતાભ બચ્ચનને સોશિયલ મીડિયા પર હૃદયસ્પર્શી વાત કહી**

## કેન વિલિયમસને તોડ્યો કોહલી-એબીડીનો રેકોર્ડ, પાકિસ્તાનની ધરતી પર મચાવી ધૂમ

પાકિસ્તાનની ધરતી પર રમાઈ રહેલી ત્રિકોણીય સિરીઝમાં, ન્યુઝીલેન્ડે 10 ફેબ્રુઆરીએ દક્ષિણ આફ્રિકાને હરાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. ન્યુઝીલેન્ડે અગાઉ પાકિસ્તાનને હરાવ્યું હતું.




10 ફેબ્રુઆરીના રોજ, દક્ષિણ આફ્રિકા સામે ન્યુઝીલેન્ડના બેટ્સમેન કેન વિલિયમસનનું બેટ જોરથી બોલ્યું. તેને વિરાટ કોહલી અને એબી ડી વિલિયર્સના રેકોર્ડ તોડી નાખ્યા.

આ મેચમાં કેન વિલિયમસન ODI ફોર્મેટમાં સૌથી ઝડપી 7 હજાર રન પૂર્ણ કરનાર વિશ્વનો બીજો ખેલાડી બન્યો છે. આ મેચની મદદથી તેને 159 ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી. પહેલા નંબર પર હાશિમ અમલા છે, જેને 150 ઈનિંગ્સમાં સૌથી ઝડપી 7 હજાર રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો છે. ત્રીજા નંબર પર વિરાટ કોહલી છે, જેને 161 ઈનિંગ્સમાં 7 હજાર રન બનાવ્યા હતા. જ્યારે એબી ડી વિલિયર્સ 166 ઈનિંગ્સ સાથે ચોથા સ્થાને છે. સૌરવ ગાંગુલી 174 ઈનિંગ્સ સાથે પાંચમા સ્થાને છે.

ન્યુઝીલેન્ડના દિગ્ગજ ખેલાડી કેન વિલિયમસને 113 બોલમાં 133 રનની ઈનિંગ રમી. તેને લગભગ બધી દિશામાં શોટ રમ્યા. પોતાની ઈનિંગ દરમિયાન વિલિયમસને 13 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. તેને 117.70 ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી. આ મેચમાં વિલિયમસન ખૂબ જ સારી સ્થિતિમાં જોવા મળ્યો. તે લગભગ દરેક પ્રકારના ક્રિકેટ શોટ રમ્યો. આ જ કારણ હતું કે દક્ષિણ આફ્રિકાનો કોઈ પણ ખેલાડી વિલિયમસનને આઉટ કરી શક્યો નહીં.

આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ 50 ઓવરમાં 304/6 રન બનાવ્યા. ટીમ તરફથૂ મેથ્યુ બ્રિત્ઝકે શાનદાર પ્રદર્શન કર્યું. તેને પોતાની વનડે ડેબ્યૂ મેચમાં 148 બોલમાં 150 રન બનાવ્યા હતા.

## BCCI IPL 2025નું શેડ્યૂલ સાત દિવસમાં જાહેર કરશે, 21 માર્ચથી શરૂ થશે ટુર્નામેન્ટ

વિશ્વભરના ક્રિકેટ ચાહકોની નજર હાલમાં પાકિસ્તાનમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પર છે. આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ 9 માર્ચે યોજાવાની છે. ટુર્નામેન્ટ પૂરી થતાની સાથે જ પ્રશંસકોને IPLનો રોમાંચ જોવા મળશે. આ રીતે, ક્રિકેટ પ્રશંસકોને આગામી કેટલાક મહિનાઓ સુધી ક્રિકેટનો સતત ડોઝ મળવાનો છે. આ ટુર્નામેન્ટની 18મી સીઝન 21 માર્ચ 2025થી શરૂ થશે. જો કે તેનું શેડ્યૂલ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે BCCI આગામી સાત દિવસમાં IPL 2025ના સંપૂર્ણ શેડ્યૂલની જાહેરાત કરી શકે છે.






મીડિયા રિપોર્ટ અનુસાર બંને ટીમો તેમની ઘરેલું મેચો દૂર રમશે. નોંધનીય છે કે દિલ્હી કેપિટલ્સ તેની બે હોમ મેચ વિઝાગમાં રમશે. છેલ્લી સિઝનમાં પણ, દિલ્હીને તેની કેટલીક મેચો વિઝાગમાં રમવી પડી હતી કારણ કે IPL 2024 ની શરૂઆતની નજીક WPL સમાપ્ત થઈ ગયું હતું અને અરુણ જેટલી સ્ટેડિયમ IPL મેચો યોજવા માટે તૈયાર ન હતું. દરમિયાન, 2008 IPL ટાઇટલ વિજેતા રાજસ્થાન રોયલ્સ પણ તેમની બે ઘરેલું મેચ તટસ્થ સ્થળોએ રમશે, જેનો નિર્ણય લેવાનો બાકી છે.

આ પહેલા IPLના ચેરમેન રાજીવ શુક્લાએ પુષ્ટિ કરી હતી કે આ લીગ 21 માર્ચથી પૂરા જોશ અને ઉત્સાહ સાથે શરૂ થશે. લીગની ફાઈનલ 25 મેના રોજ યોજાય તેવી શક્યતા છે. હૈદરાબાદનું રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ કથિત રીતે પ્રથમ બે પ્લેઓફ મેચનું આયોજન કરશે, જ્યારે કોલકાતાનું ઈડન ગાર્ડન્સ બીજા પ્લેઓફ અને ફાઈનલનું સ્થળ હશે. ગયા વર્ષે જેદ્દાહમાં યોજાયેલી મેગા હરાજી પહેલા, IPL 2025 ની શરૂઆતની તારીખ 14 માર્ચ કહેવામાં આવી હતી, જો કે, હવે તે પુષ્ટિ કરવામાં આવી છે કે આગામી સિઝન 21 માર્ચ, 2025 થી શરૂ થશે અને 25 મે, 2025 સુધી ચાલશે.



# ઉત્રાણ રેલવે સ્ટેશને ૧૦ જેટલી ટ્રેનોને સ્ટોપેજ આપવા માંગ

## ZRUCC સભ્ય કલ્પેશ બારોટની જનરલ મેનેજર મિશ્રાને રજૂઆત

સુરત, તા.૧૧

ઉત્રાણ રેલવે સ્ટેશનો દશ જેટલી ટ્રેનોનું સ્ટોપેજ આપવા ZRUCC સભ્ય કલ્પેશ બારોટે વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રાને રજૂઆત કરી હતી. ZRUCC સભ્ય કલ્પેશ બારોટ અને ધનસુખ રાજપુતે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વેસ્ર્ટન રેલ્વેના જનરલ મેનેજર શ્રી અશોકકુમાર મિશ્રા ઈન્સ્પેકશન માટે સુરત પધારેલ ત્યારે ઉત્રાણ સ્ટેશન, સુરત રેલ્વે સ્ટેશન તેમજ ઉધના રેલ્વે સ્ટેશનનો પૂર્વ સાઈડનો ગેટ ખોલવા બાબતે રજૂઆત કરેલ હતી. તેમજ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના ઉત્રાણ રેલ્વે સ્ટેશનની આસપાસ ૧૨ લાખથી વધુ લોકો રહે છે. ઉત્રાણ રેલ્વે સ્ટેશન પર દરરોજ રૂ. ૧ લાખથી વધુની ટિકિટ બુક કરવામાં આવે છે, તેમ છતાં અમદાવાદ અને મુંબઈ તરફ જતી કોઈપણ મોટી ટ્રેન માટે કોઈ સ્ટોપેજ નથી. જેથી ૧૦ જેટલી ટ્રેનોને સ્ટોપેજ આપવું.



### આશરે રૂ.૪૦થી ૫૦ લાખ રળી આપતી

# ખેરગામ એપીએમસીનું આજે પણ સંચાલન ચીખલીથી થાય છે

## ખેરગામના લોકોની રજૂઆત કોઈ ગંભીરતાથી લેતુ નથી

ખેરગામ, તા.૧૧

ખેરગામ ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ચીખલી સંચાલિત ધરમપુર રોડ ઉપર માર્કેયાર્ડ આવેલું છે.જેમાં કેરીની સીઝનમાં કેરીનો વેપાર મોટાપાયે થતો આવ્યો છે,તેમજ આખા વર્ષ દરમ્યાન શાકભાજીનો વેપાર પણ મોટા પ્રમાણમાં ચાલે છે.ચીખલી તાલુકામાંથી વિભાજીત થઈને ખેરગામ તાલુકો અમલમાં આવ્યાને દશ વર્ષ કરતા વધુ સમય વીતી ગયો છે,પરંતુ ખેરગામને એપી એપ ીએમસીનો અલગ દરજ્જો લોકોની અનેક રજૂઆતો છતાં આજદિન સુધી પ્રાપ્ત થયો નથી.

ખેરગામ ધરમપુર રોડ ઉપર આવેલ સબ માર્કેટયાર્ડમાં કેરી તથા શાકભાજીનો વેપાર મોટા પ્રમાણમાં થતો આવ્યો છે.પરંતુ ખેરગામ અલગ તાલુકો આમલમાં આવ્યાને દશ વર્ષ કરતા વધુ સમય વીતી ગયો છે,છતાં આજે પણ ખેરગામ માર્કેટયાર્ડ ચીખલી એપીએમસી દ્વારા જ સંચાલન કરવામાં આવી રહ્યું છે.અને લોકો ખેરગામને એપ ીએમસીનો અલગ દરજ્જો ક્યારે પ્રાપ્ત થાય એની રાહ જોઈ રહ્યા છે.આમ તો ખેરગામ તેમજ આસપ ાસના દૂર દૂરના ગામોમાં ઉત્પ ાદિત શાકભાજી તથા કેરીના ખરીદ વેચાણ માટે ખેરગામનું માર્કેટયાર્ડ ખૂબ પ્રખ્યાત ગણાય છે,જયાં ૧૦૦ થી વધુ દુકાનો આવેલી છે અને અદ્યતન માર્કેટયાર્ડમાં જરૂરી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવેલી છે.તેમજ આસપાસના ગામોમાં કેરી અને શાકભાજીના પાકનું ખરીદ વેચાણનો મોટો વ્યાપાર થતો આવ્યો છે.પરંતુ ખેરગામને એપીએમસીનો અલગ દરજ્જો પ્રાપ્ત ન થવાનો રંજ આજે પણ આગેવાનો અને વેપારીઓને સતાવી રહ્યો છે.અલગ એપ ીએમસી માટે ખેરગામ વિભાગના આગેવાનોએ અનેક રજૂઆત પણ કરી હતી,પરંતુ ખેરગામ આજે પણ એપીએમસીના અલગ દરજ્જાથી વંચિત રહ્યું છે.ત્યારે નવસારી જિલ્લાના છેવાડે આવેલા ખેરગામ તાલુકાના ખેડૂતો અને વેપારીઓની સુખાકારી માટે ખેરગામનો એપ ીએમસીનો અલગ દરજ્જો મળે તેવા પ્રયાસો સરકાર તરફથી કરવામાં આવે એવી લોકોની માંગ ઉઠી છે.

ગામના ડેપ્યુટી સરપંચ જીજ્ઞેશભાઈ પટેલના જણાવ્યા મુજબ ખેરગામના માર્કેટયાર્ડનું આશરે ૪૦ થી ૪૫ લાખ જેટલી આવકનું ટર્ન ઓવર કરે છે. જેમાં શાકભાજી અને કેરીની આવક વધુ થાય છે.વધુમાં આસપાસના તાલુકાઓમાં શાકભાજીનું ઉત્પ ાદનમાં પણ ખેરગામ તાલુકામાં શાકભાજીનું બહોળું ઉત્પાદન થાય છે.ખેરગામ એપીએમસીમાંથી છેક સુરત, અમદાવાદ અને મુંબઈ સુધી શાકભાજી પહોંચાડવામાં આવે છે.આથી ખેરગામ એપીએમસી અલગ બને તો એનો સીધો લાભ ખેરગામ તાલુકાના ખેડૂતોને થઈ શકે છે.

કોંગ્રેસ સમિતિના પ્રમુખ સશીનભાઈ પટેલે જણાવ્યું કે અમે ગાંધીનગર સચિવાલયમાં જે તે સમયે એપીએમસી નિયામકને બેથી ત્રણ વાર રૂબરૂ મળી અને સહકાર મંત્રીને પણ જે તે સમયે રજુઆત કરી હતી,હાઈકોર્ટમાં પણ આ બાબતે અપીલ કરી હતી.એપ ીએમસી અલગ થાય અને સ્થાનિક ખેડૂતોનું ભલું થાય એ માટે અમે રાજકીય રીતે પણ જે ભોગ આપ વો પડે એના માટે તે સમયે પણ તૈયાર હતા અને આજે પણ તૈયાર છીએ.એપીએમસીને સૌથી વધુ આવક ખેરગામ તાલુકામાંથી પ્રાપ્ત થતી હોય અને સંચાલન બીજા કરે એ યોગ્ય નથી.

# ‘સાચી જોડણી લાગે વ્હાલી’ વિષયે પ્રબોધન વર્ગ વેબિનાર યોજાયો

## ભાષાસજ્જતા માટે નક્કર કાર્ય કરવાની જરૂર છે: રાજેશ ધામેલિયા

સુરત, તા.૧૧

ટૅક્નૉલૉજીનો સદુપયોગ શુદ્ધલેખનમાં ખૂબ મદદરૂપ થઈ શકે તેમ છે, ત્યારે સૌએ સાથે મળીને ભાષાસજ્જતા માટે નક્કર કાર્ય કરવાની જરૂર છે. – રાજેશ ધામેલિયા આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ એ ભાષાકીય અને સાંસ્કૃતિક વૈવિધ્યની જાગૃતિ અને બહુભાષીયવાદને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૨૧મી ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને આનંદાલયના સંયુક્ત ઉપક્રમે સમગ્ર ગુજરાતમાં ૪૦ જેટલા વિવિધ સ્થાનો પર માતૃભાષા સંવર્ધન કાર્યશાળાઓ આયોજિત થઈ રહી છે. આ પ્રત્યેક કાર્યશાળાનું સમાપન આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉત્સાહભેર ઉજવણી સાથે થશે. આનંદાલયના વિચારને મૂર્તિમંત કરનાર અને માનવીય સંવેદના અને ભારતીય સંસ્કૃતિના દરેક પાસાંની ખેવના કરનાર પ્રો. ડૉ. અતુલભાઈ ઉનાગર (અધ્યાપક ગુજરાત યુનિવર્સિટી – અમદાવાદ)ના સફળ પ્રયાસો થકી ભાષાસાધકો માટે ઑનલાઈન પ્રબોધન વર્ગો યોજવામાં આવી રહ્યા છે. જે અન્વયે તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ની રાત્રે માતૃભાષા સંરક્ષક અને પ્રચારક શ્રી રાજેશભાઈ ધામેલિયાનું પ્રબોધન યોજવામાં આવેલું હતું.

આ પ્રબોધન વર્ગમાં ૧૦૦થી વધુ ભાષાપ્રેમીઓ જોડાયા હતા. રાત્રે લગભગ ૮:૧૫ કલાકથી શરૂ થયેલ આ ઑનલાઈન પ્રબોધન વર્ગમાં શ્રી રાજેશભાઈ ધામેલિયા દ્વારા ‘સાચી જોડણી લાગે વહાલી’ એ વિષય અન્વયે આગમન પદ્ધતિથી સરળ, સહજ અને અસરકારક રીતે ગુજરાતી ભાષાની જોડણીના નિયમો સદ્રષ્ટાંત સમજાવવામાં આવ્યા હતા. આ વર્ગમાં ગુજરાતી ભાષા ઉપરાંત અંગ્રેજી ભાષાની શબ્દ રચનામાં લાગતા પ્રત્યયો અંગે પણ સમજૂતી આપવામાં આવી હતી. આ સમગ્ર સત્ર પ્રશ્ન-ચર્ચાના સ્વરૂપમાં યોજાયું હતું. તેમાં સહભાગીઓએ પ્રશ્નો પૂછીને વિષયનો તલસ્પર્શી અભ્યાસ કરેલો હતો. આ પ્રસંગે શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, “અંગ્રેજી સ્પેલિંગની સરખામણીમાં ગુજરાતી જોડણી ઘણી સહેલી છે. આપણે સાચા સ્પેલિંગ શીખવા જેટલા પ્રયત્નો કરીએ છીએ, તેટલી મહેનત સાચી જોડણી શીખવા કરીએ તો ઘણું શુદ્ધલેખન કરી શકીએ તેમ છીએ. ટૅક્નૉલૉજીનો સદુપયોગ શુદ્ધલેખનમાં ખૂબ મદદરૂપ થઈ શકે તેમ છે, ત્યારે સૌએ સાથે મળીને ભાષાસજ્જતા માટે નક્કર કાર્ય કરવાની જરૂર છે.”

આ સત્રનું સંચાલન શ્રીમતી વિરાજબહેન દેસાઈ (ગાંધીધામ) દ્વારા સુપેરે કરવામાં આવ્યું હતું. માતૃભાષા સંવર્ધન કાર્યશાળાઓના અભિભાવક મનીષાબહેન ગોધાણી (નવસારી), કાર્યશાળાઓના સમન્વયક વિજયસિંહ રાઠોડ (કપડવંજ) તેમજ સૌ માતૃભાષાપ્રેમીઓનો સહકાર સાંપડ્યો હતો.

# અંકલેશ્વર સંકટ મોચન હનુમાન મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત કથા

ખેરગામ, તા.૫

અંકલેશ્વરના બાપુનગર સ્થિત સંકટ મોચન હનુમાન મંદિરે કથાકાર ઈન્દ્રેશ મિશ્રા શ્રીમદ ભાગવત કથાનું રસપાન કરાવી રહ્યા છે. જેનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તો લાભ લઈ રહ્યા છે.

અંકલેશ્વરના બાપુનગર સ્થિત સંકટ મોચન હનુમાન મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિરના પટાંગણમાં તારીખ-છઠ્ઠી ફેબ્રુઆરીથી ૧૨મી ફેબ્રુઆરી સુધી શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કથાકાર ઈન્દ્રેશ મિશ્રા અમૃતમય વાણીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે.કથા શ્રવણનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તો લાભ લઈ રહ્યા છે.કથામાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ સહિતના પ્રસંગો ઉજવવવામાં આવ્યા હતા. આવતીકાલે હોમાત્મક યજ્ઞ અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.હનુમાન મંદિરમાં ૩૧માં પાટોત્સવની ઉજવણીના ભાગરૂપે આ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.



# ઓલપાડની શાળાઓમાં પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમને બહોળો પ્રતિસાદ

## તાલુકાની ૧૫૦થી વધુ શાળાઓમાં કાર્યક્રમનું પ્રસારણ

સુરત, તા.૧૧

ગતરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ‘પરીક્ષા પે ચર્ચા’નાં ૮માં વિઝન અંતર્ગત ગુજરાતભરની શાળાઓને સમાંતર ઓલપાડ તાલુકાની સરકારી, ગ્રાન્ટેડ તેમજ ખાનગી પ્રાથમિક શાળાઓ કાર્યક્રમમાં સહભાગી થઈ હતી.

તાલુકાનાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલનાં જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓ પરીક્ષાનો ડર રાખ્યા વગર તનાવમુક્ત પરીક્ષા આપી શકે તે માટેની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અભિનવ પહેલને તાલુકામાં ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

તાલુકાની સરકારી શાળા સહિત કુલ ૧૫૦ શાળાઓનાં ૧૯૫૭૪ જેટલાં વિદ્યાર્થીઓ, ૧૩૧૭ જેટલાં શિક્ષક ભાઈ-બહેનો સહિત ૨૧૦ જેટલાં વાલીજનોએ કાર્યક્રમને ઉત્સાહભેર નિહાળ્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

**પંજાબના**
**પહેલા પાનાનું ચાલુ**

AAP પ્રવક્તા નીલ ગર્ગે કહ્યું કે બેઠક ચંદીગઢમાં થાય કે દિલ્હીમાં, તે પાર્ટીની મરજી છે.

બેઠક માટે પહોંચેલા ધારાસભ્ય મનવિન્દર ગિયાસપુરાએ કહ્યું કે માત્ર મુખ્યમંત્રી જ એજન્ડા જણાવશે. અમને વાતચીત માટે બોલાવવામાં આવ્યા છે. જે પણ જરૂર પડશે, અમે દેશના કલ્યાણ માટે કામ કરીશું.

જ્યારે અરવિંદ કેજરીવાલે પંજાબની બહાર બેઠક બોલાવી ત્યારે કહ્યું કે તેઓ અમારી પાર્ટીના સુપ્રીમો છે. અમે અમારા કપૂરથલા હાઉસમાં મીટિંગ કરી રહ્યા છીએ.

**કર્ણાટક ભાજપ**
**પહેલા પાનાનું ચાલુ**

અને પૂર્વ મુખ્યમંત્રી અને સાંસદ બસવરાજ બોમાઈને કમાન સોંપવામાં આવે. આ નેતાઓ બોમ્મઈને મળ્યા છે અને પોતાના વિચારો રજૂ કર્યા છે. જો કે, બોમ્મઈએ કહ્યું છે કે તેઓ પાર્ટી હાઈકમાન્ડના નિર્ણયનું પાલન કરશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, વિજયેન્દ્રને હટાવવાના પ્રયાસો લોકસભા ચૂંટણી પછી શરૂ થઈ ગયા હતા. જો કે, પાર્ટીએ હવે તેની નોંધ લીધી અને ફરિયાદ કરનારાઓને નોટિસ ફટકારી છે.વિજયેન્દ્ર કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાના પુત્ર છે. ધારાસભ્ય બસનાગૌડા પાટિલ યતનાલ, બીપી હરીશ, ભૂતપૂર્વ ધારાસભ્ય કુમાર બંગારપ્પા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી જીએમ સિદ્ધેશ્વર સહિત ઘણા નેતાઓએ તેમની વિરુદ્ધ કર્ણાટકના પ્રભારી રાધામોહન દાસ અગ્રવાલને ફરિયાદ કરી હતી.એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ભૂતપૂર્વ મંત્રી અને ધારાસભ્ય રમેશ જારકીહોલી મીડિયામાં વિજયેન્દ્ર અને તેમના પિતા યેદિયુરપ્પા વિરુદ્ધ સતત નિવેદનો આપી રહ્યા હતા. તેઓ કેટલાક નેતાઓ સાથે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે પણ મુલાકાત કરી ચૂક્યા છે. જો કે, સૂત્રોનો દાવો છે કે તેમને પાર્ટીના નેતાઓ દ્વારા ઠપકો આપવામાં આવ્યો છે.

**ગ્વાટેમાલામાં**
**પહેલા પાનાનું ચાલુ**

સુધી સમાપ્ત થયું ન હતું.બસ રેલિંગ તોડીને પુલ પરથી પડી ગઈ ફાયર વિભાગે જણાવ્યું હતું કે ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવી દીધો હતો. આ પછી, બસ અનેક વાહનો સાથે અથડાઈ, રેલિંગ તોડી અને પુલ પરથી પડી ગઈ. બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે. અકસ્માતના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે.

**અમેરિકાની**
**પહેલા પાનાનું ચાલુ**

દેશના આર્થીક અને સલામતી વ્યુહો વિરુદ્ધનો વ્હાઈટ હાઉસે ગણાવ્યો હતો.આ કાનૂન અમેરિકી કંપનીઓ વિદેશમાં કોઈ સરકાર કે તેના અધિકારીઓ કે કોઈ એજન્ટને લાંચ કે તે પ્રકારની સુવિધા આપવા પર પ્રતિબંધ મુકતો હતો અને તેમાં આકરી જેલ સજાની જોગવાઈ હતી. આ કાનૂનમાં ૧૯૮૮માં સુધારો થયો અને વિદેશી કંપનીઓ અમેરિકામાં આ પ્રકારે લાંચ આપે તો તેને પણ કાનૂન હેઠળ આવરી લેતો હતો.જેમાં વ્યક્તિ અને કોર્પોરેટ બન્નેને આ કાનૂન હેઠળ આવરી લેતો હતો જેમાં નવ માસની જેલ સજા ૨૫૦૦૦૦ સુધીનો ડોલરનો દંડ અથવા જે નાણાકીય લાભો મેળવાય છે તેના ત્રણ ગણા દંડની જોગવાઈ છે.

**મહાકુંભમાં**
**પહેલા પાનાનું ચાલુ**

પ્રયાગરાજના કોઈપણ સ્ટેશન પર વધુ પડતી ભીડ એકઠી ન થવી જોઈએ. પરિવહન નિગમની મેળા સ્પેશિયલ ટ્રેનો અને વધારાની બસો દોડાવવી જોઈએ. દરેક ભક્તને તેમના ઘરે સુરક્ષિત રીતે પહોંચાડવાની જવાબદારી આપણી છે.

**બીલીમોરા શહેરમાં તા.૨૦મીએ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વી. શાહ જાયન્ટ્સ હોલ, બીલીમોરામાં કાર્યરત રહેશે. સુગમતા માટે દર્દીઓએ પોતાના નામ જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરાના પ્રમુખ જા. પ્રા. બી. એચ. પટેલ (મો. ૯૮૨૫૬ ૬૩૧૮૧), વહીવટી નિયામક જા. નિરવ ટી. ટેલર (મો. ૮૧૪૦૧ ૪૯૧૪૯) તથા પ્રોજેક્ટ ચેરમેન જા. હસમુખભાઈ એમ. પટેલ (મો. ૯૯૦૪૪ ૦૦૬૮૪)ને નોંધાવવાનું જણાવવામાં આવે છે.

**ભરૂચમાં ૧૬મીએ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પ્રતિનિધિઓ અને અન્ય ઉદ્યોગપતિઓ જોડાશે અને વિવિધ સત્રોમાં સંવાદ દ્વારા સુરક્ષા અને સ્થિર વિકાસ માટે રાજ્યના ઉદ્યોગોને મહત્વપૂર્ણ દિશા પ્રદાન કરશે. સાથે સમગ્ર ઉદ્યોગ જગતમાં નવા વિચારો અને ઉકેલો માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે. ઉદ્યોગોમાં સલામતી સુધારણા અને દુર્ઘટનાઓ નિવારણ માટે અહીં મહત્વપૂર્ણ માર્ગદર્શન મળશે.

**યુપીએલ યુનિ.માં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ખેલદિલીને પ્રોત્સાહિત કરતી અને વ્યક્તિત્વને સુધારવા માટે WINSTINCT ની ઉજવણી કરે છે. યુનિવર્સિટીનો ઉદ્દેશ્ય તેના વિદ્યાર્થીઓમાં તંદુરસ્ત સ્પર્ધા અને મિત્રતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે. આ ઈવેન્ટનો બીજો વધુ મહત્વનો ભાગ આ યુનિવર્સિટીમાંથી શ્રેષ્ઠ ખેલાડીઓને શોધવાનો છે જેઓ કોઈપણ ચોક્કસ રમતગમતની ઈવેન્ટ સાથે સંબંધિત રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સ્તરની રમતોમાં પણ ભાગ લઈ શકે છે.

**વેસ્ટર્ન રેલવેના જીએમ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

૪ - હાલમાં સુરત રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર રેલ્વે મુસાફરોને ઉભા રહેવા માટે લોખંડનો શેડ નથી, જેના કારણે ઉનાળામાં રેલ્વે મુસાફરો ગરમીથી પીડાઈ રહ્યા છે. રેલ્વે મુસાફરોના હિતમાં, હું તમને વિનંતી કરું છું કે સુરતના પ્લેટફોર્મ નંબર ૪ પર લોખંડનો શેડ બનાવવાની મંજૂરી આપો.

૫ - સુરતના ઉધના રેલ્વે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૬ પરથી આવતી અને જતી બધી ટ્રેનોના મુસાફરો માટે પ્લેટફોર્મની ઊંચાઈ બાકીના પ્લેટફોર્મ કરતા ઓછી છે, જેના કારણે વરિષ્ઠ નાગરિકો, ગર્ભવતી મહિલાઓ અને દિવ્યાંગ મુસાફરોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે મુસાફરો સાથે મોટો અકસ્માત થવાની સંભાવના છે. આ બાબતને ધ્યાનમાં રાખીને, રેલ્વે વહીવટીતંત્ર દ્વારા આ મુદ્દાનો ઉકેલ લાવવો જોઈએ.

૬ - પશ્ચિમ રેલ્વે દ્વારા મુંબઈથી દિલ્હી દોડતી રાજધાની એક્સપ્રેસ અને ઓગસ્ટ ક્રાંતિ એક્સપ્રેસનો ઈમરજન્સી ક્વોટા વધારવો જોઈએ. આ ટ્રેન શરૂ થઈ ત્યારથી, સુરતમાં ઈમરજન્સી ક્વોટાની સંખ્યા એ જ રહી છે અને સાહેબ, તમે જાણો છો કે સુરત સમગ્ર ભારતમાં ઔદ્યોગિક શહેર અને ડાયમંડ સિટી તરીકે પ્રખ્યાત છે અને હવે આપણા શહેરની વસ્તી બમણી થઈ ગઈ છે, આને ધ્યાનમાં રાખીને, હું તમને નમ્ર વિનંતી કરું છું કે સુરત શહેરમાં ઉપરોક્ત બંને ટ્રેનોમાં ઈમરજન્સી ક્વોટાની સંખ્યા વહેલી તકે વધારો.

૭ - કોરોના પહેલા, આપણા પશ્ચિમ ઝોનમાં ચાલતી મોટાભાગની ટ્રેનોમાં, ઉચ્ચ અભ્યાસ માટે એક શહેરથી બીજા શહેર જતી મહિલાઓ અને કોલેજની વિદ્યાર્થિનીઓએ મોટી સંખ્યામાં સીઝન પાસ લઈને ટ્રેનમાં મુસાફરી કરવી પડતી હતી, પરંતુ તે માટે, કોરોના પહેલા, બધી ટ્રેનોમાં અભ્યાસ કરતી મહિલાઓ અને વિદ્યાથીઓ (પાસ ધારકો) માટે અલગ કોચ હતા, પરંતુ કોઈ કારણોસર તે બંધ થઈ ગયું છે, પરંતુ તે બધી ટ્રેનોમાં તાત્કાલિક શરૂ થવી જોઈએ. જેથી મહિલાઓ અને અભ્યાસ કરી રહેલા હજારો વિદ્યાર્થીઓ (પાસ ધારકો) ને મુસાફરી દરમિયાન ઓછામાં ઓછી મુશ્કેલીઓનો સામનો કરવો પડે.

૮ - આપણા પશ્ચિમ ઝોનના બરોડા વિભાગમાં, બરોડા રેલ્વે સ્ટેશનથી દોડતી ટ્રેન નં. ૬૯૧૦૧ બરોડા મેમુ ટ્રેન અને ટ્રેન નં. ૫૯૫૪૯ સંકલ્પ સુપરફાસ્ટ ટ્રેન વટવા રેલ્વે સ્ટેશન સુધી દોડાવવામાં આવે છે, હું તમને વિનંતી કરું છું કે તેને અમદાવાદ વિભાગના મણિનગર સુધી દોડાવો. તમે જાણો છો કે ઉપર આપેલી બંને ટ્રેનો મોટાભાગે કામ કરતા લોકો દ્વારા ઉપયોગમાં લેવાય છે. વટવા રેલ્વે સ્ટેશનથી મણિનગર રેલ્વે સ્ટેશન સુધી આ ટ્રેન દોડાવવાથી હજારો કામ કરતા રેલ મુસાફરોને ફાયદો થશે.

૯- કોરોના કાળ દરમિયાન પશ્ચિમ રેલ્વે દ્વારા વલસાડ દાહોદ ઈન્ટરસિટી ટ્રેન બંધ કરવામાં આવી હતી. સાહેબ, હું તમને વિનંતી કરું છું કે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો હંમેશા તે ટ્રેનમાં મુસાફરી કરતા હતા, આ ટ્રેન હંમેશા રેલ મુસાફરોથી ભરેલી રહેતી હતી. સાહેબ, મારું માનવું છે કે આ ટ્રેન ફરી શરૂ થવી જોઈએ જેથી આપણું રેલ્વે વહીવટીતંત્ર વધુ આવક મેળવી શકે અને આ રૂટ પર મુસાફરી કરતા તમામ રેલ મુસાફરોને તેનો લાભ મળે.

૧૦ - મારું માનવું છે કે વલસાડ રેલ્વે સ્ટેશનથી દોડતી વલસાડ વડનગર એક્સપ્રેસ ટ્રેનને અંકલેશ્વર રેલ્વે સ્ટેશન પર સ્ટોપેજ મળવું જોઈએ, જેનાથી રેલ્વે મુસાફરો અને ભરૂચ અને આસપાસના ગામડાઓમાં રહેતા લોકોને મોટી રાહત મળશે.

**જંગલ મોડલ આધારિત**
**પેજ-૨ પાનાનું ચાલુ**

મળે છે, તેમજ પાણીની બચત થાય છે. આ ઉપરાંત, જમીનની ભેજ સંગ્રહશક્તિ પણ વધે છે. જેથી જમીન બંજર થતી નથી. પ્રત્યેક વર્ષમાં સારો પાક મેળવી શકાય છે.

સરકાર દ્વારા મળેલી આર્થિક સહાય વિશે વાત કરતા કહે છે કે, રાજ્ય સરકારની ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ થકી અમારા જેવા છેવાડાના ખેડૂતો આર્થિક રીતે પગભર બન્યા છે. જંગલ મોડલ આધારિત ખેતી માટેનું મોડેલ ફોર્મ બનાવવા સરકાર દ્વારા રૂ.૧૩,૫૦૦ ની સહાય પ્રાપ્ત થઈ છે. ઉપરાંત, ગાય આધારિત ખેતી કરતો હોવાથી રાજ્ય સરકારની ગાય નિભાવ યોજના થકી વર્ષે રૂ.૧૦,૮૦૦ ની સહાય પ્રાપ્ત થઈ છે.

**આપઘાત-ખંડણી**
**છેલ્લા પાનાનું ચાલુ**

હતું. પોતાને તેની હોટલમાં કામ કરતી નયના ભરત ઝાલાએ હની ટ્રીપ માં ફસાવી રૂપિયા પાંચ લાખની ખંડણીની માંગણી કરી હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું. આ પ્રકરણમાં વરાછા પોલીસે પત્ની નયના ઝાલા, પતી ભરત ઝાલા, જેઠ અનુભાઈ ઉર્ફે કાનજી ઝાલા અને જેઠાણી નયના અનુભાઈ ઝાલા ની ગત બપોરે ૩:૩૦ વાગે ધરપકડ કરી હતી. આજે તમામને બપોર પછી કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી શકે છે એવું વરાછા પોલીસે જણાવ્યું હતું.

**મૃતક દિકરીના**

**છેલ્લા પાનાનું ચાલુ**

પુનમદેવી સાંદેશભાઈ મહોતો ઉ.વ.૩૩એ ગઈ કાલે સાંજના સમયે પોતાના ફ્લેટના બેડરૂમમાં ફાંસો ખાઈ લીધો હતો. પુનમદેવીને લગ્ન જીવન થકી ૪ વર્ષિય બાળકી નીશા હતી. નીશાને હૃદયની બિમારી હોય એક વર્ષ અગાઉ તેનું નિધન થયું હતું. માસુમ બાળકીના મોતનો આઘાત સહન ન કરી શક્તા પુનમદેવી સતત માનસિક તણાવ અનુભવતી હતી અને તેને બ્લડ પ્રેશરની બિમારી થતા તે કંટાળી ગઈ હતી. જેને પગલે તેણે આત્યાંતિક પગલું ભરી લીધું હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

**પુણામાં ગેસ બોટલમાં**
**છેલ્લા પાનાનું ચાલુ**

લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલને રૂમને કરવામાં આવતા પુણા ફાયર સ્ટેશનના અધિકારીઓ અને જવાનો ઘટના સ્થળે ધસી ગયા હતા. જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવી આગને બુઝાવી નાંખી હતી. આગને કારણે ઘર વખરી સહિત ફર્નિચર બળી ગયું હતું.

**પરિણીતાના ભરણ પોષણ**
**છેલ્લા પાનાનું ચાલુ**

પરત સાસરીમાં આવેલ નથી, અરજદાર પત્ની કેરીયર ઓરીએન્ટલ માઈન્ડ ધરાવતા આવેલા છે. અરજદાર પત્ની વ્યાજબી કારણો વગર સામાવાળા પતિનો ત્યાગ કરીને પિયરે રહે છે, અરજદાર પોતે પોતાનું ભરણપોષ કરવા માટે સક્ષમ છે. અરજદાર પત્નીને ત્રાસ આપેલ નથી કોર્ટે બંને પક્ષની દલીલો ધ્યાને લઈ અરજદારની નવો ફ્લેટ લઈ આપવાની, ડીલીવરી ખર્ચ ચુકવવાની, પુત્રનો નિભાવ ખર્ચ ચુક્વી આપવાની માંગણીને નામંજુર કરેલી.

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
પ્રેસનોટ તથા જાહેરખબરો
માટે સંપર્ક કરો
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 .
Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## ફાઉન્ટેન હેડ સ્કૂલનો ફેરવેલ પાર્ટી વિવાદ : કાર ચાલકો સામે મોટર વ્હીકલ એક્ટ અન્વયે કાર્યવાહી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

ફાઉન્ટેન હેડ સ્કૂલ ના વિદ્યાર્થીઓએ ફેરવેલ પાર્ટી સંદર્ભે રોડ શો કરી સીન સપાટા કરવાની ઘટનામાં પાલ પોલીસ મોટર વ્હિકલ એક્ટની કલમ ૨૦૭ હેઠળ કાર ડ્રાઈવરો સામે કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. આજે બપોર સુધી પાન પોલીસે કુલ ૧૩ કાર જ કબજે કરી છે. આગામી દિવસોમાં પાલ પોલીસ ફાઉન્ટેન હેડ સ્કૂલના સંચાલકોનું નિવેદન પણ નોંધશે તેવું પણ જાણવા મળ્યું છે.

ફાઉન્ટેન હેડ સ્કુલના ધો.૧૨ના વિદ્યાર્થીઓએ પોતાનો વિદાય સમારંભ સ્ટાઈલ અંદાઝમા બનાવવા આયોજન કર્યુ હતું. વિદ્યાર્થીઓએ પાલ પોલીસ સ્ટેશનની હદમાં ૩૦ જેટલી લક્ઝરીયસ કારના કાફલા સાથે નીકળ્યા હતા. જોર જોરથી કારમાં મ્યુઝિક વગાડવાની સાથે પોતાનું જીવ જોખમમાં મૂકી ચાલુ કારમાંથી બહાર નીકળીને સીન સપાટી પણ કર્યા હતા. આ ઉપરાંત ટ્રાફિક નિયમોનું પણ સરેઆમ ભંગ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે ટ્રાફિક ડીસીપી અમિતા વાનાણીએ તપાસના આદેશ આપ્યા હતા જેથી પાલ પોલીસે મોટર વ્હીકલ એક્ટની કલમ ૨૦૭ મુજબ કારચાલકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આરટીઓ મેમો આપવામાં આવ્યા હતા. અત્યાર સુધી પોલીસે ૧૩ કાર કબજે લીધી છે. નોંધનીય છે કે આ ઘટનાને લીધે શિક્ષણ આલમમાં શિસ્ત બદ્ધ ગણાતી ફાઉન્ટેન હેડ સ્કૂલ સામે અને સંચાલકો સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે.

### આજે પોલીસે વધુ એક કાર કબ્જે કરી, જરૂર જણાશે તો આ મુદ્દે સ્કૂલના સંચાલકોનું પોલીસ નિવેદન લેશે

## સુરતની સરકારી કચેરીઓ પાસે હેલ્મેટ ડ્રાઈવ



ડીજીપી વિકાસ સહાયનાં આદેશને પગલે આજે સુરત પોલીસ દ્વારા સરકારી કચેરીઓ પાસે તૈનાત થઈ હેલ્મેટ પહેર્યા વગર ટુ વ્હીલર ઉપર આવનારા સરકારી કર્મચારીઓ સામે ટ્રાફિક નિયમન અંતર્ગત કાર્યવાહી કરી હતી. આજથી શરૂ કરવામાં આવેલી હેલ્મેટ ડ્રાઈવમાં થોકબંધ સરકારી બાબુઓ હેલ્મેટ વગર ઝડપાયાં હતા.

## સરકારી કર્મચારીઓ માટે ફરજીયાત હેલ્મેટ ડ્રાઈવમાં અનેક કર્મચારીઓ ઝડપાયા ગયા

### ડીજીપી વિકાસ સહાયના આદેશ બાદ આજે સવારથી જ સુરત પોલીસની ટીમો સરકારી કચેરીઓ પાસે ગોઠવાઈ ગઈ હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

હાઈકોર્ટના કડક વલણને પગલે ડીજીપી વિકાસ સહાયે સરકારી કર્મચારીઓ માટે ફરજીયાત હેલ્મેટનો આદેશ કરતા આજે સવારથી જ સુરત શહેરના કલેક્ટ્રાલય, પોલીસ ભવન સહિતના તમામ સરકારી ઓફિસો પાસે જ પોલીસનો કાફલો તૈનાત થઈ ગયો હતો અને હેલ્મેટ વગર વાહન લઈને આવનારા અધિકારી કર્મચારીઓની સામે ટ્રાફિક અધિનિયમ હેઠળ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

અત્રે નોંધનીય છે કે, જ્યારે જ્યારે હેલ્મેટ બાબતે હાઈકોર્ટ દ્વારા કડક વલણ અખત્યાર કરવામાં આવે છે. ત્યારે સ્થાનિક પોલીસ પ્રશાસન દ્વારા હેલ્મેટ ફરજીયાતની ડ્રાઈવ રાખવામાં આવે છે. અગાઉ પણ સરકારી કચેરીઓ પાસે હેલ્મેટ અંગે ડ્રાઈવ રાખવામાં આવી હતી. વાહન ચલાવવા માટે હેલ્મેટ પહેરવું ફરજીયાત હોવા છતાં પણ ખાસ કરીને સુરત શહેરમાં મોટા ભાગનાં લોકો હેલ્મેટ પહેરતા નથી. થોડો સમય પોલીસ ચેકીંગથી લોકો હેલ્મેટ તો પહેરે છે. ત્યારબાદ પોલીસનું દબાણ હટી જતા ફરીથી લોકો હેલ્મેટને ઘરના ખુણામાં મુકી દે છે.

આજે સવારથી જ સુરત પોલીસનીટીમો સરકારી કચેરીના મુખ્ય ગેટ પાસે ગોઠવાઈ જઈ હેલ્મેટ પહેર્યા વગર વાહન ચલાવતા સંખ્યાબંધ સરકારી કર્મચારીઓની સામે હેલ્મેટના કાયદાનું ઉલ્લંઘન કરનારાને દંડ સહિતની કાર્યવાહી કરી હતી. સરકારી કર્મચારીઓ ફરજીયાત હેલ્મેટ પહેરીને ટુ વ્હીલર વાહન ચલાવે એ માટેની આ વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ સાથે લોકો પણ ટુ વ્હીલર વાહન હેલ્મેટ પહેરીને ચલાવે અને હેલ્મેટના નિયમનું પાલન ફરજીયાત કરવું પડશે.



વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રાએ સ્થાનિક રેલ પ્રશાસનના અધિકારીઓ સાથે સુરત અને ઉધના રેલવે સ્ટેશનના વિકાસ કામોનું નિરીક્ષણ કરી સમીક્ષા કરી હતી. તેમજ સ્થાનિક રેલ અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી.

## સરથાણાની કિશોરીને લગ્નની લાલચ આપી પ્રેમી ભગાડી ગયો

### આરોપી પ્રેમી વિરુદ્ધ કીસ કરી છેડતી કર્યાની ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

સરથાણા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષિય સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી જઈ ગાલ ઉપર કીસ કરી છેડતી કરી હોવાનો ગુનો એબાદ ઉલ્લા જાકીરહુસેન વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર સરથાણા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષિય સગીરાને એબાદઉલ્લા જાકીરહુસેન નામના આરોપીએ મિત્રતા કેળવ્યા બાદ પ્રેમ જાળમાં ફસાવી તેણીને લગ્ન કરવાની લાલચ આપી હતી. સગીરાને સારા નરસાનું ભાન ન હોય એબાદઉલ્લા તેને ગઈ તા.૯મીના રોજ રાત્રિના સમયે પોતાની સાથે લઈ ગયો હતો. જ્યાં સગીરા સાથે શારીરિક અડપલા કરાયા હતા. સગીરાના પરિવારને આ અંગે જાણ થતા ગત રાત્રે સરથાણા પોલીસ મથકમાં એબાદઉલ્લા વિરૂધ્ધ પોક્સો તેમજ છેડતીની કલમો હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ ઈન્સ્પેક્ટર કે.એ.ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

## બારડોલીમાં પત્નીના અપમૃત્યુ કેસમાં પતિ વિરુદ્ધ ફરિયાદ

### તારા મારી સાથે બીજા લગ્ન છે તેમ કહી બિસ્મીલ્લા ત્રાસ ગુજારતો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

બારડોલીના રાજીવ નગર ખાતે રહેતી ૨૪ વર્ષિય પરિણીતાએ પતિના ત્રાસને કારણે આત્મહત્યા કરી લીધી હતી. બીજા લગ્ન કરનાર ૨૪ વર્ષિય પરિણીતાના મોત બાદ તેના પરિવારે આ મામલે ગઈકાલે પતિ વિરૂધ્ધ આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર બારડોલી રાજીવ નગર ગલી નં.૨ ખાતે મર્જીના બિસ્મિલા શેખ ઉ.વ.૨૪ પતિ સાથે રહેતી હતી. મર્જીનાએ પતિ બિસ્મીલ્લા સાથે બીજા લગ્ન કર્યા હતા. દરમિયાન પતિ તુ મારી સાથે બીજા લગ્ન કરી આવી છે. તારી સાથે રહેવાથી મને કોઈ ફાયદો નથી તેવા મ્હેણા ટોણા મારીને ત્રાસ આપી જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો. જેથી મર્જીનાએ ગઈ તા.૧૨ જાન્યુઆરીના રોજ ઝેરી દવા પી લીધી હતી. તેને બારડોલીની સરદાર હોસ્પિટલમાં લઈ જવાઈ હતી જ્યાં ગઈ તા.૨૨ જાન્યુઆરીના રોજ તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ મામલે શબાના શાહનવાઝ પિંજારીએ મૃતક મર્જીનાના પતિ બિસમીલ્લા વિરૂધ્ધ બારડોલી પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો હતો.

## આપઘાત-ખંડણી કેસમાં આરોપીઓના વિડીયો રેકોર્ડિંગ કબજે કરતી પોલીસ

### જેઠ-જેઠાણી અને પતિ-પત્ની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

વરાછા મીની બજાર ભાત ની વાડી ખાતે આવેલ ગિરિરાજ રેસ્ટોરન્ટ ના માલિક ની હની ટ્રેપ અને ત્યારબાદ માંગવામાં આવેલી રૂપિયા પાંચ લાખની ખંડની પ્રકરણમાં વરાછા પોલીસે ગતરોજ બપોર પછી બે મહિલા અને બે પુરુષ સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કર્યા બાદ સોમવારે બપોર પછી ઝાલા પરિવારના ચાર આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા હતા. અદાલતે આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. જોકે વરાછા પોલીસે ચારેય આરોપીઓ પાસેથી વિડિયો રેર્કોડિંગ કર્યું હોવાની વિગત પણ પોલીસે આપી હતી.

આ કેસની વિગતો એવી છે કે, કામરેજના પાસોદરા પાટીયા ખાતે આવેલ નવકાર એવન્યુ સોસાયટીમાં રહેતા અને વરાછા મીની બજાર ભાતની વાડી ખાતે ગીરીરાજ રેસ્ટોરન્ટ ના માલિક યોગેશ જાગ્યા એ ગત બુધવારના રાત્રે ૯:૦૦ વાગ્યાના વિડીયો રેર્કોડિંગ સાઢુભાઈ દિપક રાણા ને મોકલ્યું હતું જેમાં પોતે કામરેજ બ્રિજ પરથી સુસાઈડ કરી રહ્યા નું જણાવ્યું

અનુસંધાન પાના ૭ પર

## આરટીઓ કચેરીના ઈન્સ્પેક્ટરોની હડતાળ સમેટાઈ જતાં રાબેતા મુજબ કામકાજ શરૂ

### સરકારે પડતર પ્રશ્નોના ઉકેલની ખાતરી આપતા રાજ્યવ્યાપી હડતાળ સંકેલી લેવાય

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

સુરત સહિત રાજ્યભરના આર.ટી.ઓ. કચેરીના ઈન્સ્પેક્ટર અને આસિ. ઈન્સ્પેક્ટરોની હડતાલ સમેટાઈ જવા પામી છે. સરકારે તેમના પડતર પ્રશ્નો અંગે નિરાકરણ લાવવા બાંયધરી આપતા આરટીઓના મોટર વ્હીકલ્સ ડિપાર્ટમેન્ટના ટેકનિકલ ઓફિસર એસોસિએશન દ્વારા હડતાલ સમેટી લેવાનો નિર્ણય લેવામાં આવતા ૧૨:૦૦ વાગ્યા પછીના કામકાજ રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવ્યા હતા.પ્રોબેશન પિરીયડમાં હેરાનગતિ, લાંબા સમયથી અટવાયેલા પ્રમોશન, ખોટી ખાતાકીય તપાસો બંધ કરવા અંગે, ઈલેક્શનને લગતી કોઈપણ કામગીરી અટકાવવી નહી, પેન્ડીગ અને અનિયમિત ટ્રાન્સફર, સાત દિવસ સતત રાત પાળી જેવા મુદ્દાઓનુ ઘણા સમયથી રજૂઆત થતાં નિરાકરણ નહીં આવતા આરટીઓના મોટર વ્હીકલ્સ ડિપાર્ટમેન્ટના ટેકનિકલ ઓફિસર એસોસિએશને સતત હડતાલ પર જવાની અને જ્યાં સુધી તેમની માંગણી ન સંતોષાય ત્યાં સુધી કામકાજથી અળગા રહેવા જાહેરાત આપી હતી. જેથી સુરત સહિત ગુજરાત ની આરટીઓ કચેરીના ઈન્સ્પેક્ટર અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરો હડતાલ પર ઉતર્યા હતા. બીજી તરફ આ હડતાલના કારણે આરટીઓ કચેરીમાં આવતા અરજદારો પણ અટવાયા હતા. ગઈકાલે આરટીઓ અધિકારીઓએ નો લોગીન ડે ઉજવી સરકારનો જબરજસ્ત વિરોધ કર્યો હતો અને આગામી ૧૫ તારીખે માસ સીએલ પર પણ ઉતારવાના હતા. દરમિયાન આજે સરકારે આરટીઓ અધિકારીઓ સાથે મીટીગ યોજી હતી અને તેમના પડતર પ્રશ્નો અંગે આગામી દિવસોમાં નિરાકરણ લાવવાની બાંયધરી આપી હતી.

જેથી આરટીઓના મોટર વિકલ્પ ડિપાર્ટમેન્ટના ટેકનિકલ ઓફિસર એસોસિએશન હડતાલ સમેટી લેવાનો નિર્ણય લીધો હતો જેથી આરટીઓ કચેરીના કામો પણ રાબેતા મુજબ શરૂ થઈ ગયા હતા

## મૃતક દિકરીના વિરહમાં બ્લડ પ્રેશરની તકલીફથી પીડાતી માતાનો આપઘાત

### કામરેજ ગામ ખાતે રહેતી પુનમદેવીએ ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

કામરેજ ગામ ખાતે રહેતી મહિલાએ બ્લડ પ્રેશરની બિમારીથી કંટાળી જઈ પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. કામરેજ પોલીસે આ મામલે નોંધ લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, આત્મહત્યા કરનાર મહિલાની ૪ વર્ષની દિકરીને હૃદયની બિમારી હતી જે એક વર્ષ અગાઉ મોતને ભેટી હતી. ત્યારબાદ મહિલા સતત તણાવમાં રહેતી હતી અને તેને બ્લડપ્રેશરની તકલીફ ઉભી થઈ હતી. કામરેજ પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર મુળ બિહારના ચંપારણ જિલ્લાના વતની અને હાલ કામરેજ ગામ દિપ એવન્યુ એપાર્ટમેન્ટમાં રહેતી

અનુસંધાન પાના ૭ પર

## પુણામાં ગેસ બોટલમાં આગ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

પુણાગામમાં આવેલ એક સોસાયટીના મકાનમાં ગેસ રેગ્યુલેટરમાં લીકેજ બાદ આગ લાગી જતા ફાયર બ્રિગેડ દોડતું થયું હતું. ફાયર બ્રિગેડના સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર પુણાગામ નાલંદા સ્કુલની આગળ આવેલી એક સરગમ સોસાયટીના એક મકાનમાં આજે સવારે રસોડામાં મુકેલા રાંધણ ગેસના રીફીલનું રેગ્યુલેટર લિકેજ થતા આગ

અનુસંધાન પાના ૭ પર

## પરિણીતાના ભરણ પોષણ ખર્ચની માંગણીને નકારતી કોર્ટ

### પતિ તરફે એડવોકેટ પ્રિતી જોષીની દલીલો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

અડાજણ ખાતે રહેતી અરજદાર પરીણીતા રજંના શાસ્ત્રીના લગ્ન ઓલપાડ મકામે રહેતા વિપુલ શાસ્ત્રી સાથે સને : ૨૦૧૨ ના રોજ થયેલા. બંને પક્ષકારોને લગ્નજીવન થકી એક પુત્રનો જન્મ થયેલો જે અરજદાર માતા પાસે રહે છે. લગ્ન બાદ પણ અરજદાર પત્ની સ્કુલમાં ટીચર તરીકે નોકરી કરતા આવેલા અને લગ્ન બાદ પણ પત્નીએ સુરત મુકામે નોકરી શરૂ રાખેલ. અરજદાર પત્નીની નોકરી સુરત મુકામે હોય, સામાવાળા પતિને શરૂઆતથી જ સુરત મુકામે તેમના રહેવા આવી જવા માટે જીદ કરતા આવેલા, અરજદાર પરીણીતા નોકરી ઉપર જાય ત્યારબાદ પોતાના પિયરે જતા અને ત્યારબાદ સાસરીમાં આવતા અને મોટે ભાગે અરજદાર પરીણીતા પોતાના પિયરે જ રોકાઈ જતા આવેલા અને અ બાબતને લઈને અરજદાર અને સામાવાળા વચ્ચે તર-તકરારો થતી આવેલી.

અરજદારે સામાવાળા પતિ અને પતિના પરીવારજનો ઉપર સુરત ફેમીલી કોર્ટમાં ભરણપોષણનો દાવો અને સુરત ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં ઘરેલું હિંસાની અરજી દાખલ કરેલી. આ કેસમાં પતિ તરફે એડવોકેટ પ્રીતિ જીગ્નેશ જોષી તથા સંદિપ આર. પટેલ હાજર થયેલા. જેમાંથી ભરણપોષણનો કેસ સુરત ફેમીલી કોર્ટમાં ચાલી જતા. અરજદાર પરીણીતાની ભરણપોષણની માંગણી રદ કરવામાં આવેલી અને! ઘરેલું હિંસાની અરજીમાં અરજદારે એક બે બેડરૂમ વાળો ફ્લેટ લઈ આપવાની માંગણી કરેલી, ડિલીવરીનો ખર્ચ ચકવવાની માંગણી કરેલી બાળકના ઉછેર ખર્ચની માંગણી કરેલી તે કાઢી નાંખવામાં આવેલી અને અરજદાર પરીણીતાને માસિક રૂપિયા ૫૦૦૦ - ઘરભાડુ ચુકવવા સામાવાળા પતિને આદેશ કરેલ. સામાવાળા પતિ તરફે ઘરેલું હિંસાના કેસમાં બચાવ લેવામાં આવેલો કે પત્ની રાજિખુશી સીમત વિધી કરીને ગયા બાદ

અનુસંધાન પાના ૭ પર

## વેપારી સાથેની ઠગાઈ કેસમાં ત્રણ આરોપીના જામીન મંજુર

### રૂા.૧.૫૮ કરોડની ઠગાઈ થઈ હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૧

રિંગરોડ રાધે ટેક્સટાઈલ્સ માર્કેટના વેપારી પાસેથી કાપડનો માલ ખરીદી રૂ.૧.૫૮ કરોડની ઠગાઈ આચરવાના કેસમાં સંડોવાયેલા ત્રણ કાપડ વેપારીના આગોતરા જામીન સુરત કોર્ટે મંજુર કર્યા હતા. બચાવ પક્ષે સિનીયર વકીલ રિધ્ધીશ મોદી અને મુકુંદ રામાણી હાજર રહ્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, આ કેસની વિગત એવી છે કે, કાપડ વેપારમાં ઉઠમણુ કરાવવાની છાપ ધરાવતા કાપડ દલાલ રમેશ ઝાલા ઉર્ફે રણમલ ફોગા ઝાલા(ડભોલી તેમજ અમરોલી)ના કહેવા મુજબ ઉધના ત્રીકમનગર ક્રિષ્ના એપાર્ટમેન્ટમાં રહેતા અને પ્રતિષ્ઠા ફેશનના નામે ધંધો ?કરતા વિનય જૈને સુરત શહેરના મહેશ ઝાલા સહિત ૧૫થી વધુ વેપારીઓને કાપડનો માલ આપ્યો હતો. પરંતુ વેપારીઓએ ૧.૫૮ કરોડનુ પેમેન્ટ ચુકવ્યુ ન હતું. કાપડ દલાલ રમેશ ઝાલાએ પણ હંમેશની જેમ હાથ ઉંચા કરી દીધા હતા. જેથી વિનય જૈને કાપડ દલાલ રમેશ ઝાલા સહિત ૧૫થી વધુ વેપારીઓ સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં સંડોવાયેલા ધનશ્રી ટેક્સના કાપડ વેપારીઓ દિનેશ સોહનલાલ જોષી,મેહુલ માલકિયા અને ધનલક્ષ્મી ફેશનના પ્રોપરાઈટર સંજય સંતોષ સીરસાટે આગોતરા જામીન અરજી કરી હતી. જે કોર્ટે મંજુર કરી હતી.

## વાપી કરવડ ગામમાં ભંગારના ૧૮ ગોડાઉનમાં ભીષણ આગ

(પ્રતાપ પ્રતિનિધિ) વાપી, તા.૧૧

વાપી જીઆઈ ડી સી. ઔદ્યોગિક વસાહત ધરાવતા વિસ્તાર ને લઈ ભંગારીયા નો રાફડો ફાટી નીકળ્યો છે. ગેર કાયદે વેપલો કરનારા ભંગાર ના ધંધા માં કોઈ પણ પ્રકાર ની સલામતી અને સુરક્ષા ના પગલાં લીધા વગર મોટા મોટા ગોડાઉન ઊભા કરી દેતાં? આગ ની ઘટનાં બનવી સામાન્ય બની છે. પ્રશાસન દ્વારા કરેલ લાપરવાહી નું પરિણામ ક્યારેક જીવલેણ સાબિત થાય તો? નવાઈ નથી. માર્ચ મહિના ની શરુઆત થતાં પેહલા ભંગાર ના ગોડાઉન માં આગ લાગવાની ઘટનાં નિરંતર બનતી હોય છે.



જેનું કારણ સમજવું મુશ્કેલ છે. ઉદ્યોગ પતિઓ દ્વારા ખરાબ કેમિકલ વાળા ડ્રમ ની ચકાસણી કર્યા વગર ભંગાર ના વેપારી ઓ ને સ્ક્રેપ પધરાવી દેવાની ચેસ્ટા કરવા ને લઈ આ પ્રકાર ના સંગ્રહ કરેલા સ્ક્રેપ માં અચાનક આગ લાગતી હોય છે. ભંગાર ના ધંધા કરનારા કારીગરો દ્વારા ડ્રમ ને ગેસ વેલ્ડિંગ થી કાપવા જતા પણ ઘણી વાર આગ ની ઘટનાં બનતી હોય છે. એ માટે જીપીસીબી અધિકારી નું નિયત મોનીટરીંગ કરવાની જરુર છે. ઝેરી કેમિકલ બનાવતી કંપની પાસે નિયમો નું પાલન કરાવી સ્ક્રેપ માં આપેલ ચીજ વસ્તુઓ ની નોંધ કરી જે તે વિભાગ ને જાણ કરવી જોઈએ. પરંતુ "રામ રાજ્ય માં પ્રજા સુખી" જેવા મુહાવરા અહીં સાર્થક બન્યાં છે. એક સાથે ૧૮.ભંગાર ના ગોડાઉન માં આગ લાગવી કોઈ સામાન્ય ઘટનાં ના કહી શકાય? વાપી તેમજ આસપાસ ના વિસ્તારો માં ગેર કાયદે ભંગાર ના ગોડાઉન ની તપાસ કરી સલામતી અને સુરક્ષા નું ચુસ્ત પણે પાલન થાય એવા પગલાં પ્રશાસન દ્વારા લેવાની જરુર છે. જેથી જીવલેણ ઘટનાં બનતી અટકી શકે? આગ ને લઈ પર્યાવરણ ઊપર માઠી અસર પેદા થાય? એટલુંજ નહીં આંખ માં બળતરા ની પણ ફરિયાદો પણ ઉઠતી હોય છે. નજીક ના ફાયરબ્રિગેડ જવાનો ની ટીમ દ્વારા ભારી જહેમત બાદ આગ ઉપર કાબુ કરવામાં આવ્યો.